વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
(ISO 9001:2015 - Approval No. 00044220)

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

એક વૈશ્વિક વિચારધારા

Published on - 01 September 2026 | ₹ 50-00

તંત્રી- પ્રો. ડો. જે. એમ. પનારા
Editor- Prof. Dr. J. M. Panara

Vishv UMIYA Foundation
આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ



# ખુશીઓનું સમર્પણ - મા ઉમિયાને અર્પણ

પ્રિય વાચકો..., વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળે, નવી નોકરી પ્રાપ્ત થાય, નવો વ્યવસાય શરૂ થાય, નવું મકાન કે કાર લઈએ, લગ્ન પ્રસંગ, મેરેજ કે એનિવર્સરી, સંતાનનો જન્મ કે જન્મ દિવસની ઉજવણી તથા જીવનમાં કોઈપણ યાદગાર ખુશીનો પ્રસંગ આવે ત્યારે આપણે સૌ પ્રથમ માતા-પિતા અને ઈશ્વરને યાદ કરીએ છીએ. જગત જનની મા ઉમિયાની કૃપાથી પ્રાપ્ત થયેલી આ ખુશીઓને જો તેમના ચરણોમાં દાનરૂપે સમર્પિત કરવામાં આવે, તો તે માત્ર વ્યક્તિગત આનંદ નથી રહેતો, પરંતુ સમાજ અને સાંસ્કૃતિ પ્રત્યેની આપણી કૃતજ્ઞતા બની જાય છે. માના ચરણોમાં સમર્પિત દરેક અર્પણ, જીવનમાં નવી સફળતાના દ્વાર ખોલે છે.આ પવિત્ર ભાવનાને પ્રોત્સાહન આપવા માટે **'ઉમાસૃષ્ટિ'** મેગેઝિનમાં દર મહિને **"ખુશીઓનું સમર્પણ - મા ઉમિયાને અર્પણ"** નામનો વિશેષ વિભાગ પ્રગટ કરવામાં આવશે, જેમાં દાન સમર્પિત કરનાર દાતાશ્રીનો ફોટો તથા પ્રસંગની ટૂંકી નોંધ પ્રકાશિત કરવામાં આવશે. આ વિભાગ દ્વારા અમે આ તમામને બિરદાવીશું :

**આપ ક્યા પ્રસંગે સમર્પણ કરી શકો ?** ● પરીક્ષામાં સફળતા ● નવી નોકરી / પ્રમોશન ● નવું મકાન (ગૃહ પ્રવેશ નિમિત્તે), ઓફિસ ● નવી કાર / વાહન ● બાળકનો જન્મ ● જન્મ દિવસ ● મેરેજ એનિવર્સરી ● લગ્ન પ્રસંગ ● વ્યવસાયની નવી શરૂઆત ● જીવનનો કોઈપણ શુભ પ્રસંગ

**આ પહેલનો હેતુ** ● મા ઉમિયા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી. ● આગામી પેઢીમાં સમર્પણ અને સંસ્કારની ભાવના વિકસાવવી. ● સમાજમાં સકારાત્મક અને ધાર્મિક પ્રેરણા ફેલાવવી ● "ખુશી મળે ત્યારે માતાને યાદ કરીએ" એવી સુંદર પરંપરા સ્થાપિત કરવી. જીવનના દરેક શુભ પ્રસંગને જગત જનની મા ઉમિયાના આશીર્વાદ સાથે જોડવાનો સંકલ્પ સમાજમાં આધ્યાત્મિકતા અને દાનનીભાવના બંનેને પ્રોત્સાહન આપશે. **આપને હાર્દિક અપીલ :** આપના જીવનમાં જ્યારે પણ કોઈ ખુશીની ક્ષણ આવે, ત્યારે તે આનંદનો એક અંશ/ દાન સ્વરૂપે જગત જનની મા ઉમિયાના ચરણોમાં સમર્પિત કરીને આ પવિત્ર અભિયાનનો ભાગ બનો. **આપનું નાનામાં નાનું સમર્પણ પણ સંસ્કારની મોટી શરૂઆત બની શકે છે. "માતાની કૃપાથી મળેલી ખુશી, માતાના ચરણોમાં અર્પિત કરીએ"** તમારો ફોટો, પ્રસંગની ટૂંકી માહિતી અને સમર્પણ (દાન)ની વિગત વિશ્વ ઉમિયાધામ કાર્યાલયમાં મોકલવા વિનંતી. તમારા પરિવારની શુભ ક્ષણોને મા ઉમિયાના આશીર્વાદ સાથે જોડો અને સમાજ માટે પ્રેરણારૂપ બનો.

## વિશિષ્ટ સિદ્ધિ સન્માન

પ્રિય વાચકો, ઉમાસૃષ્ટિના આગામી અંકથી આપણે "વિશિષ્ટ સિદ્ધિ સન્માન" નામથી ગૌરવવંતો નવો વિભાગ શરૂ કરી રહ્યા છીએ. સમાજની તેજસ્વી પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા અને તેમના ગોરવને વધારવા માટે આ નવો વિભાગ ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આ વિભાગ અંતર્ગત આપણા સમાજના એવા રત્નોને સ્થાન આપવામાં આવશે જેમણે પોતાની મહેનતથી વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરી હોય.

**કઈ વિગતો મોકલી શકાશે ? :** વિશિષ્ટ સિદ્ધિઓ : શિક્ષણ, આરોગ્ય, રમત-ગમત, સાહિત્ય કે સાંસ્કૃતિક ક્ષેત્રે જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્રિય કક્ષાએ વિજેતા બનેલા અથવા વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તો તેની વિગત. કોઈ ઉચ્ચ પદવી કે એવોર્ડ મળ્યો હોય, સંશોધન ક્ષેત્રે (પીએચડી વગેરે) સફળતા મળી હોય અથવા સમાજનું ગૌરવ વધારે તેવો કોઈ વિશિષ્ટ પ્રસંગ. ઉપરોક્ત સિદ્ધિઓ મેળવનારની વિગત ફોટોગ્રાફ સાથે અને મા ઉમિયાના આશીર્વાદ સાથે પ્રસિદ્ધ કરવામાં આવે છે. **આ માટે અહીં આપેલ QR કોડ સ્કેન કરીને ફોર્મમાં જરૂરી વિગતો ભરીને સબમીટ કરો. વધુ માહિતી માટે આપેલ નંબર પર સંપર્ક કરો. ફોન : ૭૨૦૨૦ ૮૦૩૩૩/૨૨૨**

## બાલસૃષ્ટિ વિભાગ માટે એક નવી પહેલ

વ્હાલા બાળકો..., 'બાલસૃષ્ટિ' વિભાગમાં બાળકો પોતાના ચિત્રો, ક્રાફ્ટ, વાર્તા, બાળગીતો, ક્વીઝ, વર્લ્ડ સર્ચ તથા કવિતા મોકલી શકે છે, પરંતુ એ બધું બાળકોએ જ બનાવેલું - લખેલું હોવું જોઈએ.

**આ માટે અહીં આપેલ QR કોડ સ્કેન કરીને ફોર્મમાં જરૂરી વિગતો ભરીને સબમીટ કરો. વધુ માહિતી માટે આપેલ નંબર પર સંપર્ક કરો. ફોન : ૭૨૦૨૦ ૮૦૩૩૩/૨૨૨**

Mayflower
WOMEN'S HOSPITAL

# ELEVATING WOMEN'S HEALTH WITH INNOVATION & CARE

Mayflower Hospital is home to countless advancements in women's healthcare across endometriosis, obstetrics, fertility, dermatology, and beyond



## THE EXPERTISE OF OUR TEAM.

**Endometriosis Clinic** by Mayflower

World's best centre for advanced endometriosis diagnosis, laparoscopic excision surgeries and fertility-enhancing treatments.

**MAYFLOWER AESTHETICS**

Effective skincare, pelvic floor rejuvenation and anti-ageing solutions backed by dermatologists and gynecologists.

**Fertility Solutions** by Mayflower WOMEN'S HOSPITAL

A unique, advanced egg and embryo freezing centre with world-class embryology labs and personalised protocols.

**Obstetrics Clinic** by Mayflower WOMEN'S HOSPITAL

24/7 pregnancy care with advanced fetal monitoring, painless delivery options, and expert perioperative support.

**85,000+** Surgeries

**1 Lac+** Happy women

**20,000+** Fertility Enhancing Surgeries

**21+** Years of Care

+91 6352 800 850 | care.mayflowerhospital.com | www.mayflowerhospital.com

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

# ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ | એક વૈશ્વિક વિચારધારા

**સપ્ટેમ્બર ૦૧, ૨૦૨૬**

**September 01, 2026**

**વર્ષ : ૦૫, Year : 05**

**સળંગ અંક : ૫૨ Ank : 52**

**માલિક :** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

**Owner :** Vishv Umiya Foundation





**પ્રમુખ :** આર. પી. પટેલ

**President :** R. P. Patel





**તંત્રી -** પ્રો. ડો. જે. એમ. પનારા

**Editor -** Prof. Dr. J. M. Panara

**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ

**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી : Consultant**

પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ | પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ

Padmashri-Devendra Patel | Padmashri-Dr. Kumarpal Desai

**સંપાદક મંડળ: Editor Board :**

ડો. હર્ષદ પટેલ — Dr. Harshad Patel

ડો. અશોક પટેલ — Dr. Ashok Patel

ડો. ઉત્પલ પટેલ — Dr. Utpal Patel

ડો. રૂપલ પટેલ — Dr. Rupal Patel

**સહસંપાદક :**

ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia

**કલાનિર્દેશક :**

ભાવિક પટેલ **Art Director :** Bhavik Patel



**લવાજમ :**

દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂા. ૫૦૦૦

પાંચ વર્ષ : રૂા. ૩૦૦૦

વિદેશમાં આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર

પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**

For India : Life Time (10 Year) Rs. 5,000

5 Year : Rs. 3,000

For USA : Life Time (10 Year) 500 $

5 Year : 300 $



**ઈ-મેઈલ/e-mail:** umasrushti@vuf.org

**Mobile :** +91 7202080222/333

**રજિ. ઓફિસ :**

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**

Vishv Umiya Foundation - Vishv Umiyadham, Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road, Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721



**મુદ્રક અને પ્રકાશક :**

**મુદ્રક :** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**

**Printed by** Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad & **Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham Jaspur, Kalol, Gandhinagar


વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ

Vishv UMIYA Foundation

# અનુક્રમણિકા


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના |
|---|---|---|---|
| ૧. | વેદોનો દિવ્ય સંદેશ | પ્રહલાદભાઈ પટેલ (કામેશ્વર) | ૦૫ |
| ૨. | ગર્વ માતૃભાષાનો કેમ નહીં ? | પ્રમુખશ્રીની કલમે | ૦૬ |
| ૩. | શ્રી રામચરિતમાનસ કથાસાર | ડો. પ્રભુદાસ પટેલ | ૦૮ |
| ૪. | મહાદેવ : જટામાં ગંગા, કંઠમાં વિષ અને હૃદયમાં વિશ્વ | ડો. જીતેન્દ્રકુમાર વી. પટેલ | ૦૯ |
| ૫. | ભગવાન શ્રીરામના અશ્રુબિંદુ | શ્રી ભાણદેવજી | ૧૧ |
| ૬. | ખગોળશાસ્ત્ર અને પંચાંગ ગણિત મુજબ શ્રાવણ માસ | ભૂપેન્દ્રભાઈ ધોળકિયા | ૧૩ |
| ૭. | ગણેશ ચતુર્થી : આસ્થા એકતા અને ભક્તિ.. | પ્રો. ડો. જે. એમ. પનારા | ૧૪ |
| ૮. | શિક્ષણની દિશા - પુનઃ વિચારીએ | ગુલાબભાઈ જાની | ૧૭ |
| ૯. | અબ્રાહમ લિંકનનો શિક્ષકને પત્ર | ભગવાનજીભાઈ કાનાણી | ૧૮ |
| ૧૦. | પરદેશ વસતી દીકરીનો પપ્પાને પત્ર | ડો. ભાવેશ જેતપરિયા | ૧૯ |
| ૧૧. | દામ્પત્યજીવન મધુર કેમ બને ? | શ્રીમતી ગીતા ઉનડકટ | ૨૧ |
| ૧૨. | ગૃહિણી એટલે (માત્ર) ઘર જ ? | પ્રિ. સોમાભાઈ વી. પટેલ | ૨૩ |
| ૧૩. | ક્રોધ : ભીતરમાં વસતો યમરાજ | પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ | ૨૫ |
| ૧૪. | પડકારને પડકારો | પ્રફુલ્લ કાનાબાર | ૨૭ |
| ૧૫. | જીવનમાં નડતરરૂપ સામાજિક પ્રથાઓ.... | ડો. મફતલાલ પટેલ | ૨૮ |
| ૧૬. | ઘર એટલે લીલીછમ લાગણીઓનું ઉપવન | હરજીવન રંગપરિયા | ૩૦ |
| ૧૭. | રોડની ખુલ્લી છાતી ઉપર થુંકતા અને ફૂંકતા આદિમાનવો | રસિક પટેલ | ૩૨ |
| ૧૮. | આંદામાન - નિકોબાર પ્રવાસ | પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી | ૩૪ |
| ૧૯. | મેદસ્વિતા અને મહિલાઓમાં વંધ્યત્વ | ડો. નયન પરાલિયા | ૩૭ |
| ૨૦. | આંગણાનો ઉત્પાદક બાગ | હીરજી ભીંગરાડિયા | ૩૯ |
| ૨૧. | અભિમાની ટામેટું | ગિરા પિનાકીન ભટ્ટ | ૪૨ |
| ૨૨. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૪ |
| ૨૩. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૪૮ |


⌘ ⌘ ⌘



**પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)**
લેખક VUFના ઉપપ્રમુખ, ધાર્મિક સાહિત્ય સંપાદક, શિક્ષણકાર અને વિવિધ સેવા યજ્ઞોના ઊંચા ગજાના દાતા છે.

# વેદોનો દિવ્ય સંદેશ

**वि मे कर्णा पतयतो वि चक्षुर्वींदे ज्योतिर्हदय आहिंत यत् ।**
**वि मे मनश्चरति दूरआधीः किंम स्विद्वक्ष्यामि किमु नू मनिष्ये ॥** (ઋગ્વેદ ૬/૯/૬)

**ભાવાર્થ :** મનુષ્યની ઈન્દ્રિયો ક્યારેય એક જ દિશામાં સ્થિર રહેતી નથી. અવસર મળતાં જ તે વિષયો તરફ આકર્ષાય છે. એટલા માટે મનુષ્યે પોતાની ઈન્દ્રિયોની વિષયવાસના વૃત્તિથી બચવા માટે હંમેશા સાવધાન રહેવું જોઈએ.

**સંદેશ :** મન પરનો સંયમ બધા માટે જરૂરી છે. આત્માની ઉન્નતિ કરવા ઈચ્છતી દરેક વ્યક્તિ સાથે તેનો ગાઢ સંબંધ છે. આંતરિક જીવનના પાલન માટે તથા ધર્મના વ્યાવહારિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા માટે મનની આ પ્રકારની સમસ્યાઓ સામે લડવું જ પડે છે. મનના નિયંત્રણ વગર મનુષ્યનું અથવા સમાજના ગુણાત્મક વિકાસનું પાયાનું કાર્ય યોગ્ય રીતે ક્યારેય પરિપૂર્ણ થઈ શકતું નથી.

ધાર્મિક ક્ષેત્રમાં તો મનને એકાગ્ર બનાવી રાખવું ખૂબ જ અઘરું છે. આંખ બંધ કરીને જપ કે ધ્યાનમાં બેસીએ છીએ ત્યારે બધી જ ઈન્દ્રિયો જાણે કે તેનો વિદ્રોહ કરવા માટે તૂટી પડે છે. આંખ, કાન, નાક થોડોક સંકેત મળતાં જ વિચલિત થઈને આમતેમ ભટકવા માંડે છે અને મન તો જાણે ક્યાંના વિચારો પોતાની તિજોરીમાંથી બહાર કાઢીને બેસી જાય છે. ભગવાનનું નામ લેવામાં ધ્યાન લાગવું મુશ્કેલ બની જાય છે. આપણા વ્યાવહારિક ક્ષેત્રમાં પણ આપણી આવી જ સ્થિતિ થાય છે. કોઈ પણ કાર્ય આપણે યોગ્ય રીતે કરી જ નથી શકતા. મન ચારેય બાજુ ભટકવા લાગે છે અને અંતે કામ બગડી



જવાથી ખૂબ દુઃખ અને પસ્તાવો થાય છે.

મનની ચંચળ અવસ્થા ભય, વાસના અને અપવિત્રતાના કારણે જ થાય છે. એનાથી આપણા અંતઃકરણમાં એકાગ્રતા અને તન્મયતાની જ્યોતિ આમતેમ ડોલવા લાગે છે અને છેવટે બુઝાઈ જાય છે. મનને ભોગવિલાસની પાછળ દોડવા દઈને તથા ઈન્દ્રિયોના ગુલામ બનીને આપણે એવી દુઃખદાયક પરિસ્થિતિ પેદા કરીએ છીએ કે જેનાથી આત્માની સ્વાધીનતા નષ્ટ થઈ જાય છે. ઈન્દ્રિયો પરનો સંયમ અને પવિત્ર જીવન જ આપણને મુક્તિ અપાવે છે. આધ્યાત્મિક જીવન સંઘર્ષ અને પરિશ્રમથી ભરપૂર એક કઠોર જીવન છે. આપણે મુક્તિ અને નિર્ભયતા ઈચ્છીએ છીએ, પરંતુ જ્યાં સુધી આપણે આપણી ઈચ્છાઓ અને લાલસાઓ સાથે જોડાયેલા રહીશું ત્યાં સુધી આ બાબત શક્ય નથી.

મનની આ ચંચળતાને એક નિયમિત દિનચર્યાના પાલન દ્વારા ઘણા પ્રમાણમાં ઘટાડી શકાય છે. તેના માટે સુવ્યવસ્થિત રીતે વિચારવાની અને તે પ્રમાણે કાર્ય કરવાની ટેવ પાડવી જોઈએ. વ્યક્તિત્વનાં બધાં અંગોમાં સંપૂર્ણ ઐક્ય સધાવું જોઈએ. તેના માટે સૌથી વધારે મહત્ત્વની બાબત ચિત્તશુદ્ધિને માનવામાં આવે છે. સૌથી પહેલાં સંયમને પ્રાથમિકતા આપીને બીજી વધારે ગંદકીને મનમાં દાખલ થતી અટકાવવી જોઈએ. સાથે સાથે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને જૂની મૂઢ માન્યતાઓ તથા દોષદુર્ગુણોને દૂર કરવાં જોઈએ. ચિત્તશુદ્ધિની પ્રક્રિયા ધીમી હોય છે, પરંતુ સતત અભ્યાસ દ્વારા એ શક્ય બને છે.

મનને કાબૂમાં લેવું એ આંતરિક રૂપથી ખૂબ જ આનંદની રમત છે. તેમાં હારી જવાની શક્યતા હોવા છતાં પણ એક ખેલાડી જેવી મનોવૃત્તિ રાખીને આ રમતનો ભરપૂર આનંદ લૂંટવો જોઈએ. આ ખેલ રમવા માટે આપણામાં યોગ્ય કૌશલ્ય, સતર્કતા, વિનોદપ્રિયતા, સહૃદયતા, રણનીતિનું જ્ઞાન, ધીરજ અને શૌર્ય જેવા ગુણોના વિકાસની જરૂર છે. આ ગુણો સેંકડો સફળતાઓ મળવાં છતાં પણ આપણને નિરાશામાંથી ઉગારી લે છે. આ આત્મબળની જ કમાલ છે. ■

## પ્રમુખશ્રીની કલમે

# ગર્વ માતૃભાષાનો કેમ નહીં ?



**આપણે ગુજરાતીઓ પણ કમાલ છીએ, નહીં?** ફાફડા-જલેબીની વાત આવે ત્યારે છાતી ફુલાવીને કહીએ છીએ - અમે ગુજરાતી ! નવરાત્રિમાં નવ દિવસ ગરબે ઘૂમીએ ત્યારે આખી દુનિયાને કહીએ છીએ કે આ અમારી સંસ્કૃતિ છે. પણ એ જ ગુજરાતી માણસ, જ્યારે કોઈ ઓફિસમાં, કોઈ પાર્ટીમાં કે કોઈ પેરેન્ટ્સ મીટિંગમાં કડકડાટ અંગ્રેજી ન બોલી શકે, ત્યારે અંદરથી શરમ અનુભવે છે અને ભૂલથી પોતાનું બાળક અંગ્રેજીમાં અટકે તો માતા-પિતાને પરસેવો વળી જાય છે. અંગ્રેજી ભાષા ન આવડે તો શરમ કેમ આવે છે? આ શરમ આપણને જન્મથી નથી મળી. એ શીખવવામાં આવી છે. દોઢસો વર્ષની ગુલામીએ આપણા મનમાં એક સમીકરણ બેસાડી દીધું - અંગ્રેજી એટલે ઉપલો વર્ગ, દેશી ભાષા એટલે નીચલો વર્ગ. અંગ્રેજો ગયા, પણ આ સમીકરણ રહી ગયું. આજે એ સમીકરણ ભાષાનું ઓછું અને સ્ટેટસનું વધારે છે.

**ધ્યાનથી જુઓ તો ખબર પડશે -** અંગ્રેજી ઘણી વાર વાતચીત માટે નહીં, પોતાની આવડતના પ્રદર્શન માટે વપરાય છે. જે માણસ શુદ્ધ ગુજરાતી બોલે એને "ગામડિયો" કહેવાય છે અને જે તૂટ્યું-ફૂટ્યું પણ અંગ્રેજી બોલે એ "સ્માર્ટ" ગણાય છે. હવે આની સામે યુરોપ જુઓ. ફ્રાન્સ, જર્મની, ઇટાલી, સ્પેન - આ દેશોમાં તમે અંગ્રેજી બોલો અને જો તે લોકો અંગ્રેજી ન સમજી શકે તો શરમ એમને નથી આવતી અને જો આપણે તેમની માતૃભાષા ન બોલી શકતા હોઈએ તો, જાણે આપણે અભણ હોઈએ તેવી રીતે આપણી સામે જોતાં હોય છે. આ બધા દેશના ફૂટબોલરોને તો અંગ્રેજીનો A પણ નથી આવડતો હોતો, છતાં પણ ઇન્ટરવ્યૂમાં તેમની માતૃભાષા બોલતા શર્માતા નથી, ગર્વથી પોતાની માતૃભાષામાં વાત કરે છે. જાપાન, કોરિયા, ચીન - દુનિયાની ટોચની અર્થવ્યવસ્થાઓ - પોતાની ભાષામાં ભણે છે, પોતાની ભાષામાં સંશોધન કરે છે અને પોતાની ભાષામાં દુનિયા સાથે વેપાર કરે છે. એમની પ્રગતિ ભાષા છોડવાથી નથી થઈ, ભાષા સાચવીને થઈ છે. તો પછી આપણે જ કેમ માની લીધું કે આગળ વધવા માટે પોતાનું મૂળ કાપી નાખવું પડે ?

અહીં એક વાત બહુ ચોખ્ખી કરી લઈએ, જેથી કોઈ ગેરસમજ ન રહે. હું કે સંસ્થા અંગ્રેજી વિરોધી જરાય નથી. અંગ્રેજી આજે વૈશ્વિક ભાષા છે. વિજ્ઞાન, ટેકનોલોજી, વ્યાપાર, સંશોધન, ઇન્ટરનેટ - બધે એનું ચલણ છે. વ્યક્તિગત વિકાસ માટે, નોકરી માટે, વિદેશ જવા માટે, દુનિયા સાથે જોડાવા માટે અંગ્રેજી શીખવું આજના સમયની જરૂરિયાત છે. જે માતા-પિતા પોતાના બાળકને અંગ્રેજી શીખવે છે એ બાળકના ભવિષ્ય માટે યોગ્ય અને આવશ્યક જ છે. પણ સવાલ એ છે - અંગ્રેજી શીખવા માટે ગુજરાતી ભૂલવું ફરજિયાત છે ? મગજમાં બે-ત્રણ ભાષા સાથે રહી શકે છે. દુનિયામાં કરોડો લોકો બહુભાષી છે અને એ એમની નબળાઈ નહીં, પણ તાકાત છે. ખરો પ્રશ્ન અંગ્રેજીના સમાવેશનો નથી, પરંતુ ખરો પ્રશ્ન ગુજરાતી ભુલાઈ ન જાય એનો છે. આજે મોટા ભાગનાં માતા-પિતા પોતાનાં બાળકોને અંગ્રેજી માધ્યમની શાળામાં મૂકવાનું પસંદ કરે છે. સમયની માંગ પ્રમાણે એ બરાબર પણ છે.

**પણ હવે પોતાના હૃદય પર હાથ મૂકીને એક પ્રામાણિક સવાલ પૂછો: એ બાળકોમાંથી કેટલાં ગુજરાતી વાંચી શકે છે?**

વાંચવાની વાત તો બાજુ પર રહી, સાહેબ. ઘણી શાળાઓમાં તો બાળક ગુજરાતી બોલે તો એને **"ઇંગ્લિશ ઓન્લી"** ના નામે ટોકવામાં આવે છે, અથવા સજા કરવામાં આવે છે. વિચારો - બાળકને એની પોતાની માતૃભાષા બોલવા બદલ સજા થાય, આ કેટલા હદે યોગ્ય છે? એનું આ બધાનું પરિણામ ઘરમાં દેખાય છે. બાળક ઘરે આવીને હિન્દી કે અંગ્રેજી બોલે છે. પછી આખો પરિવાર - દાદા, દાદી, મમ્મી, પપ્પા - બાળક જોડે વાત કરવા માટે ભાંગ્યું-તૂટ્યું હિન્દી-અંગ્રેજી બોલવા લાગે છે. દાદા-દાદી પોતાની જ ભાષામાં પોતાના પૌત્ર કે પૌત્રી સાથે વાત નથી કરી શકતા. દાદા-દાદીની વાર્તાઓ, એમની કહેવતો, એના ઉખાણાં, એના હાલરડાં - આ બધું બાળક સુધી પહોંચતું જ નથી. આ કોઈ નાનું નુકસાન નથી. આ એક આખી પેઢીનો સાંસ્કૃતિક - સંબંધ તૂટવાની ઘટના છે.

માતૃભાષાની હિમાયત ઘણી વાર "ભાવનાત્મક વાત" ગણીને બાજુ પર મૂકી દેવાય છે. પણ એની પાછળ નક્કર કારણો છે. બાળક જે ભાષામાં વિચારે છે, એ જ ભાષામાં એને સૌથી સારી રીતે સમજાય છે. ગણિતનો દાખલો કે વિજ્ઞાનનો સિદ્ધાંત જો પહેલાં માતૃભાષામાં સમજાય, તો એ ગોખવો નથી પડતો. UNESCO વર્ષોથી પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં આપવાની ભલામણ કરે છે અને ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ પણ શરૂઆતનાં વર્ષોમાં માતૃભાષા માધ્યમ તરીકે રાખવાની હિમાયત કરે છે.

**ભાષાશાસ્ત્ર કહે છે કે પહેલી ભાષા મજબૂત હોય તો બીજી ભાષા શીખવી સહેલી બને છે, અઘરી નહીં.** જે બાળક ગુજરાતીમાં સ્પષ્ટ વિચારી અને સમજી શકે છે, એ અંગ્રેજીમાં પણ સ્પષ્ટ લખતાં અને બોલતા શીખી જશે. જેનો માતૃભાષાનો પાયો નબળો છે, તેનો બીજી ભાષાનો પાયો પણ નબળો જ રહેશે. જે બાળક પોતાની ભાષા બોલવામાં શરમ અનુભવે છે, એ ધીરે ધીરે પોતાના ઘર, પોતાના પરિવાર અને છેવટે પોતાના મૂળથી શરમાવા લાગે છે અને જે માણસ પોતાના મૂળથી શરમાય, એ ગમે તેટલી ડિગ્રીઓ મેળવે, અંદરથી અધૂરો રહે છે.

મગનું નામ મરી ન પાડવું", "ઝાઝા હાથ રળિયામણા", "ના મામા કરતાં કાણો મામો સારો" આ કહેવતોમાં વડીલોની શીખ અને સંસ્કાર ભરેલા છે. એનો અંગ્રેજી અનુવાદ થઈ શકે, પણ એમાં શું એ આપણી ગુજરાતી સંસ્કૃતિ, વડીલોના સંસ્કારનો સમાવેશ થઈ શકે? હવે વિચારવાનું તમારે છે કે આપણે આપણી સંસ્કૃતિનું જતન કરીએ છીએ ખરા? ભાષા જ્યારે નાશ પામે છે ત્યારે માત્ર શબ્દકોશ નાશ નથી પામતો, નાશ પામે છે એક વિચારવાની રીત, નાશ પામે છે એક આખી સંસ્કૃતિ.

**ભારતનાં ઘણાં રાજ્યોમાં લોકો પોતાની ભાષા માટે અત્યંત આગ્રહી છે.** તમિલનાડુ, કર્ણાટક, મહારાષ્ટ્ર, બંગાળ - ત્યાં ભાષા માત્ર સંવાદનું સાધન નથી, અસ્મિતાનો પ્રશ્ન છે. એમની દુકાનોનાં પાટિયાં, એમની ફિલ્મસ, એમનું સાહિત્ય - બધામાં પોતાની ભાષાને પ્રાધાન્ય આપે છે. અને આપણે ગુજરાતી? જ્યાં અંગ્રેજી જોયું નથી કે આંધળી દોટ મૂકી નથી. પાશ્ચાત્ય સંસ્કૃતિથી તરત જ પ્રભાવિત થઈ જઈએ છીએ. ગુજરાતી પ્રજા સ્વભાવે સહિષ્ણુ છે. આપણે ભારતની દરેક ભાષાને માન આપીએ છીએ. દેશના કોઈ પણ ખૂણેથી આવેલા માણસને ગુજરાત આવકારે છે અને એ ગુજરાતી તરીકે આપણી સૌથી મોટી તાકાત છે. પણ ઉદારતા અને ઉદાસીનતા વચ્ચે ફરક છે. બીજાની ભાષાને માન આપવું એ ઉદારતા છે. પોતાની ભાષાને ભૂલી જવું એ ઉદાસીનતા છે. ટીકા કરવી સહેલી છે. પણ આ બધી સમસ્યાઓનો ઉકેલ શું? આમાંનું એકેય પગલું અઘરું નથી, ખર્ચાળ નથી અને કોઈનો વિરોધ કે કોઈ અન્ય ભાષાનો વિરોધ કરવાની જરૂર નથી.

## ગુજરાતી બચાવવા આ પગલાં અવશ્ય ભરો.

**૧.** ઘરની ભાષા ગુજરાતી રાખો. બાળક ભલે અંગ્રેજી માધ્યમમાં ભણે, ઘરના ચાર ખૂણામાં ગુજરાતી બોલો.

**૨.** બાળક ગુજરાતી બોલે ત્યારે એને ટોકો નહીં વખાણો અને ખોટા ઉચ્ચાર માટે એની મજાક ન કરો.

**૩.** દાદા-દાદી સાથે વાત કરવાનું અંતર ન પડવા દો. દાદા-દાદી એ બાળક માટે સૌથી મોટા ભાષાના શિક્ષક છે અને એમની ફી કંઈ નથી.

**૪.** રોજ ૧૫ મિનિટ ગુજરાતી વાંચન. બાળવાર્તાઓ, ગિજુભાઈ બધેકાની વાર્તાઓ, પંચતંત્ર, અખબાર - કંઈ પણ.

**બાળકને ગુજરાતી ભાષાનું અક્ષરજ્ઞાન આપો.** બોલચાલ પૂરતું જ નહીં. જે ગુજરાતી બોલી શકે પણ વાંચી-લખી ન શકે, એ ભાષાનો અડધો જાણકાર જ છે. ગુજરાતી તરીકે બાળકને ગુજરાતી વાંચતાં લખતા આવડવું જ જોઈએ. બાળકોને ગુજરાતી પુસ્તકો ભેટમાં આપો. જન્મદિવસે એક ગુજરાતી પુસ્તક - આ નાની આદતથી મોટો ફરક પાડશે. બાળકોને ગુજરાતી ફિલ્મો, નાટકો, લોકસાહિત્ય, ડાયરા સાથે પરિચય કરાવો. બાળકોને પૂછો કે શાળામાં ગુજરાતી બોલવા બદલ સજા થાય છે કે નહીં. જો સજા થાય છે, તો પેરેન્ટ્સ મીટિંગમાં આ સવાલ ઉઠાવો અને શાળાને જાણ કરો કે અંગ્રેજી ભલે શીખવાડે પણ ગુજરાતી બોલવા માટે ટોકે નહીં. કોઈપણ ભાષા એકાએક લુપ્ત નથી થતી, તેનો અંત ધીમે ધીમે આવતો હોય છે - પહેલી પેઢી લખવાનું છોડે છે, બીજી પેઢી વાંચવાનું ભૂલે છે, ત્રીજી પેઢી બોલવા-સમજવાથી વંચિત રહે છે, અને ચોથી પેઢી પાસે માત્ર એટલું જ કહેવા માટે બચે છે કે "મારા દાદા-દાદી ગુજરાતી બોલતા હતા. હવે નિર્ણય આપણો છે કે આપણે આપણી ભાવિ પેઢીને કયા માર્ગે લઈ જવી છે.

**અંગ્રેજી અવશ્ય શીખો - પૂરા ઉત્સાહથી શીખો,** આત્મવિશ્વાસથી શીખો, વિશ્વમાં સફળ થવા માટે શીખો. પરંતુ એ વાત ક્યારેય ન ભૂલો કે અંગ્રેજી માત્ર સંવાદનું એક માધ્યમ છે, કોઈ શ્રેષ્ઠતાનું પ્રમાણપત્ર નથી. તે દુનિયા સાથે જોડાવાની એક કડી છે, કોઈને નીચા દર્શાવવાનું સાધન નહીં. અને **આપણી માતૃભાષા? એ માત્ર શબ્દોનો સમૂહ નથી, એ આપણું અસ્તિત્વ છે, આપણી મૂળ સંસ્કૃતિ છે.**

આ એ જ ભાષા છે જેમાં માતાએ આપણને પહેલો શબ્દ શીખવ્યો હતો; આ એ જ ભાષા છે જેમાં આપણા વડીલોએ આપણને આપણો અમૂલ્ય વારસો અને આપણી સંસ્કૃતિ સોંપી છે. **ગર્વથી કહો "હું ભારતીય છું, હું ગુજરાતી છું."** હું દરેક ભાષા અને સંસ્કૃતિનું સન્માન કરું છું, પણ ગુજરાતી મારી માતૃભાષા છે અને મારી માતા જેટલો જ પ્રેમ હું મારી માતૃભાષાને કરું છું.

**જય જય ગરવી ગુજરાત! જય હિન્દ! જય મા ઉમિયા!**

**આર. પી. પટેલ - પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી**
**વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - અમદાવાદ**

## ધર્મ સૃષ્ટિ



**સંપાદક : ડૉ. પ્રભુદાસ પટેલ**
લેખક ઉમાસૃષ્ટિના મેનેજીંગ એડીટર તથા પૂર્વ તંત્રી,
શ્રેષ્ઠ શિક્ષણ એવોર્ડ, શ્રેષ્ઠ શિક્ષકનો નેશનલ એવોર્ડ
તથા ગુજરાત ગરિમા એવોર્ડ વિજેતા અને જાણીતા કેળવણીકાર છે.

# શ્રી રામચરિતમાનસ કથાસાર

**પૂર્વકથા :** વનમાં નિષાદરાજ ગુહને રામજી આવ્યાના સમાચાર મળ્યા. તેણે આનંદિત થઈને પોતાના પ્રિયજનોને અને ભાઈભાંડુને બોલાવી લીધા. રામજીને મળવા હૃદયમાં અત્યંત હર્ષ હતો. ફળો અને કંદમૂળ સાથે લીધાં.

**હવે આગળ :**

करि दंडवत भेंट धरि आगें ।
प्रभुहि बिलोकत अति अनुरागें ॥

પ્રભુને દંડવત કરીને ભેટ સામે મૂકીને અત્યંત પ્રેમથી રામજી સામે જોવા લાગ્યો. શ્રી રામજીએ સ્વાભાવિક સ્નેહને વશ થઈને પોતાની પાસે બેસાડી કુશળ ક્ષેમ પૂછ્યા. નિષાદરાજે કહ્યું હે નાથ ! હું ભાગ્યવાન પુરુષોની ગણતરીમાં આવી ગયો. હે નાથ ! આ પૃથ્વી, ધન અને ઘર બધું જ આપનું છે.

कृपा करिअ पुर धारिअ पाऊ ।
थापिअ जनु सबु लोगु सिहाऊ ॥

આગળ કહ્યું પ્રભુ ! કૃપા કરીને મારા નગર શ્રૃંગવેરપુરમાં પધારો. અને આ દાસની પ્રતિષ્ઠા વધારો. શ્રી રામચંદ્રજીએ કહ્યું, હે સખા ! આપે જે કંઈ કહ્યું તે સર્વથા યોગ્ય છે. પરંતુ પિતાજીની આજ્ઞા અનુસાર મારે મુનિઓનો વેષ ધારણ કરી ૧૪ વર્ષ વનમાંજ રહેવાનું છે. તેથી ગામની અંદર આવવું ઉચિત નથી.

राम लखन सिय रुप निहारी ।
कहहिं सप्रेम ग्राम नर नारी ॥

શ્રી રામજી, લક્ષ્મણજી અને સીતાજીના રૂપને જોઈને ગામનાં નરનારી કહે છે, હે સખી ! આ સુંદર સુકુમાર બાળકોને વનમાં મોકલી દે એ માતા-પિતા કેવાં છે ? બીજાએ કહ્યું રાજાએ સારુ કર્યું છે આ બહાને બ્રહ્માએ આપણને



નેત્રોનો લાભ આપ્યો. પછી નિષાદરાજે નક્કી કર્યું કે આ અશોકવૃક્ષ રામજીના ઉતારા માટે યોગ્ય છે.

गुह सँवारी सांथरी डसाई ।
कुस किसलयमय मृदुल सुहाई ॥

ગુહે દર્ભ અને કુણાં પાંદડાંની સુંદર પથારી પાથરી દીધી અને પવિત્ર મીઠાફળ અને કંદમૂળ તથા પાણીની વ્યવસ્થા કરી દીધી. શ્રીરામજી, લક્ષ્મણજી અને સીતાજી કંદમૂળ અને ફળ ખાઈને શ્રીરામજી સૂઈ ગયા. ભાઈ લક્ષ્મણ તેમના પગ દબાવવા લાગ્યા.

उठे लखनु प्रभु सोवत जानी ।
कहि सचिवहि सोवन मृदु बानी ॥

પછી પ્રભુ રામજીને ઉંઘેલા જાણીને લક્ષ્મણજી ઉઠ્યા અને કોમળ વાણીથી મંત્રી સુમંતજીને સુવા માટે કહીને થોડે દૂર ધનુષ્ય-બાણ સજાવીને જાગૃત રહીને પહેરો ભરવા લાગ્યા. ગુહ પોતે પણ કમરમાં ભાથો બાંધીને લક્ષ્મણજી પાસે જઈને બેઠા. પ્રભુને જમીન ઉપર સૂતા જોઈને નિષાદરાજના હૃદયમાં વિષાદ થઈ આવ્યો.

ते सिय रामु साथरीं सोए ।
श्रमित बसन बिनु जाहिं न जोए ॥

રામજી-સીતાજીને વાંસની પથારીમાં વસ્ત્રવિના સૂતાં છે. આવી દશા નિષાદરાજ જોઈ શકતા નથી. જેમના પિતા જનકજી છે અને જેમના સસરા દશરથજી જે ઈન્દ્રના મિત્ર છે. તેઓ આજે પૃથ્વી પર સૂઈ રહ્યા છે. શું આ લોકો વનને યોગ્ય છે ? લોકો સાચું કહે છે કે, કર્મ જ પ્રધાન છે. કૈકેયીની નીચ બુદ્ધિએ કુટિલતા કરી અને શ્રી રામજીને સુખના સમયે આ દુઃખ આવ્યું.

बोले लखन मधुर मृदु बानी ।
ग्यान बिराग भगति रस सानी ॥

ત્યારે લક્ષ્મણજી બોલ્યા, હે ભાઈ ! કોઈ કોઈને સુખ દુઃખ આપનાર નથી. બધા જ પોતાનાં જ કરેલાં કર્મનું ફળ ભોગવે છે. મળવું - છૂટા પડવું, શત્રુ-મિત્ર એ બધાં ભ્રમના ફંદા છે. જન્મ - મૃત્યુ, સંપત્તિ-વિપત્તિ, કર્મ અને ફળ આ બધુ આ જગત છે ત્યાં સુધી રહેવાનું આમ વિચારીને ક્રોધ ન કરવો કે ન કોઈને દોષ દેવો.

(ક્રમશઃ આવતા અંકમાં)

# ધર્મ સૃષ્ટિ



**ડૉ. જિતેન્દ્રકુમાર વીરચંદભાઈ પટેલ**
લેખક ચાણસ્મા કોલેજમાં સંસ્કૃતના પ્રોફેસર, NSSના પ્રોગ્રામ ઓફિસર, કુશળ સંચાલક, પત્રકાર અને સામાજિક વિચારક છે.

# મહાદેવ : જટામાં ગંગા, કંઠમાં વિષ અને હૃદયમાં વિશ્વ



**પ્રસ્તાવના :** "शिवं शान्तं जगन्नाथं लोकानुग्रहकारकम् ।" અર્થાત- શિવ શાંતિના સ્વરૂપ છે, સમગ્ર જગતના નાથ છે અને લોકકલ્યાણ કરનારા છે. ભારતીય સંસ્કૃતિના વિરાટ આકાશમાં ભગવાન શિવનું સ્થાન માત્ર એક આરાધ્ય દેવ તરીકે નથી, પરંતુ એક જીવનદૃષ્ટિના પ્રતીક તરીકે છે. શિવ એટલે એક તરફ કૈલાસની શીતળ શાંતિ અને બીજી તરફ તાંડવની પ્રચંડ ઊર્જા; એક તરફ ભસ્મધારી વૈરાગી અને બીજી તરફ સંવેદનશીલ ગૃહસ્થ; એક તરફ ગળામાં સર્પ અને બીજી તરફ મસ્તક પર શીતળ ચંદ્ર; જટામાં ગંગા અને કંઠમાં હળાહળ વિષ. શિવના આ બધા વિરોધાભાસો જીવનની પૂર્ણતાનું દર્શન છે. શિવ એટલે જ મંગલ, કલ્યાણ અને શુભ. એટલે જ શિવને સમજવા એટલે પરંતુ જીવનને વધુ સંયમિત, કરુણામય, સંતુલિત અને કલ્યાણકારી બનાવવાની કળા. આજના સમયમાં માણસ પાસે સુવિધાઓ વધી છે, પરંતુ શાંતિ ઘટી છે; માહિતી વધી છે, પરંતુ અંતર્દૃષ્ટિ ઘટી છે; સંપર્ક વધ્યો છે, પરંતુ સંબંધોની ઉષ્મા ઘટી છે; સંપત્તિ વધી છે, પરંતુ સંતોષ ઘટ્યો છે. સોશિયલ મીડિયા માણસને દુનિયા સાથે જોડે છે, પરંતુ ઘણી વાર પોતાના અંતરથી દૂર લઈ જાય છે. આવા સમયમાં મહાદેવનું ધ્યાન આપણને થોભવાનું, વિચારવાનું અને અંદર જોવાનું શીખવે છે. જે દુનિયા સતત દોડે છે તેમાં શિવ આપણને સ્થિરતાનું મહત્ત્વ સમજાવે છે. મહાદેવની જટામાં ગંગા છે - અર્થાત્ શક્તિ સાથે સંયમ; કંઠમાં વિષ છે-અર્થાત્ સંકટ સામે ત્યાગ અને સહનશીલતા; કપાળ પર ચંદ્ર છે - અર્થાત્ ઉગ્રતામાં પણ શીતળતા; ત્રીજું નેત્ર છે - અર્થાત્ બહારની દુનિયા સાથે આંતરિક સત્યને જોવાની દૃષ્ટિ; ત્રિશૂલ છે-અર્થાત્ આત્મનિયંત્રણ; ડમરુ છે -અર્થાત્ સર્જનનો નાદ અને હૃદયમાં સમગ્ર વિશ્વ છે-અર્થાત્ અંતિમ ધ્યેય લોકકલ્યાણ.

**શિવ આધારિત જીવનદૃષ્ટિ : આધુનિક યુગ માટે મહાદેવના સંદેશ:**

ગંગાના પૃથ્વી પર અવતરણની કથા માત્ર ધાર્મિક પ્રસંગ તરીકે જોવી નહીં જોઈએ. ગંગાની પ્રચંડ શક્તિને મહાદેવે પોતાની જટામાં ધારણ કરી અને તેના પ્રવાહને સંયમિત કરીને લોકકલ્યાણની ધારા બનાવી. અહીં શિવ આપણને એક અતિમહત્ત્વનો સંદેશ આપે છે - શક્તિ હોય એટલું પૂરતું નથી; શક્તિને યોગ્ય દિશા આપવાની સમજ હોવી જોઈએ. આજના યુગમાં જ્ઞાન, વિજ્ઞાન અને ટેક્નોલોજી માનવજાતને અદભુત શક્તિ આપી રહ્યા છે. પરંતુ દરેક શક્તિ સાથે નૈતિકતા અને જવાબદારી ન જોડાય તો વિકાસ વિનાશમાં પણ ફેરવાઈ શકે છે. તેથી શિવની જટામાં રહેલી ગંગા આજના યુગમાં આપણને કહે છે - "Power without responsibility is dangerous; knowledge without wisdom is incomplete." વિદ્યાર્થી પાસે પ્રતિભા હોય તો તે માત્ર પોતાની કારકિર્દી માટે નહીં, સમાજ માટે ઉપયોગી બને; યુવાન પાસે ટેક્નોલોજી હોય તો તેનો ઉપયોગ સર્જન માટે થાય, વિઘટન માટે નહીં; સત્તા હોય તો સેવા બને અને સંપત્તિ હોય તો સહકાર બને - આ જ ગંગાનો શિવસંદેશ છે.

**નીલકંઠ : જીવનના વિષને વિશ્વમાં ન ફેલાવવાની કળા :** સમુદ્રમંથનમાંથી નીકળેલા હળાહળ વિષને જ્યારે સમગ્ર સૃષ્ટિ માટે સંકટ ઊભું થયું ત્યારે મહાદેવે તેને પોતાના કંઠમાં ધારણ કર્યું. તેથી તેઓ નીલકંઠ કહેવાયા. આ કથા ત્યાગ અને કરુણાનું અદ્વિતીય પ્રતીક છે "परहित सरिस धरम नहि दूजा ।" પરહિતથી મોટો બીજો કોઈ ધર્મ નથી. આજના સમાજમાં "વિષ" માત્ર કોઈ પૌરાણિક પદાર્થ નથી. દ્વેષ, અફવા, અહંકાર, અપમાન, અસહિષ્ણુતા, ખોટી માહિતી, સાયબર બુલિંગ અને નફરતભરી ભાષા પણ આધુનિક યુગના વિષ છે. સોશિયલ મીડિયામાં કોઈના વિશે ખોટી વાત ફેલાવવી, અડધી માહિતીના આધારે વ્યક્તિને બદનામ કરવી કે પોતાના ક્રોધને હજારો લોકો સુધી પહોંચાડવો - આ બધું સમાજને ઝેરી બનાવે છે. મહાદેવના નીલકંઠ આપણને કહે છે કે જીવનમાં કડવાશ આવશે, પરંતુ તેને બીજાના જીવનમાં ઝેર બનાવીને વહેંચવી નહીં. આપણને મળેલી નકારાત્મકતા આગળ ન ધપાવવી - આજના સમયમાં પણ આ શિવભક્તિનું એક સુંદર સ્વરૂપ બની શકે છે.

**ત્રીજું નેત્ર : માહિતી નહીં, અંતર્દૃષ્ટિ :** મહાદેવનું ત્રીજું નેત્ર ભારતીય તત્ત્વચિંતનમાં વિશેષ સ્થાન ધરાવે છે. બે આંખો બહારની દુનિયા જુએ છે, પરંતુ ત્રીજું નેત્ર અંતરની સત્યદૃષ્ટિનું પ્રતીક છે. આજના ડિજિટલ યુગમાં માણસ પાસે માહિતીનો મહાસાગર છે. એક ક્લિકમાં હજારો માહિતી મળી જાય છે, પરંતુ માહિતી અને જ્ઞાન વચ્ચે તથા જ્ઞાન અને વિવેક વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. આજનો યુવાન બધું જોઈ શકે છે, બધું જાણી શકે છે, પરંતુ પોતાને કેટલો ઓળખે છે ? પોતાની શક્તિ, પોતાની નબળાઈ, પોતાના ક્રોધ, પોતાના અહંકાર અને પોતાના ધ્યેયને ઓળખવું એ જ આંતરિક જાગૃતિ છે. શિવનું ત્રીજું નેત્ર આપણને પોતાના અંદરના અજ્ઞાન, અહંકાર અને નકારાત્મકતાને ઓળખીને તેને જ્ઞાન અને જાગૃતિમાં પરિવર્તિત કરવાની પ્રેરણા આપે છે.

# ધર્મ સૃષ્ટિ

**ભસ્મ : અહંકાર સામેનું શાશ્વત સત્ય :** મહાદેવ ભસ્મ ધારણ કરે છે. ભસ્મ જીવનની ક્ષણભંગુરતાની યાદ અપાવે છે. માણસ સંપત્તિ, પદ, પ્રતિષ્ઠા અને સત્તા પાછળ દોડે છે, પરંતુ અંતે આ બધું અહીં જ રહી જાય છે. આ વિચાર નિરાશા માટે નથી; તે જીવનને અર્થપૂર્ણ બનાવવા માટે છે. "जो मिला है, वह एक दिन छूट जाएगा; इसलिए जो बाँट सकते हो, आज बाँट दो।" આજના ભોગવાદી યુગમાં શિવનું ભસ્મધારી સ્વરૂપ આપણને પૂછે છે - સફળતા માટે દોડતાં દોડતાં શું આપણે સંબંધો ગુમાવી રહ્યા નથી ? પ્રસિદ્ધિ મેળવતા મેળવતા શું આપણે પોતાની શાંતિ ગુમાવી રહ્યા નથી ? શિવ કહે છે - વૈભવ રાખો, પરંતુ વૈભવના ગુલામ ન બનો; સફળતા મેળવો, પરંતુ સફળતાનો અહંકાર ન કરો.

**ત્રિશૂલ : શરીર, મન અને ચેતનાનું સંતુલન :** મહાદેવના હાથમાં ત્રિશૂલ છે. તેને જીવનના ત્રણ પરિમાણો - શરીર, મન અને આત્મા - ના સંતુલનનું પ્રતીક પણ માનવામાં આવે છે. આધુનિક જીવનમાં આપણે શરીર માટે જિમ કરીએ છીએ, કારકિર્દી માટે મહેનત કરીએ છીએ, પરંતુ મનની શાંતિ માટે કેટલો સમય આપીએ છીએ ? આજના યુવાનોમાં સ્પર્ધા, કારકિર્દી, પરીક્ષા, રોજગાર અને ભવિષ્ય અંગે ચિંતા વધી રહી છે. તેથી શિવનું ત્રિશૂલ કહે છે કે બહારની સફળતા સાથે આંતરિક સંતુલન પણ જરૂરી છે.

**ડમરુ અને તાંડવ : પરિવર્તનનો નાદ :** મહાદેવનું ડમરુ સર્જનનો નાદ છે અને તાંડવ પરિવર્તનની ગતિ. જીવનમાં જૂનું તૂટે ત્યારે જ નવું ઊભું થાય છે. ખરાબ આદતોનો અંત સારા જીવનની શરૂઆત બની શકે છે. અજ્ઞાનનો અંત જ્ઞાનની શરૂઆત બની શકે છે. નિષ્ફળતા નવી દિશાનું દ્વાર બની શકે છે. આજના યુગમાં પરિવર્તનથી ડરવાને બદલે તેને સમજવાની જરૂર છે. શિક્ષણમાં પરિવર્તન, ટેક્નોલોજીમાં પરિવર્તન, રોજગારની પદ્ધતિમાં પરિવર્તન અને સામાજિક જીવનમાં પરિવર્તન - આ બધું સ્વીકારવું પડશે. પરંતુ પરિવર્તન સાથે મૂલ્યો ન ખોવાય તે પણ એટલું જ જરૂરી છે. શિવનું તાંડવ વિનાશનું પ્રતીક કરતાં વધુ પરિવર્તનનું પ્રતીક છે. તે આપણને કહે છે - જૂની નકારાત્મકતા છોડો, નવી સર્જનાત્મકતા સ્વીકારો.

**અર્ધનારીશ્વર : સમાનતા અને સહઅસ્તિત્વ :** મહાદેવનું અર્ધનારીશ્વર સ્વરૂપ પુરુષ અને શક્તિના અદ્વિતીય સમન્વયનું પ્રતીક છે. તે આપણને સમજાવે છે કે જીવનની પૂર્ણતા સ્પર્ધામાં નહીં, સહઅસ્તિત્વમાં છે. પરિવાર હોય કે સમાજ, રાષ્ટ્ર હોય કે સંસ્થા - સહયોગ વિના વિકાસ શક્ય નથી.આજના સમયમાં સ્ત્રી-પુરુષ સમાનતા, સ્ત્રીશક્તિ અને પરસ્પર સન્માનની ચર્ચા અત્યંત મહત્વપૂર્ણ છે. અર્ધનારીશ્વરનું સ્વરૂપ આપણને હજારો વર્ષ જૂનો એવો સંદેશ આપે છે કે શક્તિ અને ચેતના એકબીજાથી અલગ નથી; બંનેના સમન્વયથી જ સર્જન શક્ય બને છે.

**નંદી : ધ્યેય પ્રત્યેની અડગ એકાગ્રતા :** મહાદેવના દ્વારે બેઠેલો નંદી સતત શિવ તરફ જોતો રહે છે. તેની દૃષ્ટિ સ્થિર છે. આજના યુગના યુવાનો માટે આ એક મોટો જીવનમંત્ર છે. મોબાઇલ, સોશિયલ મીડિયા, મનોરંજન અને અસંખ્ય વિકલ્પો વચ્ચે પોતાની દિશા જાળવી રાખવી એ આજનો સૌથી મોટો પડકાર છે. ઝડપથી દોડવું મહત્વનું નથી; સાચી દિશામાં દોડવું મહત્વનું છે. નંદી આપણને ધ્યેય, ધૈર્ય અને એકાગ્રતાનો પાઠ ભણાવે છે.

**ઉપસંહાર :** મહાદેવનું વ્યક્તિત્વ એક વિશાળ જીવનગ્રંથ છે. તેમની જટામાં ગંગા છે તો સંયમનો સંદેશ છે; કંઠમાં વિષ છે તો ત્યાગ અને સહનશીલતાનો સંદેશ છે; મસ્તક પર ચંદ્ર છે તો શીતળતાનો સંદેશ છે; ત્રીજું નેત્ર છે તો આત્મજાગૃતિનો સંદેશ છે; ભસ્મ છે તો અહંકાર છોડવાનો સંદેશ છે; ત્રિશૂલ છે તો આત્મનિયંત્રણનો સંદેશ છે; ડમરુ છે તો સર્જનનો સંદેશ છે; તાંડવ છે તો પરિવર્તનનો સંદેશ છે અને અર્ધનારીશ્વર છે તો સમન્વયનો સંદેશ છે.પરંતુ આ બધાની પાછળ મહાદેવનો સૌથી મોટો સંદેશ છે - વિશ્વકલ્યાણ. પોતાના માટે જીવવું સહેલું છે, પોતાના પરિવાર માટે જીવવું પણ સહજ છે; પરંતુ પોતાના અસ્તિત્વને સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર માનવજાતના કલ્યાણ સાથે જોડવું એ જ સાચી મહાનતા છે. મહાદેવનું જીવન આપણને "હું"માંથી "આપણે" તરફની યાત્રા કરાવે છે. આજના આધુનિક યુગમાં આપણને મહાદેવની પૂજા કરતાં પણ વધુ તેમના મૂલ્યોની જરૂર છે. જીવનમાં જેટલું મળે તેટલું સમાજને પાછું આપવાની ભાવના રાખીએ. "शिवो भूत्वा शिवं यजेत्।" અર્થાત - પોતે શિવસ્વરૂપ બનીને શિવની ઉપાસના કરવી. આ વાક્યનો આધુનિક અર્થ અત્યંત સુંદર છે - મહાદેવની સાચી ભક્તિ માત્ર મંદિરમાં માથું નમાવવામાં નથી; પોતાના જીવનમાં શુભતા, કરુણા, સંયમ, સત્ય અને સેવા ઉતારવામાં છે. જો આપણા કારણે કોઈનું દુઃખ ઓછું થાય, કોઈના અંધકારમાં આશાનો દીવો પ્રગટે, કોઈ નિરાશ યુવાનને દિશા મળે, કોઈ જરૂરિયાતમંદને સહારો મળે અને પ્રકૃતિને આપણા કારણે થોડો શ્વાસ મળે - તો એ જ મહાદેવની સાચી આરાધના છે.

"મહાદેવની જટામાં ગંગા છે એટલે જીવન પવિત્ર બનાવો; કંઠમાં વિષ છે એટલે કડવાશને આગળ ન વધારો; મસ્તક પર ચંદ્ર છે એટલે મન શીતળ રાખો; ત્રિશૂલ હાથમાં છે એટલે પોતાના વિકારો પર વિજય મેળવો અને હૃદયમાં વિશ્વ છે એટલે જીવન માત્ર પોતાના માટે નહીં, સમગ્ર સૃષ્ટિના કલ્યાણ માટે જીવો."આજના અશાંત, ઝડપી અને ટેક્નોલોજીથી ઘેરાયેલા યુગમાં જો માણસ પોતાના અંતરમાં એક નાનો કૈલાસ ઊભો કરી શકે, મનમાં ગંગાની નિર્મળતા રાખી શકે, દુઃખને નીલકંઠની જેમ સંયમથી ધારણ કરી શકે, ત્રીજા નેત્ર જેવી અંતર્દૃષ્ટિ વિકસાવી શકે અને હૃદયમાં સમગ્ર વિશ્વ માટે કરુણા રાખી શકે - તો કદાચ એ જ સાચું શિવતત્ત્વ છે.

"શિવ એટલે માત્ર દેવ નહીં, જીવનને શુભ બનાવતી દ્રષ્ટિ છે;
શિવ એટલે માત્ર પૂજા નહીં, પરંતુ પરહિતની પ્રેરણા છે;
શિવ એટલે માત્ર તાંડવ નહીં, પરંતુ પરિવર્તનનો સંકલ્પ છે; અને
શિવ એટલે અંતે - પોતાના હૃદયમાં સમગ્ર વિશ્વને સ્થાન આપવાની માનવતાની મહાયાત્રા." ■

મો. ૬૩૫૫૫ ૧૧૫૯૭



**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# ભગવાન શ્રીરામના અશ્રુબિંદુ

**ગંતાકથી શરૂ...**

**(૭)** સીતાજીના અપહરણ પછી સીતાજીની શોધ માટે ભગવાન શ્રીરામ અને લક્ષ્મણજી શાંતભાવે અને ધીમી ગતિથી પંચવટીથી દક્ષિણદિશામાં આગળ વધે છે. થોડું આગળ જતાં જ તેમણે જોયું કે મરણાસન અવસ્થામાં જટાયુ રક્તના ખાબોચિયામાં પડેલા છે. ભગવાન શ્રીરામ અને લક્ષ્મણજી ઝડપથી તેમની પાસે ગયા. ભગવાને જોયું કે જટાયુની બંને પાંખો કપાયેલી છે. ગરદન અર્ધી કપાયેલી છે. તેમની આંખોમાંથી આંસુ સ્રવી રહ્યાં છે. ભગવાન શ્રીરામ તેમના મસ્તક પર હાથ મૂકીને કહે છે :



"અરે, જટાયુ ! તારી આ દશા ! આ બધું શું છે ?" "ભગવન્ ! એક અસુર ભગવતી સીતાજીનું અપહરણ કરીને આમ દક્ષિણ દિશામાં ગયો છે. તેની સાથે લડતાં મારી આ દશા થઈ છે." "પણ, ભાઈ ! તેં તેની સાથે યુદ્ધ કેમ કર્યું ?"

મહામહેનતે બોલતાં જટાયુ કહે છે : "પ્રભુ ! અસુર મારાં માતા સીતાજીનું અપહરણ કરી જાય અને હું ચૂપચાપ બેસી રહું તે તો બને જ કેવી રીતે ? તેના કરતાં તો આ મરણ સારું !" જટાયુ આગળ કહે છે : "પ્રભુ ! આ શરીર હવે રહી શકે તેમ નથી. મેં તો આપને સમાચાર આપવા માટે મહામહેનતે પ્રાણ ટકાવી રાખ્યા છે. મારું જીવનકાર્ય પૂરું થયું છે. હવે તો આપનાં ચરણોમાં મસ્તક મૂકીને આ દેહનો ત્યાગ કરું છું."

ભગવાન શ્રીરામે જટાયુનું મસ્તક પોતાના ખોળામાં લઈ લીધું અને તેઓ તે જ અવસ્થામાં રામચરણ પામે છે. જટાયુનો આત્મા ચિરવિદાય લે છે, અહીં માત્ર તેમનો દેહ રહી ગયો. ભગવાનની આંખમાંથી અશ્રુબિંદુ સરી પડ્યાં. ભગવાન શ્રીરામે સ્વહસ્તે જટાયુના અગ્નિસંસ્કાર કર્યા છે.શ્રીરામ અને લક્ષ્મણજી આગળ ચાલે છે.

**(૮)** ભગવતી સીતાજીની શોધ થઈ રહી છે. હનુમાન- મહારાજ સમાચાર લાવ્યા છે. રાવણની લંકામાં અશોકવાટિકામાં ભગવતી સીતાજી છે. સેતુબંધ બંધાયો. સેનાસહિત ભગવાન લંકામાં પહોંચે છે અને આખરે તો જે થવાનું હતું તે જ થયું. રામ- રાવણના મહાયુદ્ધનો પ્રારંભ થયો.

અનેક યોદ્ધાઓ અનેક રીતે યુદ્ધ કરી રહ્યા છે. યુદ્ધના આ ક્રમમાં એક વાર લક્ષ્મણજી અને મેઘનાદ વચ્ચે ઘોર સંગ્રામ ચાલે છે. લક્ષ્મણજીના પ્રચંડ પ્રહારોથી રાવણપુત્ર મેઘનાદના પ્રાણ સંકટમાં આવી ગયા છે. લક્ષ્મણજીથી બચવું મેઘનાદને હવે ઘણું મુશ્કેલ લાગે છે. આખરે પોતાના પ્રાણ બચાવવા માટે મેઘનાદે લક્ષ્મણજી ઉપર વીરઘાતિની શક્તિ ચલાવી. આ શક્તિ લક્ષ્મણજીની છાતીમાં વાગે છે અને લક્ષ્મણજી મૂર્છિત થઈ જાય છે. મેઘનાદ યુદ્ધમેદાન છોડીને ચાલ્યો જાય છે. સાંજ થઈ. યુદ્ધ બંધ થયું તે વખતે ભગવાન શ્રીરામ પૂછે છે :

"લક્ષ્મણ ક્યાં છે?' બરાબર તે જ વખતે હનુમાનજી મહારાજ લક્ષ્મણજીને ઊંચકીને ભગવાન પાસે લાવે છે. લક્ષ્મણજીને મૂર્છિત જોઈને ભગવાન શ્રીરામની આંખમાંથી અશ્રુબિંદુ સરી પડે છે.

સુષેણ વૈદ્ય આવે છે. હનુમાનજી-મહારાજ સંજીવની-ઔષધિ લેવા માટે હિમાલય જાય છે અને પ્રાતઃકાલ પહેલાં સંજીવની લઈને આવી જાય છે. સુષેણ વૈદ્યની ચિકિત્સા અને સંજીવનીના પ્રયોગથી લક્ષ્મણજી પુનઃ સ્વસ્થ બની જાય છે. આ આખી રાત ભગવાન શ્રીરામ રુદન કરતા રહ્યા છે. પ્રાતઃકાલે લક્ષ્મણજી સ્વસ્થ થાય છે ત્યારે ભગવાન શ્રીરામ પણ સ્વસ્થ થાય છે. બંને ભાઈ ભેટે છે અને સેનામાં સર્વત્ર જયજયકાર થાય છે.

# ધર્મ સૃષ્ટિ

**(૯)** લંકાવિજય સિદ્ધ કરીને ભગવાન શ્રીરામ, લક્ષ્મણજી અને સીતાજી અનેક વાનરવીરો સાથે અયોધ્યા આવે છે. ભગવાન શ્રીરામનો વિધિસર રાજ્યાભિષેક થાય છે. બધું જ બરાબર છે, પરંતુ આ બધું જ બરાબર કાયમી રહેતું નથી. ભગવતી સીતાજી ઉપર સાવ ખોટો અપવાદ લાગે છે અને ભગવાન શ્રીરામ કોઈક અગમ્ય કારણસર ભગવતી સીતાજીનો ત્યાગ કરે છે. જેમના સ્પર્શથી પવિત્રતા પણ વધુ પવિત્ર બને તેવાં ભગવતી સીતા પર અપવાદ અને તેમનો ત્યાગ !

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।
लोकोत्तराणां चेत्तांसि को नु विज्ञातुमर्हसि ॥

"લોકોત્તર પુરુષોનાં ચિત્ત વજ્રથી પણ કઠોર હોય છે અને પુષ્પથી પણ કોમળ હોય છે. તેમને કોણ સમજી શકે ?'છે ?' ભગવતી સીતાના ત્યાગ પછી પ્રભુ રામ શું કરે છે ?

ભગવાન શ્રીરામ રોજ રાત્રે પોતાના મહેલમાં એકાંત ખંડમાં એકલા-એકલા ભગવતી સીતાજીને યાદ કરીને રુદન કરે છે. પ્રભુ રામનાં પ્રેમાળ ચક્ષુઓમાંથી અશ્રુબિંદુ સ્રવે છે. અહીં પ્રભુ રામને આશ્વાસન આપનાર કોઈ નથી અને અહીં પ્રભુ રામનાં અશ્રુબિંદુ લૂછનાર પણ કોઈ નથી. કોણ હોય? અહીં કોણ હોય ?

**(૧૦)** ભગવાન શ્રીરામ રાજસૂયયજ્ઞનો પ્રારંભ કરે છે. આ યજ્ઞમાં મહર્ષિ વાલ્મીકિ, સીતાજી અને લવ- કુશ પણ પધારે છે. ભગવાન શ્રીરામ સીતાજીનો સ્વીકાર કરે તેમ લગભગ સૌ ઇચ્છે છે. ભગવાન શ્રીરામ તો તેમજ ઇચ્છે છે, પરંતુ ભગવતી સીતાજીની કસોટીનો અંત નથી. સીતાજી પોતાની પવિત્રતાનું પુનઃ પ્રમાણ આપે તેવી સર્વથા અનુચિત માગણી થાય છે. આખરે સીતાજી ધરતીમાતાને પ્રાર્થના કરે છે : "હે મા ! હે ધરતીમાતા ! કસોટીઓ આપીઆપીને હું થાકી ગઈ છું ! જો જીવનભર મેં મનથી પણ શ્રીરામ સિવાય અન્ય કોઈ પુરુષનો વિચાર પણ ન કર્યો હોય તો, હે ધરતીમાતા ! મને તારામાં સમાવી લે ! મને માર્ગ આપ!"

અને એમ જ થયું. ધરતી ફાટે છે અને ભગવતી સીતાજી ધરતીમાં સમાઈ જાય છે ! ભગવાન શ્રીરામ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે અને ધરતીમાતાને પોતાની સીતા પાછી આપવા માટે કહે છે. વસિષ્ઠ-મહારાજ ભગવાન શ્રીરામને શાંત કરે છે, આશ્વાસન આપે છે. તે વખતે શું થાય છે ? ભગવાન શ્રીરામનાં ચક્ષુમાંથી અશ્રુબિંદુ સરી પડે છે !

**(૧૨)** મહાકાળ ભગવાન શ્રીરામને મળવા આવે છે. જાણે લીલાસંવરણની પૂર્વસૂચના જ આવે છે. મહાકાળ ભગવાન શ્રીરામને એકાંતમાં મળવા ઇચ્છે છે અને તે વખતે કોઈ પણ વ્યક્તિ તે સ્થાનમાં પ્રવેશ ન કરે અને છતાં પ્રવેશ કરે તો તે વ્યક્તિનો ભગવાન વધ કરે તેવી આકરી શરત મૂકે છે. ભગવાન મહાકાળની આ શરત માન્ય રાખે છે. તદ્નુસાર બંને એકાંતમાં બેસે છે. તે વખતે લક્ષ્મણજી બહાર દ્વાર પર કોઈ પ્રવેશ ન કરે તે માટે ઉપસ્થિત રહે છે.

તે વખતે દુર્વાસાજી આવે છે અને તરત જ ભગવાન શ્રીરામને મળવાની હઠ પકડે છે. જો પ્રવેશ તરત નહીં મળે તો સમગ્ર અયોધ્યાને શાપ આપવાની તેઓ ધમકી આપે છે. બધું જાણતાં હોવા છતાં લક્ષ્મણજી પોતાના જીવનનું જોખમ વહોરીને પણ ભગવાન અને મહાકાળ જ્યાં બેઠા છે, તે ખંડમાં પ્રવેશ કરે છે અને દુર્વાસાજીના આગમનની જાણ કરે છે.

મહાકાળ સાથેની શરત પ્રમાણે ભગવાન શ્રીરામે લક્ષ્મણજીનો વધ કરવો જોઈએ. શું કરવું ? આખરે વસિષ્ઠ-મહારાજ સૂચવે છે કે પ્રિયજનનો ત્યાગ તે તેમના વધ બરાબર ગણાય છે. તદ્નુસાર ભગવાન શ્રીરામ લક્ષ્મણજીનો ત્યાગ કરે છે.

સીતાજીનો ત્યાગ અને સીતાજી ધરતીમાં સમાઈ. હવે લક્ષ્મણજીનો ત્યાગ અને લક્ષ્મણજી સરયૂજીમાં દેહત્યાગ કરે છે ! ભગવાન શ્રીરામની આંખમાંથી અશ્રુબિંદુ નહીં, અશ્રુની ધાર થઈ છે!

**સમાપન :** ભગવાન શ્રીરામ સમગ્ર અયોધ્યાવાસીઓ - સહિત સરયૂજીમાં દેહત્યાગ કરે છે અને સાકેતધામ તરફ પ્રસ્થાન કરે છે. આવી છે ભગવાન શ્રીરામનાં અશ્રુબિંદુની કથા ! આવી છે ભગવાન શ્રીરામની વિષાદલીલા !

વિષાદલીલા ? હા, વિષાદલીલા ! અવતારની આનંદલીલા પણ હોય છે અને અવતારની વિષાદલીલા પણ હોય છે!

जानत सोही जाको जानत देही । ■

## ધર્મ સૃષ્ટિ



**ભૂપેન્દ્રભાઈ ધોળકિયા**
નિવૃત્ત સીવીલ એન્જિનિયર : સિંચાઈ વિભાગ, ગાંધીનગર
કોલમ લેખક : સંદેશ દૈનિક, આજનું પંચાંગ, સંકલન- સંદેશ પ્રત્યક્ષ પંચાંગ.

# ખગોળશાસ્ત્ર અને પંચાંગ ગણિત મુજબ શ્રાવણ માસ

## (૧૫૨ વર્ષના શ્રાવણ માસની તવારીખ)

તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ને ગુરૂવારથી કાર્તિકી વિક્રમ સંવત ૨૦૮૨નો પવિત્ર શ્રાવણ માસ શરૂ થાય છે. અષાઢી અમાસ (દિવાસો)થી કારતક સુદ એકાદશી (તુલસી વિવાહ) સુધી સળંગ સો જેટલા દિવસો લગભગ તહેવાર જેવા લાગે છે. આ શ્રાવણ માસ દરમિયાન શહેર-નગર વચ્ચેના તથા વનવગડાનાં અંતરિયાળ શિવાલયો શિવભક્તિના નાદથી ગુંજી ઊઠે છે.

શ્રાવણ માસનું નામ શ્રવણ નક્ષત્ર ઉપરથી આવ્યુ છે. ખગોળ અને આકાશદર્શનના અભ્યાસ માટે ખેડૂતભાઈઓ શ્રવણ નક્ષત્રને શ્રાવણ માસનું રખેવાળ નક્ષત્ર કહે છે. બાર માસના બાર રખેવાળ નક્ષત્ર હોય છે. જે તે માસનું રખેવાળ નક્ષત્ર તે માસ દરમિયાન આખી રાત આકાશમાં જોવા મળે છે. આ રખેવાળ નક્ષત્રમાં જે તે માસની પૂનમે ચંદ્ર ભ્રમણ કરતો હોય છે. આથી શ્રાવણી પૂનમે મોટાભાગે શ્રવણ નક્ષત્રમાં ચંદ્ર હોય છે.

**સુપ્રસિધ્ધ બાર જ્યોતિર્લિંગમાં સૌ પ્રથમ સૌરાષ્ટ્રનું સોમનાથ છે તે ખગોળશાસ્ત્રની દ્રષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે.**

અનુભવી ખેડૂતો અને ગંજબજારના અભ્યાસી ભાઈઓ માને છે કે શ્રાવણ માસમાં સિંહ સંક્રાંતિના દિવસો જેટલાં વધારે હોય તેટલું વધારે સારું ગણાય. ઋતુવિજ્ઞાનની દ્રષ્ટિએ પણ આ બાબત યોગ્ય ઠરે છે. આ વર્ષે સિંહસંક્રાંતિ તા. ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ (શ્રાવણ સુદ પાંચમ)ના દિવસે હોવાથી શ્રાવણ માસમાં ત્રીસ (૪૦) દિવસોમાંથી છવીસ ૨૬ દિવસ સિંહસંક્રાંતિના મળે છે. શ્રાવણ માસનો આરંભ ઓગસ્ટ માસમાં થાય ત્યારે સિંહસંક્રાંતિના વધુ દિવસો શ્રાવણ માસમાં મળે છે.

**આ વર્ષે શ્રાવણ માસમાં ચાર સોમવાર છે.**

**શ્રાવણ માસની શિવપૂજા :** શ્રાવણ માસમાં પહેલા સોમવારે શિવપુજા ડાંગર (ચોખા)થી, બીજા સોમવારે શિવપૂજા તલથી, ત્રીજા સોમવારે શિવપૂજા મગથી, ચોથા સોમવારે શિવપૂજા જવથી કરવાનો અને પાંચમો સોમવાર હોય ત્યારે શિવપૂજા સત્તુ કરવાનો મહિમા છે. આની પાછળ કૃષિ વાવેતરમાં સમતુલન જાળવવાનો સંદેશ છે. આરોગ્ય જાળવવા માટે આહારશાસ્ત્રનો પણ સંકેત છે. શાણો અને સમજદાર ખેડૂત કોઈ એક પાકને બદલે ધાન્ય, કઠોળ, તેલીબિયા વગેરેની વૈવિધ્યપૂર્ણ ખેતીને વધુ યોગ્ય ગણે છે. કાર્તિકી સંવત્સરના કારતકથી આસો સુધીના બાર મહિનામાં શ્રાવણ માસ દસમા ક્રમાંકે આવે છે. આમ નૈસર્ગિક કુંડળી મૂકીએ તો અષાઢ માસ નવમા ભાગ્યસ્થાને આવે છે. શ્રાવણ માસ દસમા કર્મસ્થાને આવે છે.

દૂર્વા (ધરો) અને કુશ (દર્ભ- દાભડો) એ ઘાસ કુળની વનસ્પતિ ગણાય છે. જમીન સંરક્ષણ માટે તે વિશેષ ઉપયોગી છે. તેથી શ્રાવણ માસની ચોથ તિથિના દિવસે ગણપતિનું પૂજન દુર્વા - ધરોથી કરવાનો મહિમા છે. શ્રાવણ માસના છેલ્લા દિવસે અમાસના દિવસે કુશ- દર્ભ- દાભડો લાવીને સાચવવાનો તથા વર્ષ દરમિયાન તેના વિવિધ ઉપયોગ કરવાનો વિશેષ મહિમા છે.

**ખગોળશાસ્ત્ર અને પંચાંગ ગણિતની દ્રષ્ટિએ શ્રાવણ માસની તવારીખ અંગે રસપ્રદ વિગતો.** ● ઇ.સ. ૧૮૭૫થી ૨૦૨૬ના ૧૫૨ વર્ષો દરમિયાન ૪ વર્ષોમાં શ્રાવણનો આરંભ જુલાઈમાં અને ૮૮ વર્ષોમાં શ્રાવણની શરૂઆત ઓગસ્ટમાં થઈ છે.

**અંગ્રેજી તારીખની તુલનામાં વહેલો શ્રાવણ** (૧) તા. ૧૭-૦૭-૧૮૯૦ ગુરુવાર, (૨) તા. ૧૮-૦૭-૧૮૭૧ મંગળવાર, (૩) ૧૯ - ૦૭ -૧૮૯૮ મંગળવાર, (૪) તા. ૧૯-૦૭-૧૯૩૬ રવિવાર, (૫) તા. ૨૦-૭-૨૦૧૨ શુક્રવાર.

**અંગ્રેજી તારીખની તુલનામાં મોડો શ્રાવણ** (૧) તા. ૧૭-૮-૧૯૪૭ રવિવાર, (૨) તા. ૧૭-૮-૧૯૬૬ બુધવાર, (૩) ૧૭-૮-૧૯૮૫ શનિવાર, (૪) તા. ૧૭-૮-૨૦૦૪ મંગળવાર, (૫) તા. ૧૭-૮-૨૦૨૩ ગુરૂવાર.

**અધિકમાસ તરીકે શ્રાવણ :** (૧) ઇ.સ. ૧૮૮૨ (૨) ૧૯૦૧ (૩) ૧૯૦૯ (૪) ૧૯૨૦ (૫) ૧૯૨૮ (૬) ૧૯૩૯ (૭) ૧૯૪૭ (૮) ૧૯૫૮ (૯) ૧૯૬૬ (૧૦) ૧૯૭૭ (૧૧) ૧૯૮૫ (૧૨) ૨૦૦૪ (૧૩) ૨૦૨૩માં અધિક શ્રાવણ માસ હોવાથી બે શ્રાવણ માસ હતા. નોંધ, ભારત સ્વતંત્ર થયુ તે તા. ૧૫-૦૮-૧૯૪૭ના રોજ અધિક શ્રાવણ વદ ચૌદસ તિથિ, શુક્રવારનો દિવસ હતો.

**ઇ.સ. ૨૦૨૬ના વર્ષની માફક અગાઉ** (૧) ઇ.સ. ૧૯૧૨ (૨) ૧૯૨૩ (૩) ૧૯૪૨ (૪) ૧૯૮૮ (૫) ૨૦૦૭ ના વર્ષમાં શ્રાવણ માસનો આરંભ તા. ૧૩ ઓગસ્ટના દિવસે થયો હતો.

**આજથી ૫૦ વર્ષ અગાઉ શ્રાવણ માસનો આરંભ** વિક્રમ સંવત ૨૦૩૨ના વર્ષમાં તા. ૨૮-૦૭-૧૯૭૬ને બુધવારે થયો હતો.

**આજથી ૧૦૦ વર્ષ અગાઉ શ્રાવણ માસનો આરંભ** વિક્રમ સંવત ૧૯૮૨ના વર્ષમાં તા. ૯-૦૮-૧૯૨૬ને સોમવારે થયો હતો.

**આજથી ૧૫૦ (દોઢસો) વર્ષ અગાઉ શ્રાવણ માસનો આરંભ** વિક્રમ સંવત ૧૯૩૨ના વર્ષમાં તા. ૨૨- ૦૭-૧૮૭૬ને શનિવારે થયો હતો.

● આવતા વર્ષે શ્રાવણ માસનો આરંભ તા. ૩ ઓગસ્ટ, ૨૦૨૭ને મંગળવારે થશે.

મો. ૯૮૭૯૫ ૬૨૯૨૬

## કવર સ્ટોરી



**પ્રો. ડો. જે. એમ. પનારા**
તંત્રીશ્રી "ઉમાસૃષ્ટિ" સામયિક, VUF અમદાવાદ
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

# ગણેશ ચતુર્થી : આસ્થા એકતા અને ભક્તિનું મહાપર્વ

**ગણેશજીનું મહત્વ :** ગણેશ ચતુર્થી એટલે વિક્રમ સંવતની ભાદરવા સુદ ચોથનો દિવસ. તેને ગણેશજીનો જન્મદિવસ માનવામાં આવે છે હિન્દુઓમાં ધાર્મિક પૂજા સમયે સૌપ્રથમ પૂજા ગણપતિજીની કરવામાં આવે છે.વિવાહનો પ્રસંગ, લક્ષ્મીપૂજન, શિલારોપણ હોય કે કુંભ મુકવાનો હોય કે મંદિરમાં ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા કરવાની હોય, આ સૌમાં પહેલું પૂજનગણપતિનું જ કરવામાં આવે છે. હિન્દુઓમાં દરેક શુભ કાર્યની શરૂઆત વિઘ્નહર્તા ગણપતિજીની પૂજાથી કરવામાં આવે છે. આમ દુંદાળા અને સૂંઢાળાગણપતિને ખૂબ જ માન-સન્માન આપવામાં આવ્યું છે.

હિન્દુ ધર્મનો આ તહેવાર ભાદરવા સુદ (ભાદ્રપદ શુક્લપક્ષ) ચોથ થી લઈ ચૌદસ સુધી ઉજવાતો જોવા મળે છે.આ એક ધાર્મિક તહેવાર છે. ગણેશજીની પૂજાનો અગત્યનો તહેવાર એટલે ગણેશ ચતુર્થી. આ તહેવારને સંસ્કૃત,તમિલ, તેલુગુ અને કન્નડમાં વિનાયક ચતુર્થ, કોંકણીમાં વિનાયક ચવથ અને નેપાળીમાં વિનાયક ચથા તરીકેપણ ઓળખવામાં આવેછે. આ તહેવાર ખાસ કરીને મહારાષ્ટ્રનો હોવા છતાં સમગ્ર ભારતમાં અને વિશ્વમાં વસતા કરોડો હિન્દુઓ તથા કેટલીક અન્ય જાતિના લોકો પણ ગણપતિની મૂર્તિનું પૂજન કરીને ધન્યતા અનુભવે છે.**"શ્રી ગણેશાય નમઃ"** એવા શબ્દોથી અને જેની પૂજાથી સર્વ શુભ કાર્યોની શરૂઆત થાય છે એવા શ્રી ગણેશ આદિ - અનાદિ કાળથી હિન્દુ ધર્મના દેવ રહ્યા છે. પ્રાચીન સંતવાણીમાં પણ કહેવામાં આવ્યું છે કે..

**"પ્રથમ પહેલા સમરીએ રે સ્વામી તમને સૂંઢાળા, રિદ્ધિ - સિદ્ધિના દાતા છો તમે દેવતા, મહેર કરોને મહારાજ રે.**
**માતા રે કહીએ જેનાં પાર્વતી રે સ્વામી તમને સૂંઢાળા, પિતા છે શંકરદેવ મારા દેવતા, મહેર કરો ને મહારાજ રે..."**

**ઐતિહાસિક મહત્વ :** આ તહેવારની ઉજવણી પાછળ એક ઐતિહાસિક ઘટના જોવા મળે છે. ભારતમાં ત્યારે અંગ્રેજોનું શાસન હતું. તેમની સામે લડવા અને લોકોને એકત્રિત કરવાના ઉદ્દેશ્યથી લોકમાન્ય બાલગંગાધર તિલકે વર્ષ ૧૮૯૨ માં મહારાષ્ટ્રમાં આ ઉત્સવ જાહેરમાં ઉજવવાની શરૂઆત કરાવી હતી.તેમણે આ ઉત્સવને રાષ્ટ્રીય ઉત્સવ બનાવ્યો.આ ઉત્સવથી દેશમાં એક્તા અને સંગઠનની ભાવના ઉત્પન્ન થઈ તથા ગુલામીને કારણે લોકોએ ગુમાવેલો આત્મવિશ્વાસ પુનઃ જાગૃત થયો. એક એ પણ ઉદ્દેશ હતો કે લોકો ઉત્સવ ઉજવવા માટે ભેગા થાય અને એકબીજા માટે શુભ લાગણી ફરીથી જાગૃત થાય. આમ તો આ તહેવારની શરૂઆત મરાઠા શાસનકાળથી થઈ છે. છત્રપતિ શિવાજીએ આ ઉત્સવની શરૂઆત સાથે ગણપતિના પૂજનની પરંપરા ને આગળ વધારી હતી. આમ છતાં ગણેશજીની પૂજા તો આદિકાળથી ચાલતી આવી છે.મહારાષ્ટ્રમાં તે ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે.જો કે હવે તો આ તહેવાર ગુજરાત તથા અન્ય રાજ્યો જેવા કે ગોવા,તામિલનાડુ,કર્ણાટક આંધ્રપ્રદેશ વગેરે રાજ્યોમાં પણ ઉજવવામાં આવે છે.એવું માનવામાં આવે છે કે એશિયામાં સૌ પ્રથમ ગણેશોત્સવ પાટણમાં કેટલાક મહારાષ્ટ્રિયન પરિવારો દ્વારા ઉજવાયો હતો.૧૮૭૮થી શરૂ થયેલી આ પરંપરા આજે પણ ત્યાં યથાવત છે.

**ગણેશજીની સ્થાપન વિધિ : "શ્રીસિધ્ધી વિનાયક નમો નમઃ અષ્ટવિનાયક નમો નમઃ મંગલમૂર્તિમોરયા,ગણપતિ બાપ્પા મોરયા"**

ગણેશ ચતુર્થીના દિવસે ગણપતિની નાના કે મોટા કદની માટીમાંથી બનાવેલી મૂર્તિ ઘરમાં કે જાહેર મંડપમાં શણગારેલા મંચ પર પૂજા વિધિ કરીને સ્થાપિત કરવામાં આવે છે.૧૦ દિવસ સુધી અનેક કાર્યક્રમોનું આયોજન થાય છે.લોકો રોજ રાત્રે એકઠા થઈ ગણપતિજીનું પૂજન- અર્ચન કરે છે. ભજન સત્સંગ કરે છે. લોકોને આકર્ષવા માટે લોક ડાયરા,રમતગમત સ્પર્ધા,નાટક વગેરે કાર્યક્રમો પણ રાખવામાં આવે છે. ગણેશજીને પ્રિય એવા લાડુ ધરાવવામાં આવે છે અને સાંજે સમૂહ આરતીનું આયોજન કરવામાં આવે છે.સાથે પ્રસાદ પણ વહેંચવામાં આવે છે. જો ઘરમાં ગણપતિનું સ્થાપન કરવામાં આવ્યું હોય તો ઘરમાં લોકો સવાર - સાંજ શ્રદ્ધાપૂર્વક ગણપતિજીની પૂજા આરતી કરે છે. ગણેશ વિઘ્નહર્તા દેવ ગણાય છે.બજારમાં ગણેશજીની વિવિધ મુદ્રાવાળી મૂર્તિઓ તથા તસવીરો મળે છે જે એમની લોકપ્રિયતાદર્શાવે છે.

દસ દિવસ પછી અનંત ચતુર્દશીના દિવસે લોકો વાજતે - ગાજતે સરઘસાકારે જઈને શ્રી ગણેશજીની મૂર્તિને દરિયામાં કે તળાવમાં પધરાવીને વિસર્જિત કરે છે. ગણેશજીને વિદાય આપવાની આ ઘડીને ગણેશ વિસર્જન કહેવામાં આવે છે.આ વિસર્જન સમયે લોકો જોર- જોર થી નારા લગાવે છે. વિસર્જનનો અર્થ એ છે કે આપણે સાકારને નિરાકારમાં અને સગુણને નિર્ગુણમાં વિલીન કરીએ છીએ.સાકાર ભગવાન મૂર્તિમાં છે જ્યારે નિરાકાર ભગવાન સર્વત્ર વ્યાપી રહેલા છે.ટૂંકમાં ગણપતિ વિસર્જન એટલે વિરાટની પૂજાનો પ્રારંભ છે. **"गणपति बप्पा मोरया, पुंढच्या वर्षी लवकरया"** ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠે છે.

**"મોરયા રે બાપ્પા મોરયા રે,ગણપતિ બાપ્પા મોરયા,મંગલ મૂર્તિ મોરયા"**ના ગીતોની ધૂન પર લોકો નાચતા-ગાતા પોતાના પ્રિય દેવને વિદાય આપે છે. અને આગળના વર્ષે જલ્દી આવવાની કામના કરે છે.મોરયા શબ્દનું મૂળ પૂના પાસેના એક સ્થાનિક દેવતામાં છે. મોરગાંવના સાધુ મોરેશ્વર ગણપતિના મોટા ભક્ત હતા. લોકોએ ગણપતિ સાથે તેનું નામ જોડી દીધું.એમ માનવામાં આવે છે કે ગણપતિ ઉત્સવના ૧૦ દિવસ દરમિયાન ભગવાન

# કવર સ્ટોરી

ગણેશજી પૃથ્વી પર આવીને મનુષ્યને પોતાના વરદાનોથી કૃતાર્થ કરે છે.એવું પણ માનવામાં આવે છે કે આ તહેવાર પછી ગણેશજી કૈલાશ પર્વત પર જઈને વિશ્રામ કરે છે. ગણેશ ચતુર્થીના દિવસે ચંદ્ર જોવાનો નિષેધ છે.તેમ કરવાથી કલંક લાગે છે, કારણકે ગણપતિજીએ તેમને શ્રાપ આપેલ છે. ગણપતિ ડહાપણના દેવ છે આપણે જે કંઈ કાર્ય હાથ પર લઈએ તેમાં સફળતા અપાવે અને આપણી બધી મુશ્કેલીઓ દૂર કરે છે. મહાભારતમાં ઉલ્લેખ છે કે ભગવાન શ્રીકૃષ્ણ મહાભારતના યુદ્ધના કારણે લાગેલા કલંકને ધોવા માટે ગણેશ ચતુર્થીનું વ્રત કર્યું હતું.

**પૌરાણિકમહત્વ :** એક દિવસ ભગવાન ગણેશ અષ્ટ સિદ્ધિને વરીને બ્રહ્મલોકમાંથી ધીમે પગલે આવી રહ્યા હતા.એટલામાં ચંદ્રની દ્રષ્ટિ ગણેશજી પર પડી. ગણેશજીની મોટી ફાંદ,લાંબી સૂંઢ અને ગોળ મટોળ દેહ જોઈને ચંદ્રને મજાક કરવાનું મન થયું. ચંદ્રએ કહ્યું " કેમ ગણેશજી આજે કંઈ બ્રહ્મદેવે ભૂખ્યા કાઢ્યા છે કે શું? જુઓને તમારું પેટ તો દેખાતું જ નથી" છતાં ગણેશજી કશું બોલ્યા વગર ધીમે પગલે ચાલતા જ રહ્યા. એટલે ચંદ્ર ફરીથી બોલ્યો. આમ ધીમે પગલે કૈલાસ પર ક્યારે પહોંચી શકાશે વાહન જોઈએ તો લેતા જાવ. છતાં પણ ગણેશે કોઈ ઉત્તર આપ્યો નહીં! ચંદ્ર ફરીથી બોલ્યો. શું રૂપ ઘડ્યું છે? આમ કહી ચંદ્ર ખડખડાટ હસવા લાગ્યો. અત્યાર સુધી ચૂપ રહેલા ગણેશજીએ ચંદ્રના અપમાનજનક શબ્દોનો જવાબ આપતા કહ્યું "ચંદ્ર તું ખરેખર રૂપાળો છે. પરંતુ વિધિએ તારામાં સૌંદર્ય મૂક્યું તેનો અર્થ એ નથી કે બીજાની ઠેકડી ઉડાવવી. આજે તેં મારી ઠેકડી ઉડાવી તેના ફળરૂપે તને શ્રાપ આપું છું કે આજથી કોઈ તારું મુખ નહીં જુએ. અને કોઈ જોશે તો તેના ઉપર અણધાર્યા સંકટો આવશે.જા તારું રૂપ ક્ષય પામો" આમ કહીં ગણેશજી ધીમે પગલે ચાલતા થયા.

ચંદ્ર ને ઠેકડી મોંઘી પડી.ગણેશનો શ્રાપ સાંભળતા તે ધ્રુજી ઉઠ્યો. આ શ્રાપની જાણ થતા ત્રિલોકમાં હાહાકાર મચી ગયો. લજ્જાનો માર્યો ચંદ્ર કમળ સરોવરમાં સંતાઈ ગયો. બારેમાસ અંધારી રાતો થવાથી દેવતાઓને ચિંતા થવા લાગી. દેવોએ બ્રહ્માજી પાસે જઈને આ શ્રાપની વાત કરી. બ્રહ્માજીએ કહ્યું "ગણેશજીના શ્રાપનું નિવારણ કરવા હું, શંકર કે વિષ્ણુ કોઈ સમર્થ નથી તેનો શ્રાપ મિથ્યા પણ નહીં થાય માટે તમે બધા ગણેશજી પાસે જાવ અને તેને પ્રસન્ન કરો, તો કદાચ શ્રાપમાંથી મુક્તિ મળે અથવા શ્રાપ હળવો થાય. પરંતુ પહેલા તમે મહાદેવ પાસે જઈને ગણેશજીને પ્રસન્ન કરવાનો માર્ગ પૂછો."

દેવતાઓ મહાદેવ પાસે ગયા.મહાદેવજીએ ઉપાય બતાવતા કહ્યું કે ભાદરવા સુદ એકમથી ચોથ સુધીમાં ગણપતિનું સ્થાપન કરી તેનું પૂજન કરવું. ભજન - કીર્તન તથા ગીત-સંગીત દ્વારા ઉત્સવ ઉજવવો. લાડુનું નૈવેધ્ય ધરાવવું અને સાં શણપતિની મૂર્તિ જળમાં પધરાવવી. આટલું કરશો તો ગણપતિ અવશ્ય પ્રસન્ન થશે. દેવતાઓએ ચંદ્રને આ વ્રત કરવા સમજાવ્યું. ચંદ્રએ ગણેશજીની સ્થાપના કરી પૂજન શરૂ કર્યું અને પોતાની ભૂલ માટે અંતઃકરણપૂર્વક ક્ષમા યાચના કરી, તથા પોતાને શ્રાપ મુક્ત કરવા વિનંતી કરી. ચંદ્રના આ વ્રતથી ગણેશજી પ્રસન્ન થયા અને બોલ્યા - હું તારા ઉપર પ્રસન્ન થયો છું. હવે જે કોઈ બીજનું દર્શન કરશે તેને કોઈ જાતનું સંક્ટ નહીં આવે. પરંતુ હવે કોઈ દિવસ રૂપનું અભિમાન કરીશ નહીં.

**ગણેશજીના જન્મની કથા :** ગણેશ ચતુર્થીનો સંબંધ ગણેશના જન્મ સાથે જોડવામાં આવે છે.ભગવાન શિવ અને દેવી પાર્વતી કૈલાસ પર્વત પર નિવાસ કરતા હતા. ભગવાન શિવના અનેક સેવકો હતા, જેમને ગણ કહેવામાં આવતા હતા. નંદી મુખ્ય ગણ હતા. બધા ગ શિવના આજ્ઞાકારી હતા. પરંતુ પાર્વતીજી એવું ઈચ્છતા હતાં કે કોઈ એવો સેવક હોય,જે પોતાના આદેશને સર્વોપરી સમજે એકદિવસ પાર્વતીજી સ્નાન કરવા ગયા ત્યારે નંદીને આદેશ આપ્યો કોઈને અંદર ન આવવા દે.નંદી પહેરો દેવા લાગ્યા. થોડા સમય પછી ભગવાન શંકર સ્વયં ત્યાં આવ્યા. નંદી પોતાના સ્વામીને રોકી શક્યા નહીંઃ પરિણામે પાર્વતીજી નદીથી ખૂબ નારાજ થયા.

બીજા દિવસે પાર્વતીજીએ પોતાના શરીર પર લગાવેલા હળદરના લેપને ઉતાર્યો અને તે લેપમાંથી કેટલાક મંત્રો વડે એક બાળકને જન્મ આપ્યો. પાર્વતીનો એ ઈચ્છા શક્તિનો પુત્ર હતો. એ બાળકે બે હાથ જોડીને કહ્યું - "હે માતા! તમારા આદેશનું પાલન કરવા માટે જ મારો જન્મ થયો છે. હું તમારા બધા આદેશોનું પાલન કરીશ" પાર્વતીજી પુત્રને જોઈને ખૂબ જ આનંદિત થઈ ગયા. તેમણે બાળકને આદેશ આપ્યો કે- જ્યારે તેઓ સ્નાન કરે ત્યારે કોઈને પણ અંદર ન આવવા દે. બાળક પહેરો દેવા લાગ્યો. થોડી ક્ષણો પછી ભગવાન શંકર ત્યાં આવ્યા. તેમણે અંદર જવાનો પ્રયત્ન કર્યો. એ બાળકે શંકરને રોક્યા ભગવાન શંકર બાળક પર ખૂબ ગુસ્સે થઈ ગયા, અને કહ્યું "અરે મૂર્ખ બાળક તું જાણતો નથી કે હું કોણ છું? મને રોક્વાની તારી હિંમત કેવી રીતે થઈ?" બાળકે - હું આપને અંદર નહીં જવા દઉં, આ મારી માતા નો આદેશ છે. શિવને ગુસ્સો આવ્યો અને પોતાના ત્રિશૂલથી બાળકનું માથું કાપી નાખ્યું. કોલાહલ સાંભળી પાર્વતીજી બહાર આવ્યા.પોતાના બાળકને મસ્તક વિહીન જોઈને ચિત્કાર કરવા લાગ્યા અને કહ્યું "પ્રભુ! શું તમે આપણાં બાળકનું માથું કાપી નાખ્યું?"

પાર્વતીજીની વાત સાંભળી શિવજી પણ વિચલિત થઈ ગયા.પાર્વતીજીએ શિવને પૂરી ઘટના સંભળાવી. શિવજીએ પસ્તાવો વ્યક્ત કરી માફી માગી, પરંતુ પાર્વતીજી ક્રોધિત થઈ ગયા. શિવજીએ કહ્યું હું પ્રાણ પ્રતિષ્ઠા કરીશ. પાર્વતીજીને મનાવવા માટે શિવજીએ ગણને કહ્યું - "જાઓ બાળકનું કાપેલું માથું શોધીને લાવો. જો ન મળે તો ઉત્તર દિશામાં જઈ બાળકની ઉંમરનું જે કોઈ પહેલું જીવ મળે તેનું માથું લઈને આવો." ગણને બાળકનું માથું ન મળ્યું.પરંતુ સામે ઇન્દ્રનો હાથી ઐરાવત મળે છે. તેના બાળ હાથીનું માથું લઈને આવ્યા.જેને ભગવાન શંકરે યોગબળથી અંજલી છાંટી બાળકના ધડની સાથે જોડી દીધું અને બાળકને જીવિત કર્યું. પાર્વતીજી પોતાના બાળકને જીવિત જોઈને અત્યંત પ્રસન્ન થયા. પ્રેમથી તેઓ એને ગજાનન કહેવા લાગ્યા. શિવજીએ એમને પોતાના ગણોના સ્વામી બનાવી દીધા. અને ગણેશ નામ આપ્યું. ગણેશનું શરીર માતા પાસેથી મળેલ છે જ્યારે માથું પિતા પાસેથી મળેલ છે. આમ ગણેશ શિવ અને શક્તિ બંનેના પુત્ર છે. આ રીતે સર્વપ્રિય દેવતા વિઘ્ન-વિનાશક ગણેશજીનો જન્મ થયો.ગણેશનો જન્મ ગર્ભથી નથી થયો. તેથી ગણેશજીને અયોનીજા પણ કહે છે પાર્વતીજીએ કરેલી બાળકની માંગણીનો શિવે ઈનકાર કરતા પાર્વતીજીએ કહ્યું કે હું બિનાનાયક (વિનાયક) પુત્રને જન્મ આપીશ.

આ ઘટનાથી શિવ ગૃહસ્થ જીવનના દેવતા બની જાય છે. આ વાર્તાથી શિવ પરંપરા અને શાક્ત પરંપરા નું મિલન થાય છે.

**ગણેશજીના અંગોના પ્રતીક અર્થો :** પુરાણોની ભાષા ભાવગર્ભિત અને રૂપકોથી ભરેલી હોય છે. તેના પ્રતિકાત્મક અર્થ જોવા જોઈએ.ગણપતિ એટલે સમૂહના પતિ એટલે કે નેતા. ગણપતિ માં આંતરિક સૌંદર્યનો વૈભવ અમાપ છે.ગણના નેતાએ કાર્ય સિદ્ધિ માટે હંમેશ સાબદા રહેવુંજોઈએ,અને આ માટે કાન,નાક,આંખ,પગ, હાથ હંમેશા સજ્જ રાખવા જોઈએ.

**ગણેશજીનુંમસ્તક(ગજશિર) :** ગણપતિ એટલે તત્વજ્ઞાનના દેવતા તથા સમાજના નેતા.તત્વવેતા અને નેતા પાસે હાથીનું જ મસ્તક હોવું જોઈએ સંકુચિત મનોવૃત્તિનો માણસ મહાન તત્વવેતા અને લોકપ્રિય નેતા બની શકતો નથી. તે ગુણપતિ પણ હોવો જોઈએ ગણપતિ આપણને સમજાવે છે કે વ્યક્તિ પાસે બાહ્ય સૌંદર્ય ન હોય તો પણ આંતરિક સૌંદર્યનો વૈભવ હોવો જોઈએ. હાથી એ બધા પ્રાણીઓમાં બુદ્ધિમાન છે. સમાજને સાચા રાહ પર લઈ જવાની અભિલાષા રાખનાર નેતા બુદ્ધિમાન હોવો જોઈએ બુદ્ધિહીન માણસ જો સમાજનો પથદર્શક બને તો સમાજનું પણ પતન થાય છે. ગણપતિનું વિશાળ માથું તેજ સ્મરણશક્તિ અને બુદ્ધિમતાનું પ્રતીક છે.

**ગજકર્ણ :** ગણપતિના કાન સુપડા જેવા છે તેથી આશ્ચર્ય થાય છે,પણ તેનું રહસ્ય છે. સુપડાનો ગુણ છે સાર-સાર કો ગ્રહિ લિયે ઔર થોથા દેહી ઉડાઈ. જેમ સુપડાથી દાણા સાફ કરતી વખતે ક્ચરો અને કાંટા નીકળી જાય છે. ઉડી જાય છે અને સારા દાણા હોય તે વીણી લેવાય છે. તેમ જીવનની પ્રેરક વાતો તારવી લઈ નકામી વાતોને ફેંકી દેવી જોઈએ. મોટા કાન ઉત્કૃષ્ટ શ્રવણ ભક્તિ સૂચવે છે.આપણે ત્યાં વર્ષોથી બહુશ્રુત માણસની કિંમત છે નહીં કે બહુ વાંચેલ હોય તેની. **ગજનેત્રઃ** ગણપતિની હાથી જેવી ઝીણી આંખો માનવીને જીવનમાં સૂક્ષ્મ દૃષ્ટિ રાખવાની પ્રેરણા આપે છે.જે ગુણગ્રાહકતા અને દીઘર્દ્રષ્ટિની સૂચક છે. માનવીએ પણ પોતાની દ્રષ્ટિને સૂક્ષ્મ રાખવી જોઈએ. નેતાની પાસે પણ ભવિષ્યનું જોવાની દીઘર્દ્રષ્ટિ હોવી જોઈએ. **ગજસૂંઢ :** હાથીનું મોટું નાક દૂર સુધીનું સુંઘવા સમર્થ છે. અહીં એવું સૂચન છે કે નેતામાં પણ દૂરદર્શી પણું હોવું જોઈએ, અને પ્રત્યેક વાતની ગંધ તેને પ્રથમથી જ આવી જવી જોઈએ. પ્રજાનું સુખ, દુઃખ કે સમસ્યાની ગંધ તેને આવી જવી જોઈએ. ટૂંકી દ્રષ્ટિ ન અપનાવતા વ્યક્તિએ દીઘર્દ્રષ્ટિ રાખતા શીખવું જોઈએ. સૂંઢ તોતિંગ વૃક્ષને ઉખાડી શકે છે તો સોય જેવી સૂક્ષ્મ ચીજને પણ ઉઠાવી શકે છે. **ગજદંત :** હાથીને ચાવવાના દાંત અંદર હોય છે.બહારના દાંત માત્ર શોભા રૂપ છે. હાથીદાંતનું મૂલ્ય ખૂબ હોય છે.ગણેશનો એક દાંત પરશુરામે ખંડિત કર્યો હતો.ગણપતિના આ દોઢ દાંત શ્રદ્ધા અને બુદ્ધિના પ્રતીક સમાન છે. ખંડિત દાંત બુદ્ધિની મર્યાદા સૂચવે છે.જ્યારે બીજો આખો દાંત અખંડ શ્રદ્ધાનું પ્રતીક છે. શ્રદ્ધા અને બુદ્ધિ એ ઈશ્વરે મનુષ્યને આપેલી બે અણમોલ ભેટ છે જીવનમાં આ બંનેની આવશ્યકતા છે.બુદ્ધિ સીમિત છે તેથી શ્રદ્ધાનો સહારો લેવો પડે છે.

**ચાર હાથ(ચતુર્ભુજ):** ગણપતિને ચાર હાથ છે. એક હાથમાં અંકુશ ત્રિશુલ, બીજામાં પાશ, ત્રીજામાં મોદક લાડુ અને ચોથામાં આશીર્વાદ ભર્યા છે. અંકુશ એમ સૂચવે છે કે વાસના તથા વિકારો પર સંયમ જરૂરી છે. પાશ એમ સૂચવે છે કે જરૂર પડયે ઈન્દ્રિયોને તથા અનુયાયીઓને દંડ કરવાની શક્તિ પણ નેતામાં હોવી જોઈએ. મોદક એ આનંદનું પ્રતીક છે, જે મોદ કરાવે છે તે મોદક. ચોથો હાથ એમ સૂચવે છે કે પોતાના કર્મના ફળરૂપી મોદક જે વ્યક્તિ ભગવાનના હાથમાં મૂકી દે એને ભગવાનના આશીર્વાદ અવશ્ય પ્રાપ્ત થાય છે. ગણપતિએ પોતાના એક હાથમાં મોદક રાખ્યા છે અને બીજા હાથથી તેઓ પોતાના ભક્તને બોલાવી રહ્યા છે.

**લંબોદર(ગજોદર):** ગણપતિ લંબોદર કહેવાય છે. ગણપતિ નું મોટું પેટ એ વાતનું સૂચન કરે છે કે આપણે બધાની સાંભળેલી વાતો પોતાના વિશાળ ઉદરમાં સમાવી દેવી. તેવી જ રીતે એક નેતામાં પણ પોતાના અનેક અનુયાયીઓની વાતો પોતાના પેટમાં સમાવવાની શક્તિ હોવી જોઈએ.તે સાગર પેટ હોવો જોઈએ. જેમ દરિયો નદીમાંથી આવેલ કચરો પોતાનામાં સમાવી લે છે તેમ મનુષ્યએ પણ કુટુંબ કે સમાજની સાચી-ખોટી વાતોને પોતાનામાં સમાવી ગંભીરતા કેળવવી જોઈએ. ગજોદરની જેમ ગંભીરતા, સહનશીલતા અને ઉદારતાના ગુણો અપનાવવા જોઈએ.

**ગજપગ :** ગણપતિના પગ નાના છે. નાના પગ બુદ્ધિમતાના પ્રતિક છે. બુદ્ધિમાનોના પગ હંમેશા ટૂંકા હોય છે. એટલે કે તેઓ પોતે દોડયા કરતા નથી પરંતુ પોતાની બુદ્ધિથી બીજાને દોડાવે છે. પૃથ્વીની પ્રદક્ષિણાની શરતમાં પોતાના ભાઈ કાર્તિકેયને ગણેશે પોતાની બુદ્ધિથી જ મહાન કર્યા હતા. આ પૌરાણિક ઘટના એ વાતનું પ્રમાણ આપે છે કે મનુષ્યએ પણ પોતે દોડયા વિના બીજાને દોડાવીને બુદ્ધિપૂર્વકનું કામ કરવું જોઈએ.

**ગણપતિનુંવાહન :** ગણપતિનું વાહન ઉંદર છે. અન્ય દેવોના વાહનો વિશાળકાય છે જેથી તે દરવાજે આવીને અટકી જાય છે. જ્યારે ગણપતિનું વાહન ઘર-ઘરમાં લઈ જાય છે. નેતા એવા નાના અને નમ્ર હોવા જોઈએ કે જેથી તે ઘર-ઘરમાં પ્રવેશ પામી શકે, સૌના પ્રિય બની શકે. ઉંદરની બીજી એક નીતિ એવી છે કે કરડે જરૂર પણ ફૂંક મારીને, જેથી આપણને ખબર પણ પડતી નથી. એમ નેતાએ ક્યારેક વાત કહેવી પડે તો મીઠાશથી કહેવી, જેથી સાંભળનારને ખોટું પણ ન લાગે. ઉંદરની માફક માયા પણ ફૂંકી-ફૂંકીને માનવીને કરડે છે. જેથી જ્ઞાની લોકોએ માયાને પણ અંકુશમાં રાખવી જોઈએ. આમ ગણપતિનું વાહન ઉંદર આપણને ઘણી વાતો સમજાવે છે.

**ગણેશજીના વિવિધ નામ :** પુરાણોમાં ગણેજીના ઘણા નામ મળી આવે છે. જેમાં બાર નામ મુખ્ય છે. જેમકે, ગજાનન, ગજદંત, ગજવદન, ગજમુખ, એકદંત, ગણાધ્યક્ષ, કપિલ, લંબોદર, ગજકર્ણ, વિકટ વિઘ્ન-વિનાયક, ધુમ્રકેતુ, સંકટનાશન, ભાલચંદ્ર વગેરે.

ગણેશજી પર એક પુરાણ લખાયેલ છે. જેનું નામ ગણેશપુરાણ છે. આ પુરાણ ભગવાન ગણેશની પ્રાપ્તિ કરાવનાર છે. ગણેશપુરાણ બ્રહ્માજીએ ભૃગુઋષિને સંભળાવ્યું હતું. ભૃગુઋષિએ સોમકાન્ત નામના રાજાને ગણેશપુરાણની કથા સંભળાવી હતી. આ કથાના પ્રભાવથી રાજા સર્વ પ્રકારના પાપોમાંથી મુક્ત થયા અને ગણેજીના લોકની તેમને પ્રાપ્તિ થઈ હતી.



**ગુલાબભાઈ જાની**
લેખક જાણીતા શિક્ષણવિદ્, પ્રયોગશીલ કેળવણીકાર અને સિસ્ટર નિવેદિતા સંકુલના સ્થાપક છે.

# શિક્ષણની દિશા – પુનઃ વિચારીએ

તાજેતરમાં અમેરિકાની વર્જિનિયા ટેક યુનિવર્સિટીમાં એક વિદ્યાર્થીએ ૩૨ નિર્દોષ વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકની ગોળીબાર કરી હત્યા કરી તેથી સમગ્ર અમેરિકામાં હાહાકાર મચી ગયો. વિશ્વમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડયા. અમેરિકન યુનિવર્સિટીમાં તથા શાળામાં પણ આવા બનાવો અવારનવાર બનતા રહે છે. કોઈ ગન લોબીને દોષ દે છે, કોઈ અતિ ભૌતિકવાદી વિચારસરણીનું પરિણામ ગણે છે. આપણા દેશમાં પણ ભણેલાગણેલા યુવાનો હિંસા તરફ વળતા જાય છે, આ સમગ્ર પ્રશ્નનો ગંભીરતાથી વિચાર કરી તેનું નિરાકરણ લાવવાની જરૂર છે.

આજે શિક્ષણનું મૂળ ધ્યેય - To produce a good human being – સારી વ્યક્તિ બનાવવાનું – વિસરાઈ ગયું છે. તેને બદલે કેમ જીવનમાં ઝડપથી સફળ થવું – સફળતા એટલે ભૌતિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવી, યેન કેન પ્રકારેણ આર્થિક પ્રગતિ સાધવી એ જ જાણે ધ્યેય બની ગયું છે. આપણી શાળા-કૉલેજોમાં આપણે પરીક્ષામાં વધુમાં વધુ ગુણ પ્રાપ્ત કરવાની જ તાલીમ આપીએ છીએ. બધાને ઊંચી કારકિર્દી બનાવવી છે, જેથી વધુ પૈસા કમાઈ શકાય. સદગુણી વિદ્યાર્થી કે વ્યક્તિની સમાજને કંઈ પડી નથી. મૂલ્યશિક્ષણ વિસરાઈ ગયું છે.

ગયા દાયકામાં રોમમાં મેકડોનાલ્ડ્સની ફાસ્ટ ફૂડ ચેઈન શાખા શરૂ થઇ ત્યારે ત્યાંના કેટલાક લોકોને 'ફાસ્ટ ફૂડ'ના કૉન્સેપ્ટ સામે એ વાતે વાંધો પડયો કે આપણે માણસ છીએ કે હડકાયાં કૂતરાં ? ખાવા જેવી નિરાંતની ઘટનામાં પણ ઉતાવળ ? એટલે અમુક રોમન નાગરિકોએ મળીને ફાસ્ટ ફૂડના વિરોધમાં 'સ્લો ફૂડ ઓર્ગેનાઈઝેશન'ની સ્થાપના કરી. તેના પગલે ધીમેધીમે દુનિયાભરમાં નિરાંતવી જીવનશૈલીના ચાહકોએ અવાજ ઉઠાવવાનું શરૂ કર્યું, જે હવે 'સ્લો મૂવમેન્ટ' તરીકે ઓળખાય છે. સ્લો મૂવમેન્ટવાળાઓ ઉદ્યોગો અને સફળતાના વિરોધી નથી. એમનું કહેવું એમ છે કે જે પ્રજાના જીવનમાં કામ, આરામ, પરિવાર, મનોરંજનનો સુમેળ હોય એવી પ્રજાનો દેશ વધુ સારી ઉત્પાદકતા આપી શકે છે. આપણી વસતિ આટલી બધી છે અને આપણે લોકો દર અઠવાડિયે ફ્રેન્ચ પ્રજા કરતાં ૧૩ કલાક વધુ કામ કરીએ છીએ, છતાં ફ્રાન્સની કુલ રાષ્ટ્રીય પેદાશ (જીડીપી) ૨.૨૭ ટ્રિલિયન ડૉલર છે, જ્યારે આપણે હજુ ગયા અઠવાડિયે પહેલી વાર ૧ ટ્રિલિયન ડૉલરનો આંક આંબી શક્યા. ફ્રાન્સમાં ઓછા લોકો ઓછા કલાક કામ કરતા હોવા છતાં એમની ઉત્પાદકતા વધુ છે તો છે જ.

ટૂંકમાં, સ્લો મૂવમેન્ટના તરફદારોની દલીલ એ છે કે પ્રગતિ માટે ઘાંઘા થવાની જરૂર નથી, દિવસ-રાત કામમાં ખૂંપેલા રહેવાની જરૂર નથી. શાંતિથી પણ સારું (અને વધુ) કામ થઈ શકે. ધીમી ગતિએ ચાલતો કાચબો પણ સસલાને રેસમાં હરાવી શકે. મોટે ભાગે એવું જ બનતું હોય છે કે ખૂબ તેજ દોડનારું સસલું રસ્તામાં થાકીને આરામ કરવા લલચાય છે, જ્યારે કાચબો ધીમેધીમે સતત ચલી શકે છે.

સ્લો મૂવમેન્ટની આવી બધી અણીદાર દલીલો સામે ફાસ્ટ લાઈફ એટલે કે ઝડપી જીવનના ચાહકો બહુબહુ તો એટલી દલીલ કરી શકે કે અમારો મિજાજ જ ફાસ્ટ છે, અમે બિલ ગેટ્સ કે ધીરુભાઈ અંબાણી જેવા છીએ, એટલે અમે તો દોડવાના જ. પરંતુ સલાહ એ છે કે ગમે તેટલું દોડો-ભાગો, પરંતુ ડેડલાઈનોને આંબવાની ઉતાવળમાં અને આવતી કાલને ઊજળી બનાવવાના રઘવાટમાં આજની, અત્યારની પળને માણવાનું ચૂકવા જેવું નથી. આજનું કામ આજે કરવું જેટલું મહત્ત્વનું છે એટલું જ મહત્ત્વનું એ પણ છે કે આજનું સુખ, આ ઘડીનું જીવન અત્યારે માણી લેવું. ગઈ કાલ સ્મૃતિ છે, આવતી કાલ કલ્પના છે. જીવન તો માત્ર અને માત્ર વર્તમાનમાં જ છે. મોટા ભાગના લોકોનું ગણિત એવું હોય છે કે 'આટલું કમાઈ લીધા પછી, એક કાર ખરીદ્યા પછી, ઘરનું ઘર લીધા પછી, સંતાનોને પરણાવ્યા બાદ, આખી જિંદગી દોડયા પછી હું શાંતિથી, સુખનું જીવન જીવીશ.' સુખ-શાંતિ માટે બૂઢાપાની રાહ જોવાની જરૂર નથી. છે?

શિક્ષણશાસ્ત્રીઓએ, સમાજચિંતકોએ સાથે મળી વિચારવું પડશે કે આપણે સમાજને કેવો બનાવવો છે ? આપણું શમણું તો એવું છે કે જ્યાં ધર્મના, જાતિના, ભાષાના ઝઘડા નહીં હોય, એકબીજા પ્રત્યે સદ્ભાવથી હળીમળીને સૌ રહેતા હોય, સ્ત્રીપુરુષની સમાનતા હોય, યુદ્ધવિહીન વિશ્વ હોય. વસુધૈવ કુટુંબકમનો આદર્શ ચરિતાર્થ થતો હોય. એ શમણાને સાકાર કરવા કેવું શિક્ષણ આપવું જોઈએ તે વિચારવાની ઘડી આવી ગઇ છે. ચાલો સહુ સાથે મળીને શિક્ષણની દિશા બદલીએ, નવું વિશ્વ બનાવીએ. ■

શિક્ષણ સૃષ્ટિ



**ભગવાનજીભાઈ જી. કાનાણી**
જાણીતા લેખક અને નિબંધકાર,
પ્રિન્સિપાલ - શ્રી ઉમિયાજી મહિલા કોલેજ, ધ્રોલ

# અમેરિકાના ૧૬માં પ્રમુખ
# અબ્રાહમ લિંકનનો પુત્રના શિક્ષકને ઐતિહાસિક પત્ર

**"Government of the People, by the people and for the people is democracy." – Abraham Lincoln.**



અમેરિકાના ગુલામોના મુક્તિદાતા શ્રેષ્ઠ અને લેજન્ડરી પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકને (૧૮૦૯-૧૮૬૫) તેમના પુત્રના શિક્ષકને લખેલો પોણા બે સૈકા પહેલાનો પત્ર આજે પણ એક ઐતિહાસિક દસ્તાવેજી પત્ર ગણાય છે. જગતની શાળામાં આ પત્રને ભણવામાં આવે છે. આજના સંદર્ભમાં આ પત્ર શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીગણને માટે બોધપાઠ સમાન છે.

વિશ્વના રાજપુરૂષોના મતે Abraham Lincoln is the all time the best and most powerful president of U.S.A. in the American history.

**સન્માનીય ગુરુજી,** હું આજે મારા પુત્ર રોબર્ટને શિક્ષણ માટે આપશ્રીના હાથમાં સોંપી રહ્યો છું. તેની સાથે શાંતિથી અને સૌમ્યતાથી વર્તવા વિનંતી છે.

- આપશ્રી તેને શીખવજો કે
- સમાજમાં જેમ લુચ્ચા માણસો હોય છે તેમ સારા માણસો પણ હોય છે.
- બીજાઓ પ્રત્યે ઈર્ષા કરવાની ભાવના પોતાના મનમાં ના લાવે.
- રાગદ્વેષથી દૂર રહી પોતાની મુસીબતોને હસીને ટાળી દેવાનું મહત્વ છે.
- છેતરપિંડી કરવા કરતા નિષ્ફળતા સારી છે.
- ભલા સાથે નરમાશથી અને દૂષ્ટો સાથે મક્કમતાથી વર્તવું જરૂરી છે.
- ટોળાંશાહીને અનુસરવાને બદલે સામનો કરવો જરૂરી હોય છે.
- બધાનું સાંભળે પણ તેમાંથી સત્ય તારવવાની આવડત જરૂરી હોય છે.
- સારા - ખરાબ દરેક અનુભવોમાંથી સારું શીખીને બહાર આવવું.
- સુખમાં છકી ન જવું અને દુઃખમાં પણ હસતાં રહેવું જોઈએ.
- સાહસ અને બુદ્ધિથી કમાવું પણ આત્મા અને હૃદયને વહેચવું નહી.
- હિંમતવાન અને સાચો હોય તે કોલાહલ અને યુદ્ધમાં પણ એકલો સ્થિર રહી શકે છે.
- ધૈર્ય બહાદુરોનો ગુણ છે, પણ ક્યારેક ધૈર્ય છોડવાની હિંમત પણ રાખવી જોઈએ.
- આગમાં તપીને સુવર્ણ શુદ્ધ થાય છે તેમ જીવનમાં પણ સંઘર્ષ અને મુશ્કેલી જરૂરી છે.
- ઉચ્ચ શ્રધ્ધા જ માનવતામાં સાચી શ્રધ્ધા રાખતા શીખવે છે.
- શાળામાં પરીક્ષામાં ચોરી કરી પાસ થવા કરતા નાપાસ થવું વધારે માનભર્યું છે.
- વક્રદ્રષ્ટી વાળા માણસને તરછોડીને ખુશામતીઆઓથી ચેતતા રહેવું ખુબ જ જરૂરી છે.
- સ્વાર્થી રાજદ્વારી માણસો હોય છે તેમ સમર્પણની ભાવના વાળા નેતાઓ પણ હોય છે.
- કોઈપણ પ્રકારની ઉદાસીનતાને પ્રસન્નતામાં પરિવર્તિત કરી શકાય છે.
- પુસ્તકોના વાંચનની જેમ પ્રકૃતિને પણ માણવાનું ખુબ જ મહત્વ છે.
- મફતમાં મળેલા પાંચ ડોલર કરતા જાતે મહેનત કરીને કમાયેલ એક ડોલર વધુ મૂલ્યવાન હોય છે.
- જીવનયાત્રા સફળ બનાવવા માટે શ્રદ્ધા, પ્રેમ, સાહસ અને માનવતા ખુબ જ જરૂરી છે.

હું જાણું છું કે આ બધું જ શીખવવું અતિશય મુશ્કેલ છે પણ હું વિનંતી કરું છું કે તમારાથી થઈ શકે તે જરૂર કરજો. કારણકે મારો દીકરો નાનો, વહાલો અને મજાનો માનવ છે.

લી. અબ્રાહમ લિંકનના પ્રણામ ■



**ડો. ભાવેશ જેતપરિયા**
લેખક, સંશોધક, સંપાદક, અધ્યાપક,
સભાસંચાલક અને પ્રવક્તા
(પૂર્વ પ્રોફેસર જે. એ. પટેલ મહિલા કોલેજ - મોરબી)

# પરદેશ વસતી દીકરીનો પપ્પાને પત્ર

પરમ આદરણીય, વ્હાલા પપ્પા,

સાત સમંદર પાર બેઠેલી તમારી દીકરીના હૈયાના ખૂણે ખૂણેથી વહેતાં સ્મરણનાં ઝરણાં આજે અક્ષર બનીને તમારા ચરણોમાં ઢળે છે. સ્વીકારજો.

પપ્પા, 'પપ્પા, તબિયત સારી છે ને?' એ સવાલ રોજ વીડિયો કોલમાં પૂછું છું, પણ આજે કાગળમાં લખવાનું મન થયું. કારણ કે 'પિતાનો બોજ દીકરીના સંસાર પર આજીવન હોય' - એ હું સાત સમંદર દૂર બેઠી બેઠી પણ રોજ અનુભવું છું. પપ્પા ક્યારેય દૂર જતા નથી; એ તો દીકરીના સંસ્કાર બનીને સાથે જ જીવે છે.

પપ્પા, હું આજે ૩૮ વર્ષની થઈ. તમે ૭૦ના થયા. પણ મારા માટે તમે આજે પણ એ જ છો - કૉલેજના અધ્યાપક, મારા પહેલા ગુરુ. નાની હતી ત્યારે તમારી 'પપ્પાની પરી' હતી. ભણી ત્યારે તમારી 'ભણેસરી' બની. કૉલેજમાં ગઈ ત્યારે તમારી 'સલાહકાર' બની. તમે જ કહેતા: "દીકરા, ભણવું એટલે ડિગ્રી નહીં, દીવો થવું." એટલે જ બારમા પછી ઘર છોડીને બહાર ભણવા ગઈ. માસ્ટર્સમાં ટોપ-ટેનમાં આવી ત્યારે તમારી આંખમાં જે ચમક હતી ને પપ્પા, એ આજે પણ યાદ છે. પહેલા જ ઈન્ટરવ્યુમાં ઈપ્કા ફાર્મામાં નોકરી મળી ત્યારે તમે શાનથી આખા ગામમાં મીઠાઈ વહેંચેલી -"મારી દીકરીએ પોતાના દમ પર સર્વિસ મેળવી છે!"

પપ્પા, જે દીકરી તમારી આંગળી પકડ્યા વગર એક ડગલું ન ભરતી, એ આજે પ્લેન પકડીને દેશ છોડીને આવી ગઈ. પણ પપ્પા, દેશ છોડ્યો છે, સંસ્કાર નહીં. તમારા ગયા વગર જ સમજાઈ ગયું કે 'પિતાનું મૂલ્ય પિતાથી દૂર ગયા પછી સમજાય'. આજે જ્યારે હું પણ એક દીકરીની મા બની છું, ત્યારે પહેલો સંકલ્પ એ જ થયો - 'પપ્પા, હું પોતે હિંમત બનીને રહીશ જેવા તમે મારા માટે હતા.'

પપ્પા, યાદ છે શાળામાં વાર્તા અને વક્તૃત્વ સ્પર્ધામાં હું હંમેશાં પ્રથમ આવતી? સ્ટેજ પર બોલતાં પહેલાં હું પ્રેક્ષકોમાં તમને શોધતી. તમે છેલ્લી હરોળમાં બેઠા બેઠા આંખથી જ કહેતા: "દીકરા, ડરીશ નહીં, બોલ." એ 'ડરીશ નહીં' આજે પણ મારી જિંદગીનું સૂત્ર છે. પહેલી વાર હું પરીક્ષામાં પાસ થઈ ને ઘરે આવીને રડવા લાગી ત્યારે તમે માથા પર હાથ મૂકીને કહ્યું હતું: "દીકરા, પ્રથમ નંબર ન આવે તો ચાલે, પણ હિંમત ન બગડવી જોઈએ." પપ્પા, તમે કૉલેજમાં ભણાવતા, અમને ભણાવ્યું ઓછું, પણ તમારી સમજણ તો 'અનુભવની પાઠશાળાની પીએચડી' હતી. 'દીકરીના આંસુ લૂછે એ જ સાચો પિતા' એ મંત્ર તમે જીવી બતાવ્યો.

## ડો. ભાવેશ જેતપરિયાના ગ્રંથોનું પ્રકાશન



**મોરબી કોલેજના પૂર્વ અધ્યાપક અને સાહિત્ય વિવેચક, સંશોધક, સંપાદક નવલકથાકાર, વાર્તાકાર, તરીકે ડો. ભાવેશ જેતપરિયા નામ અને કામથી સુવિદિત છે. રવિ-ભાણ સંપ્રદાયના સંતકવિ જીવા ભગત પરનું સંશોધન ગુજરાતી સંતસાહિત્યમાં બહુમૂલ્ય રહ્યું છે. તાજેતરમાં તેઓના બાર ગ્રંથો પ્રકાશિત થયા છે. બીજા ચાર ગ્રંથો આવનાર સમયમાં પાર્શ્વ પ્રકાશન દ્વારા પ્રકાશિત થશે. ગુજરાતી સાહિત્ય અકાદમી અને પ્રવીણ પ્રકાશન અને વિજયાગ્રાફિક્સ દ્વારા પ્રકાશિત થયા છે અને ત્રણ વાર્તા સંગ્રહો પ્રકાશમાન છે.ડો. ભાવેશ જેતપરિયા 'ઉમાસૃષ્ટિ'ના નિયમિત લેખકછે અને વિશ્વ ઉમિયા સારસ્વત પરિષદના સદસ્ય છે. તેઓની કલમ હજુ ઉજાગર થતી રહે તેવી શુભેચ્છા સાથે ખૂબ ખૂબ અભિનંદન !**

પપ્પા, મેં ઓર્ગેનિક પર સંશોધન શરૂ કર્યું ત્યારે તમે આખા ગામના પુસ્તકાલયો, ગુગલ, ને તમારા પ્રોફેસર મિત્રો પાસે માહિતી ખોજતા ફરતા હતા - હું કહેતી કે "પપ્પા, ચિંતા ન કરો, બાયો ટેકનોલોજીમાં બધું લેબમાં બેસીને તૈયાર કરવાનું હોય, તમારે સાહિત્યમાં હોય એવું સાયન્સમાં ન હોય," પણ તમે માન્યા નહીં; ને જે દિવસે મેં ચૂપચાપ મારો થિસિસ અંગ્રેજીમાં બાંધીને તમારા હાથમાં મૂક્યો ને કહ્યું "આ લો પપ્પા, તમારી દીકરીનું પહેલું સંશોધન", તમે અવાક્ થઈને પાનાં ફેરવતા રહ્યા, પછી આંખ ભીની કરીને મને છાતીએ વળગાડી દીધી - એ ક્ષણે તમે ભાવવિભોર થઈ ગયા ને પછી જાણે મારો હાથ છોડી દીધો કે "હવે તું ઊડ, દીકરા, તારા આકાશમાં"; પપ્પા, મને ખબર છે, એ દિવસે અધ્યાપક હાર્યો હતો, પણ બાપ જીતી ગયો હતો.

# નારી સૃષ્ટિ

પપ્પા, તમારું આંગણું આખા ફળિયાનું આશ્રયસ્થાન હતું. "આવો, પાણી પી લો" કહીને તમે કોઈને ખાલી મોઢે જવા દીધા નથી. ગામમાંથી ફોન આવે ત્યારે હજી પાડોશી કહે છેઃ "તારા પપ્પાના હાથની ચા હવે ક્યાં?" નોકરીએથી આવીને તમે જાતે ચૂલો સળગાવી ચા બનાવતા ને સૌને પાતા. મા કહેતીઃ "થાક્યા છો, બેસો." તમે કહેતાઃ "મહેમાન ભગવાન કહેવાય, ભગવાનને થાક ઉતારતા ન અપાય." પપ્પા, 'ઘરનો મોભી એટલે સૌનો સેવક' એ તમે શીખવ્યું.

પપ્પા, યાદ છે એ કાચનો ગ્લાસ? હું દસમા ધોરણમાં હતી ને પરીક્ષાના ટેન્શનમાં મારાથી દૂધનો ગ્લાસ ઢોળાઈ ગયો. હું ગભરાઈને ઊભી રહી. તમે તરત લૂગડું લઈને સાફ કરવા લાગ્યા ને બોલ્યાઃ "દીકરા, કાચ તૂટ્યાનો અવાજ ન સાંભળ્યો, પણ તારા મનનો અવાજ સાંભળી લીધો. ગભરાઈશ નહીં, હું છું ને." પપ્પા, તમે મને ગ્લાસની નહીં, દીકરીના હૈયાની કિંમત શીખવી. 'ભૂલ થાય ત્યારે ઠપકો નહીં, ટેકો આપે એ બાપ' એ તમે હતા.

પપ્પા, તમે હિંમતવાળા. આખી જિંદગી કોઈ બાબતે તમારી આંખમાં આંસુ જોયાં નથી. પણ લગ્ન થયા પછી જ્યારે હું પરદેશ જવા નીકળી, એરપોર્ટ પર તમે મને ભેટી પડ્યા ત્યારે પહેલી વાર તમને ભાંગી પડેલા જોયા. તમારા ખભા ધ્રુજતા હતા પપ્પા. તમે બોલ્યા નહીં, પણ તમારી આંખ બોલી ગઈ - "દીકરા, સાચવીને રહેજે." પપ્પા, એ દિવસે સમજાયું કે 'વડલો પોતે ક્યારેય રડતો નથી, પણ એની છાંયડો છોડીને જતી વેલને જોઈને એનાં પાંદડાં ખરે છે.'

પણ પપ્પા, એક વાતે હું આજે પણ રિસાઉં છું. તમે સૌની ચિંતા કરતા કરતા તમારી જાતને ભૂલી જાવ છો. ઉનાળાની બપોરે કૉલેજેથી આવો ત્યારે માથું ફાટફાટ થતું હોય, તોય પહેલાં વીડિયો કોલમાં પૂછોઃ "દીકરા, ત્યાં ઠંડી છે ને? તું જમી? તારી દીકરી જમી?" હું કહુંઃ "પપ્પા, તમે પહેલાં આરામ કરો." તમે કહોઃ "દીકરા, ઘરની દીકરી દુઃખી હોય ત્યાં સુધી બાપને ઊંઘ આવે નહીં." પપ્પા, તમારી એ મમતા આંખ ભીની કરે છે, પણ તમારી જાત પ્રત્યેની બેદરકારી આજે પણ કઠે છે. 'બીજા માટે દીવો બનીને સળગે એ બાપ, પણ પોતે તડકામાં ઊભો રહે' એ તમે છો.

પપ્પા, હમણાં મમ્મીનો ફોન આવ્યો કે તમારી તબિયત નરમગરમ રહે છે, પણ તમે જાત પ્રત્યે કેરલેસ છો - ટાઈમસર દવા નથી લેતા, બપોરે તડકામાં બહાર જતા રહો છો, ને થાક લાગે તો પણ 'કંઈ ન થાય' કહીને ટાળી દો છો. પપ્પા, તમે આખી જિંદગી અમારા માટે દીવો બનીને સળગ્યા, પણ હવે તમારી જાત સાચવો, કારણ કે 'દીકરીની હિંમતનો દીવો બાપના આરોગ્યના તેલથી જ સળગે'. એટલે વિનંતી કે દવા સમયસર લેજો, બપોરે તડકો ટાળજો, આરામ કરજો - પરદેશ બેઠેલી તમારી દીકરીને તમારા એક 'હા, હવે સાચવું છું' શબ્દથી જ ઊંઘ આવશે.

પપ્પા, ગયા વખતે તમને તાવ આવ્યો ત્યારે તમે અમને કહ્યું જ નહીં. પાડોશી કાકાએ ફોન કરીને કહ્યું. પપ્પા, દવા બરાબર લેજો. આરામ કરજો. અમે અહીં બેઠાં મથીએ છીએ, પણ તમે તો અમારી આંખ વીડિયો કોલમાં પણ વાંચી લો છો. ફોન મૂકતાં પહેલાં પણ પહેલાં પૂછોઃ "દીકરા, તું થાકી ગઈ છે, જરા આડી પડ." અરે પપ્પા, સિત્તેર વર્ષે પણ તમે બાપ જ રહ્યા. 'પિતાનું હૈયું એટલે વડલો, પોતે તડકો વેઠીને બીજાને છાંયડો આપે' એ તમે આજે પણ નિભાવો છો.

પપ્પા, હું પરદેશમાં છું એટલે ઘર સૂનું લાગતું હશે. ઓટલે તમારી ખુરશી પડી હશે. તમારી લાકડી ખૂણામાં ઊભી હશે. 'ઘરમાં બાપા હોય ત્યાં સુધી જ ઘર હવેલી લાગે' એ વાત હવે રોજ સમજાય છે. તમારાથી દૂર આવી પછી સમજાયું કે 'બાપની હાજરી એટલે દીકરીની હિંમત'.

પપ્પા, મારાથી કદી કોઈ ભૂલ થઈ હોય, તમને કદી દુઃખ પહોંચ્યું હોય, તો આ દીકરી માથું નમાવીને માફી માગે છે. ખબર છે, તમે તો મને માફ કરી જ દીધી હશે, કારણ કે 'બાપનો ખોળો એટલે માફીનું મંદિર'.

હવે કાગળમાં એમ તો લખીશ કે "પપ્પા, ક્યારે મળશો?" કારણ કે ટિકિટ બુક થઈ ગઈ છે. આવતા મહિને હું આવું છું. ત્યાં સુધી રોજ સાંજે તુલસી ક્યારે દીવો કરું ત્યારે પહેલી વાટ તમારા નામની ચડાવું છું. 'બાપ વગરનું ઘર એટલે નેતર વગરનું નાળિયેર' પણ તમારા આશિષનું પાણી હજી અમારા જીવનને મીઠું રાખે છે.

પપ્પા, તમે શીખવેલું કે 'દીકરા, જ્યાં જઈશ ત્યાં અજવાળું કરશે.' હું એ જ કરુ છું. તમારી પરી, તમારી ભણેસરી, તમારી સલાહકાર, તમારી વકીલ - આજે તમારા રસ્તે ચાલીને બીજાને પ્રેરણા આપવા મથે છે.

લિ.

**પરદેશ વસતી તમારી, પપ્પાની પરી**

તા.ક. પપ્પા, તમે સ્વદેશમાં છો, હું પરદેશમાં. પણ દિલથી એક જ છીએ. મળીએ ત્યારે હાથની ચા પીવી છે. સાચવીએ રહેજો. તમારી દીકરી આવે છે.

મો. ૯૮૭૯૮ ૩૫૭૧૭

## નારી સૃષ્ટિ



**શ્રીમતી ગીતા ઉનડકટ**
ભારતીય સંસ્કૃતિની પક્ષધર અને
નારીવાદી લેખિકા, રાજકોટ.

# દામ્પત્યજીવન મધુર કેમ બને ?

જીવનનો સૌથી મહત્ત્વનો તબક્કો એ દામ્પત્યજીવન છે. પતિ અને પત્ની પરિવારના પ્રમુખ પાત્ર છે. પરિવારનાં સુખ - શાંતિ અને સમૃદ્ધિ બધું જ પત્ની ઉપર આધાર રાખે છે. કેમ કે દામ્પત્યસંબંધનો મૂળ આધાર પત્ની જ છે. અને દામ્પત્યજીવનનું ખરું સુખ સ્નેહ અને સમર્પણમાં જ સમાયેલું છે. જો આ વાતને શ્રદ્ધાપૂર્વક મન – વચન અને કર્મથી આચરણમાં મૂકવામાં આવે તો જિંદગી ખૂબ સુંદર બની શકે.

દામ્પત્યજીવનનો આરંભ એટલે રંગીન શમણાભર્યું તંદ્રામય ખુશનુમા પરોઢિયું..! વહેલી પરોઢિયે સુંદર સ્વપ્ન આવે તો દિવસ કેવો સુંદર લાગે ? પરંતુ સવાર થતાં જ સ્વપ્ન ભુલાઈ જાય છે. એવું જ દામ્પત્યજીવનનું પણ છે. શરૂઆતમાં બધું જ સુખમય જ લાગે છે પણ હંમેશા માટે એવું રહેતું નથી. વાસ્તવિકતા કાંઈક અલગ જ હોય છે. બધાના દામ્પત્યજીવનમાં હંમેશા પ્રસન્નતા અને મધુરતા હોતાં નથી કેમ કે પતિ-પત્નીના બંનેના સંસ્કાર, આચાર-વિચાર, પસંદ-નાપસંદ બધું અલગ અલગ હોય છે. જેના લીધે જીવનમાં સંઘર્ષ ઉદ્ભવે છે. હવે પ્રશ્ન એ થાય કે તો પછી દામ્પત્યજીવન મધુર કેમ બને ?

મધુરદામ્પત્યજીવનનો આધાર એક નહિ પણ અનેક બાબતો ઉપર છે જેમ કે...

**૧. પતિ-પત્નીમાં પરસ્પર વિશ્વાસ હોવો જોઈએ :** વિશ્વાસ જ પ્રસન્ન દામ્પત્યજીવનનો પાયો છે. પતિ-પત્ની બંનેને એકબીજામાં અતૂટ વિશ્વાસ હોવો જોઈએ. સુખી લગ્નજીવનને ટકાવી રાખવા જો ઉભયપક્ષે પૂર્ણ વિશ્વાસ ના હોય તો પ્રેમમાં ઓટ આવે છે અને જીવનમાં કડવાશ પેદા થાય છે. વિશ્વાસ તો વિશ્વનો શ્વાસ છે. જ્યારે અવિશ્વાસમાંથી શંકા ઉત્પન્ન થાય છે. શંકા તો ધીમું ઝેર છે જે જીવનનાં માધુર્યને મારે છે. અવિશ્વાસ અને શંકા ગમે તેવા મજબૂત સંબંધને કોરી નાંખી પોલો કરી દેતી ઊધઈ સમાન છે. માટે ક્યારેય પણ કોઈના મનમાં શંકા આવે તો નિખાલસપણે ચર્ચા કરી વાતનો અંત લાવવો એમાં જ સમજદારી છે. કેમ કે મનમાં શંકા રાખી કોઈ સુખી થતું નથી. માટે જો દામ્પત્યજીવનને મધુર બનાવવું હોય તો પરસ્પર વિશ્વાસ રાખવો જરૂરી છે.

**૨. પતિનું ક્યારેય અપમાન ના કરો :** ઘણી વાર જીવનમાં



નાની નાની વાતોમાં સંઘર્ષ થતા હોય છે. પરંતુ એકબીજાની વાત સમજીને પરસ્પર માન જાળવી રાખવાથી જીવન મધુર બને છે. કેમ કે દરેક વ્યક્તિનું પોતાનું સ્વાભિમાન હોય છે ને ! જ્યારે જાહેરમાં કે કોઈ અન્ય વ્યક્તિની હાજરીમાં પતિનું અપમાન થાય છે ત્યારે એના અહ્મને ઠેસ પહોંચે છે. એના બદલે સ્નેહ, સંયમ અને સહિષ્ણુતા રાખી સંઘર્ષ દૂર કરવો જોઈએ. જો આપણે અપમાન સહન ના કરી શકીએ તો પતિ પાસેથી એવી અપેક્ષા કેમ રાખી શકીએ. બરાબરને ?

**૩. પતિની ક્યારેય અન્ય સાથે તુલના ના કરો :** જો દામ્પત્યજીવન સુખી રાખવું હોય તો તમારા પતિની સરખામણી ક્યારેય પણ બીજા પુરુષો સાથે ના કરો. કેમ કે દરેક પુરુષમાં પોતે શક્તિશાળી, સમર્થ અને કાબેલ હોવાનો અહ્મ હોય છે અને દરેક પતિ પોતાની પત્ની અને પરિવાર માટે પારાવાર મહેનત કરતો જ હોય છે. છતાંયે જ્યારે પત્ની અન્ય પુરુષ સાથે તુલના કરીને મેણા મારી પોતાની સાચીખોટી માંગણી પૂરી કરવા જીદ કરે છે ત્યારે જીવનમાં કડવાહટ આવે છે. માટે એક સમજદાર પત્નીએ પતિના અમને સંતોષવો જોઈએ. નહિ કે તેની અન્ય સાથે તુલના કરી એના અહ્મને પડકારવો જોઈએ.

**૪. મતભેદ ભલે થાય પણ મનભેદ ના થવા દો :** ક્યારેય કોઈ બે વ્યક્તિના વિચાર સરખા હોતા નથી માટે નાનીમોટી વાતમાં

# નારી સૃષ્ટિ

મતભેદ થાય તે સહજ બાબત છે. કોઈને ટી.વી. જોવું ગમે તો કોઈને ચોપડી વાંચવી ગમે, કોઈને બહાર ફરવા જવું ગમે તો કોઈને પિક્ચર જોવું ગમે. સહજીવનમાં આવું તો ચાલ્યા જ કરે પરંતુ પતિ-પત્ની બંનેએ સમજીને મતભેદ દૂર કરવા જોઈએ. પણ મનમાં એવું ના થવું જોઈએ કે હંમેશા મારે શા માટે જતું કરવાનું ? જો મનમાં સમર્પણની ભાવના હશે તો મનભેદ નહિ થાય અને દામ્પત્યજીવન જરૂર મધુર બનશે.

**૫. નાહક વાદ-વિવાદ ના કરો :** ક્યારેય પણ નાહક વાદવિવાદ કરી ખોટી ચર્ચા કરી વાત ના વધારો. કોઈ પણ સમસ્યાનું સમાધાન હંમેશા સ્નેહથી કરો. કડવા શબ્દોના ઉપયોગથી જીવનમાં કડવાશ આવે છે. કહેવાય છે ને કે તલવારના ઘા રૂઝાય છે પણ શબ્દોના ઘા રૂઝાતા નથી. કડવી વાણી સાંભળવી કોઈને ગમતી નથી માટે જો વાણીમાં મધુરતા હોય તો જ દામ્પત્યજીવન મધુર બને છે એ ભૂલવું ના જોઈએ.

**૬. પરિવારના આર્થિક પ્રશ્નો ઉકેલવામાં પતિને સાથ આપો.** : સુખમય દામ્પત્યજીવન માટે આ વાત ખૂબ જરૂરી છે. પતિની આવક પ્રમાણે ખર્ચ કરીને કુટુંબની આર્થિક સ્થિતિનો ખ્યાલ રાખવો એ પત્નીની જવાબદારી છે. જરૂરિયાતો મર્યાદિત રાખી બિનજરૂરી ખરીદી ના કરવી જોઈએ. આધુનિક સુખ-સુવિધાની લાલસા દરેકને હોય છે. પરંતુ પતિની મર્યાદિત આવક સામે ફરિયાદ ના હોવી જોઈએ. બની શકે તો પતિને મદદ કરવી જોઈએ. પત્ની શિક્ષિત અને સમજદાર હોય તો જરૂર મદદ કરી શકે. યાદ રાખવું જોઈએ કે પતિ કાંઈ રૂપિયા રળવાનું મશીન નથી. માટે એ જ અપેક્ષા રાખવી જે અધૂરી ના રહે.

**૭. પતિ-પત્ની વચ્ચે નિઃસ્વાર્થ અને વિશુદ્ધ પ્રેમ હોવો જોઈએ:** દામ્પત્યજીવનને મધુર બનાવવા માટેની આખરી અને સૌથી અગત્યની બાબત એ છે કે બંને વચ્ચે પ્રેમ હોવો જોઈએ. પ્રેમ અને લાગણી વિના જીવન જિવાતું નથી. પતિના સુખમાં સુખી અને પતિના દુઃખમાં દુઃખી એવી ભાવના હોવી જોઈએ. એકબીજાના સુખદુઃખમાં પ્રેમથી પડખે ઊભા રહીને જીવનની વિકટતા દૂર કરવી જોઈએ. પ્રેમ એ સુખમય જીવનની સંજીવની છે. પત્નીને અર્ધાંગિની કહેવામાં આવે છે તો સુખી થવા માટે પરસ્પર પ્રેમ હોવો જરૂરી છે.

આ છે દામ્પત્યજીવનને મધુર બનાવવા માટેના સેવન સિક્રેટ્સ. જીવન બહુ ટૂંકૂ છે અને ખુશીઓ ઘણી છે. પત્નીનું મન પ્રેમનો છલકાતો સાગર છે. પ્રેમ તો જેટલો આપશો તેટલો વધતો જશે. પ્રેમ જ એક એવી વસ્તુ છે જે આપવાથી કદી ઓછી થતી નથી. જેના લીધે જિંદગી રણ બનવાને બદલે લીલીછમ બની જશે અને પુષ્પની પાંખડીઓ સમાન દામ્પત્યજીવન પણ સોળે કળાએ ખીલી ઊઠશે એમાં જરાયે શંકા નથી. ■

(અનુ. પેઈજ ૨૪ નું શરૂ)

## ‘ગૃહિણી એટલે (માત્ર) ઘર જ’ ?

જ્યાં સમાન અધિકારનો દુરાગ્રહ હોય ત્યાં લગ્નજીવન જીવાય ખરું, પણ એમાં બીજા માટે જીવવાનો આનંદ ન હોય. જ્યાં પતિ-પત્ની વચ્ચે માત્ર દૈહિક કે ભૌતિક જરૂરિયાત માટેનો સ્થૂળ સંબંધ જ હોય ત્યાં દામ્પત્યસ્નેહથી દિવ્ય ફોરમ ક્યાંથી અનુભવાય ? પતિ-પત્ની વચ્ચે જ્યારે અહમ્ કેન્દ્રમાં હોય ત્યારે તે દંપતી નહી, બલકે હુતો - હુતી જ રહે છે, કેમ કે એમાં હું જ કેન્દ્રસ્થાને હોય છે ! દામ્પત્યનું સાહચર્ય એ ભૌતિક જરૂરિયાતોથી વિશેષ ઊર્ધ્વ, વિશેષ ઉમદા બાબત છે. અને એવું મધુર ઉમદા દામ્પત્ય સિદ્ધ કરવા માટે દંપતીએ અહમ્‌નું બલિદાન આપવું જ પડે. સ્વ નો પરમાં વિલય કરવો જ પડે. કેળવણીથી સ્ત્રી આર્થિક સ્વાતંત્ર્ય મેળવી શકે, એ પુરુષના આધાર વગર જીવી શકે, સ્વમાન ભંગ થતાં એ પતિથી અલગ પણ રહી શકે અને એ રીતે કદાચ એનું સ્વમાન, આત્મગૌરવ જળવાય; પરંતુ પુરુષથી અળગ રહેવું એ દામ્પત્યજીવનની સમસ્યાનો ઉકેલ નથી. દામ્પત્યજીવનની સમસ્યાનો ઉકેલ છે. પરસ્પરના સંવાદમાં. આ સંવાદનું કેન્દ્રબિંદુ છે પરસ્પર માટેનો પ્રેમ અને એ પ્રેમ ટકી શકે એવું હૃદયનું ઔદાર્ય. સાચો સ્નેહ પોતાનો જ વિચાર નથી કરતો, સામેની વ્યક્તિનો પણ વિચાર કરે છે. એના આનંદ માટે જીવે છે. જ્યારે પરસ્પર એકબીજાનો ખ્યાલ કરવામાં આવતો હોય, પોતાના માટે માગણીને સ્થાને બીજાને માટે ત્યાગનો આનંદ હોય ત્યાં દમ્પત્યજીવન ભર્યું લાગે છે.

ભારતીય સમાજમાં ગૃહસંચાલન કરતી નારીનું ગૃહિણીસ્થાન ક્યારેય નીચું નહિ બલકે પુરુષની સમકક્ષ જ સુસ્થાપિત થયેલું છે. સીતાજીનું સ્થાન શ્રીરામના ચરણકમળમાં નહિ, પરંતુ તેમની જોડાજોડ રહ્યું છે. શ્રીરામ, વિષ્ણુ અને શિવજીની સાથે જ સીતાજી, લક્ષ્મીજી અને પાર્વતીજી પૂજાતાં રહ્યાં છે. અને પૂજાતાં રહેશે. જે સમાજમાં કુટુંબજીવનમાં સ્ત્રીનું આવું ગૌરવવાળું સ્થાન હોય, દામ્પત્યજીવનનો આવો ઉમદા આદર્શ હોય, જ્યાં દંપતી એકબીજાના દુઃખે દુઃખી અને સુખે સુખી રહેતાં હોય ત્યાં ગૃહજીવનની સમસ્યાઓ સંભવતી નથી.

મો.૯૭૨૬૪ ૮૫૧૧૬

## નારી સૃષ્ટિ



**પ્રિ. સોમાભાઈ વી. પટેલ 'સોમલ'**
નિવૃત્ત પ્રિન્સિપાલ સરસપુર આર્ટસ - કોમર્સ કોલેજ,
તંત્રીશ્રી - ધરતી સામાયિક, અમદાવાદ, સુપ્રસિદ્ધ લેખક.

# 'ગૃહિણી એટલે (માત્ર) ઘર જ' ?

**પ્રિ. સોમાભાઈ વી. પટેલનો ટૂંકો પરિચય :** સરસપુર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદમાં પ્રધ્યાપક અને પછી પ્રિન્સિપાલ તરીકે સેવાઓ આપી હતી. નિવૃત્તિ પછી દૂરદર્શન કેન્દ્ર અમદાવાદમાં ટ્રાન્સલેટર તથા સમાચાર સંપાદનની કામગીરી બજાવી. તેમણે સાહિત્ય, વિવેચન, ભાષાવિજ્ઞાન, બાળ સાહિત્ય, ચિત્રકલા અને જનરલ નોલેજનાં મળી સો ઉપરાંત પુસ્તકો લખ્યાં છે. તેમના **'૩૨ બોધક બાળવાર્તાઓ'** પુસ્તકને એન.સી.ઈ.આર.ટી. નવી દિલ્હી યોજિત રાષ્ટ્રિય સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક અને રાષ્ટ્રિય એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. તેમના જીવનભરના શૈક્ષણિક અને સાહિત્યિક પ્રદાન માટે રાજ્યપાલના હસ્તે સારસ્વત એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. તેઓ સુપ્રસિદ્ધ **"ધરતી"** માસિકના તંત્રી છે. **"જ્ઞાન જ્યોત"**નું સંપાદન કરી જનરલ નોલેજના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરેલ છે. જીપીએસસી, યુપીએસસી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના ઘણા પુસ્તકો લખ્યાં છે. તેમને **"ઉમાસૃષ્ટિ"**માં આવકારતા આપણે હર્ષ અનુભવીએ છીએ.

'ગૃહિણી એટલે જ ઘર' એ ઉક્તિ આપણા ભારતીય સમાજમાં કહેવત રૂપ બની ગઈ છે. ગૃહસ્થ અને ગૃહિણી સંસાર-રથનાં બે ચક્રો ખરાં, પણ ઘર તો ગૃહિણીનું જ. પુરુષ પુરુષાર્થ કરે ધન કમાવવાનો, ઘરના અર્થતંત્રને મજબૂત કરવાનો પુરુષાર્થ. એ માટે તે પરિસ્થિતિ અને સંજોગો સાથે સંઘર્ષ કરે, ધન કમાય, ધંધા-ઉદ્યોગનો માલિક પણ થાય અને ક્યારેક સત્તા પણ મેળવે. એથી એને સામાજિક મોભો પણ મળે, પરંતુ ઘર ચલાવવાનું કામ એનું નહિ.

ઘર એટલે માત્ર ધનસંપત્તિ કે ધંધા-ઉદ્યોગ નહિ, પણ ઘર એટલે કુટુંબ, જેમાં પતિ-પત્નીનું સ્નેહભર્યું જીવન, બાળકોની સારસંભાળ, તેમના શિક્ષણ અને સંસ્કારની જવાબદારી, સગાં-સંબંધીઓની આગતાસ્વાગતા અને સામાજિક વ્યવહારોની જાળવણી એ બધાનો સમાવેશ કરી શકાય. એમાં જાણે ગુહિણીની જ ઈજારાશાહી, બાળકોની સંભાળની બાબતમાં તો પુરુષ ભાગ્યે જ માથું મારી શકે. સામાજિક વ્યવહારોમાંયે એણે પત્નીને જ પૂછવું પડે. પુરુષની કમાણી ઓછી હોય અને બાળકો સહિતના સામાજિક ખર્ચા વધારે હોય તેવી સ્થિતિમાં કરકસર કરીને, ઘરની બાંધી મુઠ્ઠી રહે એ રીતે ઘર ચલાવવાની કલા તો સ્ત્રીની જ. એટલે જ તો 'ગૃહિણી એટલે જ ઘર' એ કહેવત સ્ત્રીનું ગૃહજીવનમાં અનિવાર્ય સ્થાન, મહત્ત્વ અને ગૌરવ સ્થાપિત કરવાના ઉચ્ચ ઉદ્દેશથી જ પ્રચલિત થયેલી છે.

પણ આ તો આપણા કૌટુંબિક જીવનનું એક ચિત્ર થયું. આજે બીજું ચિત્ર પણ આપણી નજર સમક્ષ એક વાસ્તવિક હકીકત રૂપે દેખાઈ રહ્યું છે, જેનો ઈન્કાર થઈ શકે તેમ નથી. હવે સમય પલટાયો છે, પરિવર્તનનો પવન ઝડપથી ફૂંકાઈ રહ્યો છે. આ નવા જમાનાની આબોહવામાં સ્ત્રી માત્ર ગૃહિણી' બનવા નથી ઈચ્છતી. એના કારણે ઉપર્યુક્ત કહેવત આગળ પ્રશ્નાર્થ ચિન્હ મુકાઈ ગયું છે.

**હવે પ્રશ્ન કરવામાં આવે છે, 'શું ગૃહિણી એટલે (માત્ર) ઘર જ ?**

અર્થાત્ પરિણીત સ્ત્રીએ પોતાનું જીવન માત્ર ઘરની ચાર દીવાલો વચ્ચે જ સીમિત કરવાનું છે ? એણે માત્ર પત્તિની સેવામાં, બાળકોની અને વડીલોની સારસંભાળમાં અને મહેમાનોની આગતાસ્વાગતામાં પોતાના જીવનનું ઈતિશ્રી સમજવાનું છે ? પુરુષની જેમ સ્ત્રીને સ્વવિકાસનો અધિકાર નથી ? એને પોતાના ખ્યાલો મુજબ જીવવાનો, પોતાની આગવી ઓળખ અને સિદ્ધિના સોપાન સર કરવાનો હક નથી ? આ પ્રશ્નનો ઉત્તર નકારમાં આપી શકાય એમ નથી.

આજે સ્ત્રીકેળવણીનો મહિમા વધ્યો છે. યુવતીઓ ભણવામાં યુવકોની હરીફાઈ કરે છે. ભાતરમાં સરખી તેજસ્વિતા દેખાડનાર યુવતીઓને નોકરીઓમાં અને અન્ય ક્ષેત્રોમાં સમાન તકો મળે જ છે, તો પછી સીએ શા માટે ઘરની ચાર દીવાલોમાંથી મુક્ત થઈ વિશ્વના મેદાનમાં કદમ ન માંડવો ? આજની તેજસ્વી નારી પણ પુરુષની જેમ પોતાના વ્યક્તિત્વનો વિકાસ ઈચ્છે છે. પોતાના જ્ઞાનનો અને પોતાની કાર્યશક્તિનો પરચો બતાવવા માગે છે. હવે એ પુરુષોનો પડછાયો બની રહેવા માગતી નથી. પતિના જીવનની મહેચ્છાઓ પૂર્ણ કરવા માટે જ પોતાનું જીવન સમર્પિત કરવામાં જીવનની ઈતિશ્રી માનતી નથી. એ પુરુષની જેમ સ્વાતંત્ર્ય ઈચ્છે છે. એ ઘણીવાર તો પુરુષ સમોવડી થવા જાય છે. અને પુરુષના જેવા જ સમાન અધિકારો માગે છે, ઘરમાં અને ઘરની બહાર. પરિણામે ગૃહજીવનમાં વિસંવાદિતા પણ સર્જાય છે.

એકબાજુ આપણે ભારતીય સમાજ વર્ષોથી ચાલી આવતી પરંપરાગત કુટુંબજીવનની અપેક્ષાઓથી મુક્ત નથી, બલકે એના વાતાવરણમાં જ મહદ્અંશે જીવી રહ્યો છે. તો બીજી બાજુ પરિવર્તનની નવી આબોહવાથી પણ તે મુક્ત રહ્યો નથી. પુરુષના આધિપત્યવાળા ભારતીય સમાજમાં નારીસ્વાતંત્ર્યની હવા પણ ઝડપથી પ્રસરતી જાય છે અને આ રીતે ભારતીય પરિવાર પરિવર્તનના ત્રિભેટે ઊભો છે, ત્યારે આપણને પ્રશ્ન થાય છે કે શું સ્ત્રીએ પતિના સુખેસુખી બની ઘરની ચાર દીવાલો વચ્ચે રહી કુટુંબસેવામાં જ પોતાના જીવનનું સાર્થક્ય સમજવું કે પછી કૌટુંબિક જવાબદારીનાં બંધનોમાંથી મુક્ત બની વ્યાવસાયિક

# નારી સૃષ્ટિ

ક્ષેત્રમાં પણ આગળ વધી પોતાની કારકિર્દીના ઘડતર અને પ્રતિભા માટે પણ જીવવું ?

એક બાજુ પરંપરાગત ભારતીય સમાજનું પારિવારિક જીવન છે, જ્યાં સ્ત્રી માટે કુટુંબ જ કેન્દ્રમાં છે, અને સર્વસ્વ છે; તો બીજી બાજુ સ્ત્રી માટે ઘરની દીવાલોથી બહારની આબોહવા, આર્થિક સલામતી, કારકિર્દી પોતાની આગવી ઓળખ અને આત્મગૌરવની પ્રતીતિનો ખ્યાલ પણ છે.

તો આ સમસ્યાનો ઉકેલ ? ભારતીય સમાજની કુટુંબવ્યવસ્થા પુરુષ પ્રધાન છે એ હકીકતને ઉવેખી શકાય તેમ નથી. અલબત્ત એમાં પરિવર્તન આવતું જાય છે. પણ આ દૃઢમૂલ પ્રથાને તાત્કાલિક છિન્નભિન્ન કરીને નવી વ્યવસ્થાની સ્થાપના કેટલે અંશે શક્ય છે ? પશ્ચિમની કુટુંબવ્યવસ્થામાં નારી- સ્વાતંત્ર્ય સવિશેષ છે. પરંતુ એથીયે તેમના કુટુંબજીવનના પ્રશ્નોનું નિરાકરણ થયું નથી. બલ્કે તેમાં ઉમેરો થતો રહ્યો છે. એટલે ભારતીય કુટુંબવ્યવસ્થાને જૂની, રૂઢિપૂર્ણ ગણી પશ્ચિમની કુટુંબ વ્યવસ્થાને આદર્શ માની તેને અનુસરવામાંયે ઔચિત્ય નથી.

અગાઉના આપણા સમાજમાં સ્ત્રી શિક્ષણથી વંચિત હતી. એથી એનામાં નવા વિચારો આવે જ ક્યાંથી ? પોતાનું ઘર, બાળક અને સામાજિક વ્યવહાર એ જ એનું મર્યાદિત કાર્યક્ષેત્ર હતું. એ પતિના સુખમાં પોતાનું સુખ જોનાર હતી; પણ પતિના કાર્યમાં વૈચારિક રીતે પણ યોગદાન આપી શકે એમ નહોતી. પરિણામે પતિ-પત્ની વચ્ચે વૈચારિક રીતે ઘણું અંતર રહેતું હતું. પણ આજે શિક્ષણનો વ્યાપ વધ્યો છે. આજે સ્ત્રી શિક્ષણ એ ગૃહજીવનની સંવાદિતા માટેનું એક અનિવાર્ય અંગ ગણાય.

બીજી બાજુ પુરુષે પણ રૂઢિગત સામાજિક ખ્યાલોમાંથી મુક્ત થઈને સ્ત્રીકેળવણી અને સ્ત્રી સ્વાતંત્ર્યનું ઉચિત ગૌરવ કરવું જોઈશે. આ જમાનામાં ગૃહજીવનમાં સ્ત્રી ઉપર આધિપત્ય દાખવવું એ જડતા જ ગણાય. પુરુષ આવી, સંકુચિત મનોવૃત્તિ ત્યજીને સ્ત્રી હૃદયની સંવેદનશીલતા, એની પ્રેમાળતા, એની ગૃહકાર્ય જવાબદારીઓનું પણ નોકરી-ધંધા જેટલું જ મહત્ત્વ સ્વીકારવું જેઈએ. કેમકે એના વિના પણ ગૃહજીવનની સંવાદિતા સંભવિત નથી. કેળવણી પામેલી સ્ત્રીએ સમાન અધિકારો માટે પુરુષ સાથે લડવાને બદલે એક પ્રેમાળ ગૃહિણી હોવામાં નાનપ ન માનવી જોઈએ. પુરુષે પણ હવે પત્ની ઉપરના આધિપત્યનો રૂઢ ખ્યાલ ત્યજીને, પોતાના અહ્મમાંથી મુક્ત થઈ પત્નીને મિત્ર અને સલાહકાર માનવી જોઈએ.

હજી ભારતીય સમાજ પાશ્ચાત્ય જીવનશૈલીથી પૂરેપૂરો રંગાયો નથી, બલ્કે હજુ ઘણે અંશે મુક્ત રહ્યો છે. નારીસ્વાતંત્ર્યનો સ્વીકાર થતો રહ્યો હોવા છતાં એકંદરે ભારતીય નારી પુરુષની સ્પર્ધા કરવા કરતાં ઘરની જવાબદારી સ્વીકારીને પુરુષ સાથે સ્નેહપૂર્ણ જીવન જીવવા ઝંખે છે. હરકોઈ ભારતીય કુટુંબમાં મહેમાનોને પાણી આપવાનું, એમને ચા-નાસ્તો આપવાનું કે જમાડવાના કામમાં સ્ત્રી ગૌરવ અનુભવે છે. નારીસ્વાતંત્ર્યની ઝુંબેશ ચલાવતી સ્ત્રીના ઘરમાં પણ જો તેનો પતિ મહેમાનોને પાણી આપશે તો તે તેને નહિ રુચે. આપણી સામાજિક સંસ્થાઓ પણ ગૃહિણી તાલીમ શિબિરો યોજે છે. ક્યાંય ગૃહસ્થ તાલીમ શિબિર યોજાઈ હોય એવું જાણ્યું નથી. આદર્શ ગૃહિણી ની બનવું એ સ્ત્રીનું ભૂષણ મનાય છે. આવી શિબિરો આપણા ગૃહજીવનમાં ગૃતિણીનું કેવું દઢમૂલ સ્થાન છે, તેનો જ ખ્યાલ આપી જાય છે. આવી શિબિરો આજના ઝડપી પ્રગતિશીલ વિશ્વમાં પુરુષના સર્વ કાર્યક્ષેત્રમાં શિક્ષણ, નોકરી, ધંધા- ઉદ્યોગ, રાજસત્તા સર્વક્ષેત્રોમાં સ્ત્રી હરીફાઈ કરી રહી છે. અને છતાં પરમાં ગૃહિણીનું જે કાર્યક્ષેત્ર છે, તે તો તેનું પોતાનું જ છે. કેમકે માત્ર ધનસંપત્તિથી ઘર બનતું નથી. બધી જરૂરિયાતોની ચીજવસ્તુઓથી કે સુખસગવડનાં સાધનોથી ય ઘર બનતું નથી. ઘર બને છે. ગૃહિણીથી, એની ઘર ચલાવવાની વિશિષ્ટ આવડતથી, એની સુવ્યવસ્થાથી, એની વ્યવહાર કુશળતાથી અને સૌથી સવિશેષ તો એની પ્રેમાળતાથી. ગૃહિણીની ગૃહલા વગર ઘરની શોભા સંભવતી નથી. એના સ્નેહસિંચન વગર કુટુંબનો છોડ ખીલી શકતો નથી. ગૃહિણીને કારણે જ ઘર ઈંટ-મટોડાંની કે સિમેન્ટ કૉંક્રિટની સ્થૂળ ઈમારત મટીને એક નાનકડી જીવંત સંસ્થા બની રહે છે.

લગ્નજીવન એ કંઈ જેલ નથી, સ્ત્રી માટેનું કારાગૃહ નથી, કે એમાં સ્વતંત્રતા મેળવવાની હોય. દામ્પત્યજીવન એ તો જીવનની સભરતાનો, પૂર્ણતાનો અનુભવ કરાવનારું એક એવું પરિબળ છે, જેનો છેદ ઉડાડીને કશુંય પણ મેળવવાનું રહેતું નથી. આજે સ્ત્રી આધુનિક વિચારધારાને નામે પુરુષ સમોવડી થવા જાય છે. એ પુરુષ સમોવડી થઈ પણ શકે છે. શિક્ષણક્ષેત્રે, નોકરીઓમાં, રાજકારણમાં માત્ર ભારતભરમાં જ નહિ, વિશ્વભરમાં સ્ત્રી પુરુષ-સમોવડી બની શકે છે. જ્ઞાનમાં અને કાર્યશક્તિમાં એ પુરુષની સ્પર્ધા કરી શકે છે, એનો ઈન્કાર થઈ શકે એમ નથી. પણ શું ગૃહજીવનમાંયે આ સ્પર્ધા જરૂરી છે ખરી ? સ્ત્રી કે પુરુષ ઘરના ઉંબરમાં પ્રવેશે છે એટલે એ એક ગૃહસ્થ અને ગૃહિણીરૂપે જ રહેતો સમસ્યાઓ સંભવે જ ક્યાંથી ?

(અનુ. પેઈજ ૨૨ ઉપર)



**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત છે.

# ક્રોધ : ભીતરમાં વસતો યમરાજ



વ્યક્તિનો અભાવ કે અશક્તિ જેમ ફરિયાદ રૂપે પ્રગટ થાય છે, એ જ રીતે ગુસ્સા રૂપે પણ પ્રગટ થાય છે. આજના અતિ વ્યસ્ત અને તીવ્ર ઝડપી સમયમાં માણસનું મન અનેક કાર્યોમાં વ્યસ્તતા સાથે વેગથી દોડતું હોય છે. એને એકસાથે કેટલાંય કાર્યો નિપટાવવાનાં હોય છે અને તેથી કાર્યો પૂર્ણ કરવાના અભરખાને લીધે એ વારંવાર અધીર બનીને શાંતિ અને સ્વસ્થતા ગુમાવે છે.

આમેય આ યુગમાં ધૈર્ય અને સહિષ્ણુતાના ગુણો સાવ ક્ષીણ થઈ ગયા છે. શિક્ષક પાસે એટલું ધૈર્ય નથી કે એ નબળા વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન આપીને હોશિયાર બનાવે, આથી તે આ વિદ્યાર્થીને વારંવાર ઠપકો આપવાનું જ કામ કરશે. કંપનીના સી.ઈ.ઓ. પાસે એટલી નિરાંતભરી શ્રવણશક્તિ નથી કે એ પોતાના કર્મચારીની વાતને બરાબર સાંભળીને સમજી શકે. એને બદલે એ કર્મચારીને ધમકાવવાનો 'ફાયર' કરવાનો (હકાલપટ્ટી) ટૂંકો રસ્તો વધુ પસંદ કરશે.

સંયુક્ત કુટુંબ હોય તો સાસુની વાતને ધૈર્યથી વિચારવાની હવે વહુની આદત રહી નથી અથવા તો પત્નીની વાતને શાંતિથી સાંભળવાનો પતિનો સ્વભાવ રહ્યો નથી. આમ ધૈર્યના અભાવે વર્તમાન સમાજમાં ઘણા નવા પ્રશ્નો સર્જાયા છે. એને કારણે અહીં સંબંધો લાંબા ટકતા નથી, પરંતુ થોડાક સમયમાં જ એમાં તિરાડ પડે છે. આજે સહિષ્ણુતાને સામાજિક વ્યવહારમાંથી જીવનવટો મળ્યો છે. એવો પ્રશ્ન ખડો કરવામાં આવ્યો છે કે આવી સહિષ્ણુતા રાખવી જ શા માટે ? સહિષ્ણુતા તો નિર્બળતા ગણાય ! પુત્ર પાસે પિતાની વાત સાંભળવાની - સમજવાની સહિષ્ણુતા નથી અને 'બૉસ' પાસે કર્મચારીની વાત જાણવાની સહિષ્ણુતા નથી.

આ બધાં કરતાંય સમર્પણ એ તો સાવ ભુલાઈ ગયું છે. જ્યાં દરેક વ્યક્તિ પોતે પોતાના હિતને માટે જીવતી હોય, ત્યાં અન્યના હિતનો વિચાર કોણ કરે ? આથી સમર્પણ એ હવે વાસ્તવિકતા નથી, પણ આપણી સંસ્કૃતિનાં પૃષ્ઠો પર રહેલી ભાવના છે. ધૈર્ય, સહિષ્ણુતા અને સમર્પણના અભાવે માણસ ગુસ્સાનો ભોગ બને છે. આ જગતમાં આવા ગુસ્સાબાજો સતત ઉમેરાતા જાય છે. વ્યક્તિનો ગુસ્સો બીજાના મનમાં એને વિશે કટુતા ઊભી કરે છે, પરંતુ એના પોતાના શરીરના સ્વાસ્થ્ય પર પણ એની અવળી અસર થાય છે. આવા ગુસ્સાને કારણે વ્યક્તિના મસલ્સમાં તણાવ આવે છે. એને માથું દુઃખે છે અને એનું બ્લડપ્રેશર પણ વધે છે. મોટી ઘટનાઓમાં ગુસ્સો કરનાર ધીરે ધીરે નાની-શી ઘટનામાં પણ ગુસ્સો કરતો થઈ જાય છે અને પછી એની વાણી અને વર્તનમાં પણ ગુસ્સો સતત ભડભડ્યા કરે છે! આથી જ ગ્રીસના વિખ્યાત ગણિતશાસ્ત્રી પાયથાગોરસે કહ્યું છે કે 'ક્રોધનો પ્રારંભ મૂર્ખતાથી થાય છે અને સમાપ્તિ પશ્ચાત્તાપથી.' પરંતુ ક્રોધ જેમ વધુ ને વધુ માણસમાં રહે, તેમ એ એનાં મન અને તન બંનેને માટે હાનિકારક છે. એના મનમાંથી બીજા ભાવો દૂર થઈ જાય છે અને માત્ર ક્રોધ જ ઘૂમ્યા કરે છે. એના ભોજન અને શરીર પર ક્રોધની અસર થાય છે, આથી જ મહર્ષિ ચાણક્યે ક્રોધને યમરાજ કહ્યો છે. પેલા યમરાજ બહાર હોય છે, ક્રોધ એ વ્યક્તિની ભીતરમાં વસતા યમરાજ છે.

કયો માનવી સાચો સારથિ છે ? કઈ વ્યક્તિ પોતે પોતાના જીવનનો રથ ચલાવે છે ? ભગવાન બુદ્ધે આ વિશે સુંદર ઉદાહરણ આપ્યું છે. એક સારથિ એવો છે કે જે જરૂર પડે તત્કાળ લગામ ખેંચીને રથને ઊભો રાખી શકે છે અને બીજો સારથિ એવો છે કે જેની પાસે લગામ હોય છે, પણ રથને દોડતો અટકાવી શકતો નથી. પ્રથમ પ્રકારનો સારથિ એ સાચો સારથિ છે, જે મનુષ્ય પોતાના મનમાં ક્રોધ જાગે એને એકાએક અટકાવી શકે છે અને જેના મનમાં ક્રોધ જાગ્યો હોય છતાં લગામ ખેંચીને અટકાવી ન શકે તે નિષ્ફળ જીવનસારથિ છે, આથી ક્રોધ એ વ્યક્તિની શક્તિ, સ્વાર્થ, બળ, આયુષ્ય અને બુદ્ધિ - એ સઘળાંનું ભોજન કરી જાય છે. **'વામનપુરાણ' તો કહે છે કે : ક્રોધી મનુષ્ય જે કંઈ પૂજન કરે છે, રોજ જે કંઈ દાન કરે છે, જે કંઈ તપ કરે છે અને જે કંઈ હોમ કરે છે, તેનું એને આ લોકમાં ફળ મળતું નથી. એ ક્રોધીને બધાં ફળ વૃથા છે.'**

ભારતીય અને પાશ્ચાત્ય બંને વિચારધારામાં ક્રોધની ભયાવહતાનું વર્ણન મળે છે અને એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે ભગવાન મહાવીર અને ચંડકૌશિક સર્પનો પ્રસંગ. આ ચંડકૌશિક કોણ હતો ? તે એક ભવમાં ઉગ્ર તપસ્વી હતો. એ તપ કરતો હતો, પરંતુ ક્રોધ પર કોઈ અંકુશ ધરાવતો નહોતો. તપ એ ક્રોધનું પણ કારણ બની શકે છે. ઘણા તપસ્વીઓને વારંવાર ગુસ્સે થતાં તમે જોયા હશે!

# સમાજ સૃષ્ટિ

ચંડકૌશિક ઉગ્ર તપસ્વી હોવા છતાં એક સમયે ગુસ્સે થતાં પોતાના શિષ્યને મારવા દોડ્યા. ક્રોધની આંખો અંધ હોય છે. ચંડકૌશિક તપસ્વી ખૂબ દોડ્યા, પરંતુ વચ્ચે થાંભલો આવતાં એની સાથે અથડાયા અને કાળધર્મ પામ્યા. એ પછી કેટલાક ભવ બાદ એ પાંચસો તપસ્વીઓના સ્વામી બન્યા. ચંડકૌશિક નામે તાપસ બન્યા, પરંતુ એમનો ગુસ્સો ગયો નહોતો. અગાઉના ભવની ક્રોધની મૂડી હજી અકબંધ હતી. એમના આશ્રમના બાગમાં ફળ તોડતા રાજકુમારો પર ક્રોધે ભરાતાં તેઓ કુહાડી લઈને એમને મારવા દોડ્યા. ક્રોધી તાપસ ચંડકૌશિકે એવી આંધળી દોટ મૂકી કે વચમાં આવતો ઊંડો કૂવો તેમને દેખાયો નહીં અને હાથમાં રહેલી કુહાડી ઊંધે કાંધ પડેલા તાપસ ચંડકૌશિકના માથામાં વાગી અને એ મૃત્યુ પામ્યા. એ પછીના ભવમાં એ તાપસ દૃષ્ટિવિષ સર્પ ચંડકૌશિક બન્યા.

આ ક્રોધને કારણે પહેલાં વૃદ્ધાવસ્થામાં, પછી યુવાની બાદ અને છેલ્લે જન્મથી જ એમનો જીવ ક્રોધમાં ખૂંપ્યો રહ્યો. પહેલાં તપસ્વી ચંડકૌશિક પોતાના રજોહરણથી શિષ્યને મારવા દોડ્યા હતા, પછી તાપસ ચંડકૌશિક કુહાડીથી મારવા દોડ્યા હતા અને છેલ્લે સર્વવિનાશક દૃષ્ટિવિષથી એ પશુ-પક્ષી અને માનવીઓને મારી નાખતા હતા.

ક્રોધને કારણે વ્યક્તિનો ભાવ પણ કેવો વિકરાળ બને છે ! પહેલા બાળમુનિને, પછી રાજકુમારોને અને છેલ્લે ચંડકૌશિકમાં પ્રભુ મહાવીરને હણી નાખવાનો મનસૂબો જાગ્યો. આનું કારણ એટલું જ કે વ્યક્તિ ક્રોધ કરે, ત્યારે વિવેકને વીસરી જાય છે. આથી ક્રોધને અંધ કહેવામાં આવ્યો છે અને આવા અંધ ક્રોધને કારણે વ્યક્તિ પોતે પોતાની હાનિ સમજી શકતો નથી.

માનવી ક્રોધ કરે ત્યારે કેવો વિકૃત થઈ જાય છે ! આંખો પહોળી થઈને અંગારા વરસાવવા લાગે છે. ગુસ્સામાં કોઈને થપ્પડ લગાવી દે છે કે અપશબ્દો બોલવા માંડે છે. ક્રોધ કરનાર સામી વ્યક્તિને જ નહીં, પરંતુ સમગ્ર વાતાવરણને ક્લુષિત કરી નાખે છે, આથી જ શેક્સપિયરે જ ક્રોધને સમુદ્ર જેવો બહેરો અને આગ જેવો ઉતાવળો કહ્યો છે. દક્ષિણ ભારતના સંત તિરુવલ્લુવર કહે છે કે આગની પાસે જે જાય તેને આગ બાળે છે, પણ ક્રોધાગ્નિ તો આખા કુટુંબને ભસ્મીભૂત કરી નાખે છે. ક્રોધમાં માણસની આંખ બંધ થઈ જાય છે અને એનું મુખ ખુલ્લું રહી જાય છે. એ વિવેકને ચિત્તમાંથી હાંકી કાઢે છે અને દરવાજે એવો આગળો મારે છે કે વિવેક ફરી પાછો દાખલ થઈ શકે નહીં. આવો ક્રોધ એ મધપૂડામાં પથ્થર મારવા જેવો છે અને એ તરત જ વેરમાં પલટાઈ જાય છે.

ક્રોધ ત્યારે જ ઓછો થાય કે જ્યારે વ્યક્તિ આત્મદર્શી બને. આનું કારણ એ છે કે ક્રોધનું શસ્ત્ર પહેલાં તો ક્રોધીને જ સ્વયં નુકસાન કરે છે. ભગવાન બુદ્ધે કહ્યું છે કે ઊકળતા પાણીમાં પ્રતિબિંબ ન દેખાય, તેમ ક્રોધી માણસ એ જોઈ શકતો નથી કે તેનું હિત શેમાં છે. ક્રોધનો ભાવ એક વખત હૃદયમાં જાગે એટલે એ ભાવ એના હૃદયમાં સતત વધતો હે છે. એક વાર એક ઘટના ક્રોધનું કારણ બની પછી એ ઘટના એની સમક્ષ ન હોય તોપણ એના હૃદયમાં ક્રોધની આગ વધુ ને વધુ પ્રજ્વળતી રહે છે. બીજી આગને ઉદ્દીપ્ત કરવા માટે ઘી કે લાકડાંની જરૂર પડે છે, પરંતુ ભીતરમાં જાગેલી ક્રોધની આગ માત્ર સ્મરણથી વધુ ને વધુ પ્રજ્વલિત થતી રહે છે અને એ વ્યક્તિને વધુ ને વધુ બાળતી રહે છે. આમ ક્રોધથી તમે અન્ય વ્યક્તિને દુ:ખ આપવા સાથે ઘમંડથી એના પર પ્રહાર પણ કરો છો. એમાં સામી વ્યક્તિ પ્રત્યેનાં તમારાં તિરસ્કાર અને તોછડાઈ દેખાય છે, વિવેક ત્યજીને વ્યક્તિ વારંવાર મર્યાદાનું ઉલ્લંઘન કરે છે. એનું બહેકેલું મન એની જીભને બેફામ બનાવે છે અને એ રીતે આ ક્રોધ અનેક અનિષ્ટ સર્જે છે.

**'વામનપુરાણ'માં કહ્યું છે કે :** ''ક્રોધ પ્રાણનાશક શત્રુ છે. અનેક મુખધારી દુશ્મન છે, તલવારની તીક્ષ્ણ ધાર છે. ક્રોધ સર્વહારક છે, મનુષ્યનાં તપ, સંયમ અને દાન વગેરે ક્રોધને કારણે નષ્ટ થઈ જાય છે અને તેથી ક્રોધનો ત્યાગ કરવો જોઈએ.''

ગુસ્સાના નાનકડા બીજમાંથી વેરનું વટવૃક્ષ ઊભું થઈ જશે. ચિત્તના એક નાનકડા છિદ્રમાંથી એ પ્રવેશે છે અને સર્વત્ર વ્યાપી જાય છે. આવો ક્રોધ માનવને દાનવ બનાવી દે છે. ક્રોધને ઓળખવા માટે ગુસ્સાનું બીજ શોધવું જોઈએ. બીજ મળ્યા પછી એનાં ખાતર-પાણી બંધ કરવાં જોઈએ. ક્રોધના બીજને શોધીએ ત્યારે ખ્યાલ આવે કે મોટું અનિષ્ટ સર્જનારા ક્રોધનું મૂળ તો સાવ નાનું, સામાન્ય કે ક્ષુદ્ર છે. પાંડવોને પાંચ ગામ નહીં આપવાની દુર્યોધનની ક્રોધી અને અહંકારી મનોવૃત્તિએ કુટુંબ, કુળ, સેના, સ્વજનો અને વિશાળ માનવ સમુદાયનો સંહાર કરાવી નાખ્યો.

મનમાં જરા ઊંડે ઊતરીને ક્રોધના મૂળને જોવાની જરૂર છે. પત્ની પતિ પર કે પતિ પત્ની પર ગુસ્સે થાય, ત્યારે ઘણા ગુસ્સાનું કારણ સાવ જુદું હોય છે. પત્ની કામથી કંટાળી ગઈ હોય કે પતિ પુષ્કળ કામ કરીને આવ્યો હોય અને કોઈ અણગમતાં વચનો બોલવામાં આવે, ત્યારે ગુસ્સો જાગે છે. પ્રત્યેક વ્યક્તિને જીવનમાં અમુક ગમા-અણગમા હોય છે. અણગમતી વાત બને એટલે એને ગુસ્સો આવે છે. નિયમિતતામાં માનનારી વ્યક્તિ અનિયમિત વ્યક્તિઓ પ્રત્યે ગુસ્સે થતી હોય છે, સ્વચ્છતાનો આગ્રહ રાખનાર અસ્વચ્છ આદતો તરફ અકળાઈને ગુસ્સે થતો હોય છે. ગુસ્સે થવાનું એક મોટું કારણ પોતાની ભૂલનો અસ્વીકાર છે.

એવું નથી કે મહાન પુરુષોને ક્રોધ સતાવતો નથી. એમના જીવનમાં પણ કોઈ ઘટના ક્રોધ જગાવી જતી હોય છે, પરંતુ એ ક્રોધ ક્ષણિક હોય છે, એમની ક્ષમાવૃત્તિ મનમાં જાગતા ક્રોધને ઠારી દે છે. ■



**પ્રફુલ્લ કાનાબાર**
સુપ્રસિદ્ધ લેખક, નવલિકાઓ, નવલકથા, લઘુનવલકથાના સર્જક, અનેક માન-સનમાન અને એવોર્ડથી વિભૂષિત છે.

# પડકારને પડકારો

જીવન પડકારોથી ભરેલું હોય છે. જે માણસ પડકારને ઉપાડે છે, એના સફળ થવાની શક્યતા વધી જાય છે. પડકારોને ઝીલનારા માણસો પાસે ક્યારેય નેગેટીવ વાત જ નહી હોય. મારી પાસે સમય નથી... મારી પાસે પૈસા નથી... મારું નસીબ જ ખરાબ છે, જેવા વાક્યો પડકાર ઝીલનારા માણસો પાસેથી ક્યારેય સાંભળવા નહી મળે.

આપણે આસપાસ નજર કરીશું તો જોવા મળશે કે મોટાભાગના માણસો માથે પડેલી પરિસ્થિતિનો સ્વીકાર કરીને આખી જિંદગી અણગમતું કામ કરતાં રહે છે. મનમાં બિઝનેસ કરવાની ઈચ્છા હોય પણ અણગમતી નોકરીમાં જ વૈતરું કરીને નિવૃત્ત થઇ જતા હોય છે! એના કારણમાં જો ઉંડા ઉતરવામાં આવે તો જાણવા મળશે કે તેઓ કોઈ પણ અણધાર્યા પડકારથી ડરતા હોય છે.

એક વાત હમેશા યાદ રાખવા જેવી છે કે જ્યારે આપણે કોઈ સાહસ કરીએ છીએ ત્યારે ઈશ્વર અને સમગ્ર દુનિયા પર વિશ્વાસ મૂકતા હોઈએ છીએ. જો આપણા પ્રયત્નો પ્રમાણિક હશે તો જરૂર સફળતા મળશે. સફળતા માટે પાયાની જરૂરીયાત સ્વપ્ન છે. મનમાં સ્વપ્ન પૂરું કરવાની તીવ્ર ઝંખના હોય તો આપણો પ્રયાસ ચોક્કસ સફળતામાં પરિણામે છે.

જે વસ્તુ સ્વબળે પ્રાપ્ત થાય એની આશા અન્ય પાસે ક્યારેય ન રાખવી જોઈએ. જે વ્યક્તિ અન્ય પર આધારિત ન હોય એને આત્મનિર્ભર કહેવાય. આત્મનિર્ભર વ્યક્તિ આત્મસન્માનથી જીવી શકે છે. મારા એક વડીલ મિત્ર કાયમ કહેતા..તમે કોઈ પણ વ્યક્તિની આંખમાં આંખ મેળવીને ત્યારે જ વાત કરી શકો છો, જ્યારે તમને એની પાસેથી તલભાર પણ અપેક્ષા ન હોય. દરેક વ્યક્તિએ પોતાના પડછાયાનું સર્જન જાતે જ કરવાનું હોય છે. એના માટે જાતે તડકામાં ઉભા રહેવું જ પડે.

ખાસ્સા વર્ષો પહેલાં હું અંધજન મંડળમાં સેવા આપવા જતો હતો. અનેક પ્રજ્ઞાચક્ષુ ભાઈઓના સંપર્કમાં આવ્યો છું. એમની રૂટીન એક્ટીવીટીમાં એમનો અદભૂત આત્મવિશ્વાસ મેં નજરે જોયો છે.

પડકારને પડકારવા માટે આપણુ ફોકસ માત્ર અને માત્ર લક્ષ્ય તરફ હોવું જરૂરી છે. આપણા લક્ષ્ય બાબતે ક્યારેક કોઈના દ્વારા આપણુ અપમાન થાય તો એ અપમાનમાંથી પણ પ્રેરણા લેવામાં પાછી પાની ન કરવી જોઈએ... .જેને અપમાનબોધ કહેવાય. અન્ય વ્યક્તિ દ્વારા થયેલા અપમાનને જે વ્યક્તિ પોઝીટીવ લે, એને સફળ થતા દુનિયાની કોઈ તાકાત ન રોકી શકે.

મારો ખુદનો અનુભવ છે કે ૨૦૧૪ ની સાલમાં મારો પ્રથમ વાર્તાસંગ્રહ પ્રકાશિત કરવા માટે એક મોટા ગજાના પ્રકાશકને (તેમના જ કર્મચારીના આગ્રહને કારણે) હું એમની અમદાવાદની ઓફિસે મેટર લઈને મળવા ગયો હતો. એ પ્રકાશકની મુંબઈમાં પણ ઓફીસ હતી. એ પ્રકાશકે પાણી તો દૂરની વાત મને ચેર પણ ઓફર નહોતી કરી. એમના કર્મચારીએ મારો પરિચય એમની સાથે કરાવ્યો ત્યારે મારી સામે જોયા વગર જ "અમે નવોદિતોનું પુસ્તક કરતા નથી" એટલી હદે અપમાનજનક સ્ટાઈલમાં મને કહ્યું હતું ત્યારે હું (મારા હાથમાં રહેલા મેટર સાથે) સ્તબ્ધ થઇ ગયો હતો. એ જ ક્ષણે હું એમની ઓફિસની બહાર નીકળી ગયો હતો. એ દિવસોમાં એવું તો નહોતું કે હું માત્ર લેખન પ્રવૃત્તિ જ કરતો હતો. LIC માં મારી જોબ ચાલુ હતી. મારું પણ એક સ્ટેટસ હતું. પાર્કિંગમાં આવીને આંખમાં ઉમટેલા આંસુને લૂછીને મારું સ્કૂટર સ્ટાર્ટ કરતા પહેલાં જ મેં નક્કી કરી નાખ્યું હતું કે હવે તો સાહિત્યની લાઈનમાં હું એટલી મહેનત કરીશ કે એમના કરતા પણ મોટા પ્રકાશકો મારા પુસ્તકો પ્રકાશિત કરશે. અહીં આત્મપ્રશંશા કરવાનો કોઈ જ ઈરાદો નથી. એ દિવસે મારા હાથમાં જે વાર્તાઓનું મેટર હતું, એનું સન ૨૦૧૫ માં ગૂર્જર પ્રકાશન દ્વારા "રમત આટાપાટાની" નામનું પુસ્તક થયું. મારા એ પ્રથમ પુસ્તકને સન ૨૦૧૫ ના શ્રેષ્ઠ વાર્તાસંગ્રહ તરીકે ઇનામ પણ મળ્યું. આજે મારા બે ડઝન કરતા વધારે પુસ્તકો પ્રકાશિત થઇ ચૂક્યા છે, જે ગુજરાતના પ્રતિષ્ઠિત પ્રકાશકોએ કર્યા છે. મને જ્યાંથી અપમાનબોધ મળ્યો હતો એ પ્રકાશકનું ખૂબ મોટું નામ હતું. આઠ વર્ષ પહેલાં તેમની મુંબઈની અને અમદાવાદની બંને ઓફીસ બંધ થઇ ગઈ છે. સો રૂપિયાના પુસ્તકો ભારે ખોટ ખાઈને એમને માત્ર વીસ રૂપિયામાં વેચવા પડ્યા હતા. હા.. એમની પેઢીનું ઉઠમણું થઇ ગયું છે! સામાન્ય રીતે કહેવાતા મોટા માણસો સામેની વ્યક્તિનું અપમાન કરતા હોય છે ત્યારે એ વાત ભૂલી જતા હોય છે કે દરેક વ્યક્તિનું પોતીકું સ્વમાન હોય છે.

એની વે, આજે એ પ્રકાશકનો જેટલો આભાર માનુ તેટલો ઓછો છે, કારણકે જો એમણે એ દિવસે મારા સ્વમાન પર ઘા ન કર્યો હોત તો એ દિવસે થયેલા અપમાનમાંથી અપમાનબોધ લઈને આજે હું સાહિત્ય ક્ષેત્રમાં જે થોડા ઘણા પગથિયા ચડી શક્યો છું એ ન ચડી શક્યો હોત! ■

# સમાજ સૃષ્ટિ



**ડો. મફતલાલ પટેલ**
વરિષ્ઠ કેળવણીકાર, સમાજસેવક,
લેખક અને 'અચલા'ના તંત્રી

# જીવનમાં નડતરરૂપ સામાજિક પ્રથાઓ અને સામાજિક બંધનો

વ્યક્તિ સમાજનું અંગ છે. સમાજનો એક ભાગ છે. દરેક વ્યક્તિ કોઈને કોઈ સમાજ, જ્ઞાતિ કે જાતિના જૂથ સાથે સંકળાયેલો છે ને તે જ્ઞાતિ કે સમાજ, તે ઇચ્છે કે ના ઇચ્છે પણ તેના કાર્યો વચ્ચે જાણે-અજાણે આવી જાય છે. સમાજમાં રહેવું જરૂરી છે ખરું ? સમાજ આપણને આપે છે શું ? આપણને ફાયદો કે નુકસાન? આ બધી બાબતોનો વિચાર તટસ્થ રીતે કરી લેવો જરૂરી છે.

'જીવન' જીવવા માટે સમાજમાં રહેવું જરૂરી લાગતું હોય તો રહેવું જોઈએ. લગ્નસંબંધો બાંધવામાં, લગ્ન સંબંધો ટકાવવામાં, ભાષા, રહેણી-કરણી, પોશાક, ઉત્સવો, પારિવારિક કે સામાજિક સંબંધો ઘડવામાં સમાજ ઉપયોગી સાબિત થયો છે. સમાજમાંથી, સમાજ પાસેથી વ્યક્તિને ઘણી બધી સારી બાબતો પણ શીખવા મળે છે.

સાથે સાથે સામાજિક પ્રથાઓ, સમાજના રિવાજો, સમાજમાં ચાલતી ચીલાચાલુ પદ્ધતિઓ, ફરજિયાત પાળવાની હોય ત્યારે સમાજ નડતરરૂપ બને છે. સામાજિક ઉત્સવો જે ઉજવાય એમાં કેટલાંક ઉત્સવો તમારી વિચારધારા સાથે બંધ બેસતા ના હોય છતાં ભાગ લેવો પડતો હોય ત્યારે સમાજ ખટકે છે. સમાજ તમારા વ્યક્તિગત કાર્યોમાં દખલ ઊભી કરે ત્યારે સમાજથી ચેતતા રહેવું જોઈએ.

કેટલાક સમાજો વ્યક્તિ ઉપર પોતાની વિચારધારા લાદે છે. કેટલાક ધર્મોના સંપ્રદાયો પણ વ્યક્તિને અમુક પ્રકારના કાર્યો ફરજિયાત રીતે કરાવે છે. કેટલાક જ્ઞાતિ જૂથો પણ વ્યક્તિની સ્વતંત્રતા ઉપર, આગવી વિચારધારા ઉપર કાપ મૂકે છે. વ્યક્તિએ સમાજ સાથે રહેવું જોઈએ ખરું, પણ સમાજ તેને બંધનોમાં બાંધી કાઢે ત્યારે 'જીવન' જે રીતે બનાવવું છે, તે રીતે બની શકે નહિ. જો તમારા 'જીવન' ને ઉજ્જવળ બનાવવામાં સમાજ પ્રેરણારૂપ ના હોય, 'સમાજ' તમને ગતિ આપતો ન હોય, સમાજ તમને મદદરૂપ બનતો ના હોય, સમાજ તમારી પડતી સમયે, તમારી મુશ્કેલીઓ સમયે સાથી બનીને ઊભો રહેતો ના હોય તો આવા સમાજ સાથે રહેવાથી કે નહિ રહેવાથી કોઈ ફાયદો નથી. સમાજ અને વ્યક્તિ એકબીજાને પૂરક બનવાં જોઈએ, એક બીજાને મદદરૂપ બનવાં જોઈએ.

આપણે ભારતના લોકો સમાજ, ધર્મ કે સંપ્રદાયના કે જ્ઞાતિના જૂથો સાથે દઢ રીતે સંકળાયેલા છીએ, જેથી અનેક પ્રશ્નો છે. સુશિક્ષિત દેશોમાં વ્યક્તિનો આગવો સમાજ છે. પોતાને જે ધર્મ કે ધર્મના સંપ્રદાયમાં ભળવું હોય તો વ્યક્તિગત ભળે, મળે ને ના ફાવે તો ત્યાંથી બીજે જોડાય તો કોઈ તે વ્યક્તિ સિવાય કોઈ નોંધ પણ લેતું નથી, કારણ કે અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા કે ઈંગ્લેંડ કે યૂરોપના દેશોમાં વ્યક્તિગત સમાજ છે. જેને જ્યાં લગ્ન કરવું હોય ત્યાં કરે, ના ફાવે તો છૂટા કરી બીજે લગ્ન કરે, આવું કર્યા જ કરે છતાં તેના વ્યક્તિગત જીવનમાં કોઈ માથું મારતું નથી. કે બીજા કોઈ દુઃખી થતાં નથી.

સમાજમાંથી સામાજિક સંબંધો બંધાય છે ને સામાજિક સંબંધો જેટલા વધારે તેટલો વધારે સમય તમારો ખર્ચાઈ જાય છે, વધારે મિત્રોનો સમૂહ પણ તમારો સમય કોઈને કોઈ માર્ગે લઈ લે છે. ઈન્ડિયામાં તો ગમે તે વ્યક્તિ ગમે ત્યારે તમને મળવા આવી જાય છે, ને કલાકોના કલાકો કારણ વિના તમારી સામે બેસીને ચર્ચાઓ કર્યા કરે છે. આપણો સમય આવા લોકો ખાઈ જાય છે. સમય બચાવવો છે. બચાવ્યા વિના ચાલે નહિ કારણ કે આપણી પ્રગતિનો આધાર સમય પર છે. સમયોચિત કાર્ય ના થાય તો કાર્યનું કોઈ મહત્ત્વ નથી.

સંબંધો ભલે લાંબા-વિશાળ બને પણ કન્ટ્રોલ તો તમારે કરવો જ પડશે. તમે નક્કી કરો કે કોને, ક્યારે મળવું છે ? કોઈપણ વ્યક્તિ ફોન કર્યા વિના કે સમય માગ્યા વિના આવે તો મળવાનું ટાળો. કદાચ તેને દુઃખ પણ લાગે, તો ભલે લાગે. તમારે સ્પષ્ટ બનવાની જરૂર છે. સ્પષ્ટ કહેવાની ટેવ પાડો. કદાચ એકાદવાર આવી વ્યક્તિઓને ખરાબ લાગશે, પણ બીજીવાર આવી વ્યક્તિ સમજી જશે કે મારે મારા કામ માટે મળવું હોય તો સમય લેવો જોઈએ. ગમે ત્યારે ગમે તેને મળવું તે હવે યોગ્ય નથી. સમયને લાગણી સાથે જોડી ના દો. તમને પણ કદાચ કોઈના મળે તો દુખ ના લગાડો કે દુઃખી ના થાઓ.

આપણી જેમ સામેની વ્યક્તિનો પણ સમય મૂલ્યવાન છે. કોઈને મળો ને તમારી વાતચીત પૂરી થાય એટલે ઊભા થઈને ચાલવા લાગો. નાહક બેસી રહેવાથી કોઈ ફાયદો નથી. ને તમને કોઈ મળવા આવે ત્યારે જરૂરિયાત જેટલી વાતો ઝડપથી પતાવી દો. ને સામેની વ્યક્તિને પ્રેમથી કહી દો, 'હવે બીજુ કામ નથી ને ?' પ્રેમથી મુક્ત કરી દો.

જીવનની આવી સ્ટાઈલ બનાવવી પડશે. આપણે તો વાતોડિયા છીએ. વાતો કરી કરીને આપણો સમય બગાડીએ છીએ ને સામેની વ્યક્તિનો સમય ખાઈ જઈએ છીએ. સામાજિક સંબંધો પણ આ રીતે વિકસાવવાની જરૂર છે. સામાજિક સંબંધોમાં આપણા સગાવહાલા પણ

# સમાજ સૃષ્ટિ

આવી જાય છે. આ બધાની સાથે પણ જરૂરિયાત જેટલા જ સંબંધો રાખો, સંબંધો એવા ના બાંધો કે તમે ખોટી લાગણીઓમાં ખેંચાઈ જવું પડે. સામાજિક સંબંધો લગ્ન, મરણ ને બીજા ધાર્મિક-સામાજિક પ્રસંગો સાથે જોડાયેલા છે.

લગ્નની દર વર્ષે અનેક લગ્નપત્રિકાઓ આવશે. શું બધે તમે જઈ શકશો ? સામેની વ્યક્તિ તમે આવે તેવી અપેક્ષા રાખે છે, ને તમે હવે સારો ચાંલ્લો પણ કરો તેવી પણ તેના મનમાં ઊંડાણમાં અપેક્ષા પડેલી છે.

ચાંલ્લા કર્યા જ કરવા., લગ્નમાં જવું ને બધાને મળવું. 'સમય' ઘણો ખર્ચાઈ જશે.

સાથે સાથે તમારે તમારી તંદુરસ્તીના વિરોધમાં પણ ત્યાં ખાવું પડશે. પેટ ભરવું પડશે. ઘણીવાર દિવસમાં બેવાર લગ્નમાં જવાનું થાય, બેવાર ખાવાનું થાય, ને કોઈવાર એક સાથે પાંચ જગ્યાએ જવાનું બને, આવું તો બનવાનું કારણ કે તમે સામાજિક સંબંધો ક્રીએટ કર્યા છે. આનાથી ખુશ થવાની જરૂર નથી. આના કરતાં એક વસ્તુ યાદ રાખો. લગ્નપત્રિકા મળે એટલે આશીર્વાદનું એક કવર તૈયાર કરીને મોકલી આપો. જે લોકો લગ્નમાં ઠઠારો કરે છે, લાખો રૂપિયા ખર્ચે છે, ફટાકડાઓના ધૂમાડાઓમાં આકાશમાં ફેલાવે છે. લાખોનું ખર્ચ કરે છે. કદાચ ત્યાં જવાનું થાય તો આવી વ્યક્તિઓને ચાંલ્લો કરતા નહિ, કારણ કે તેઓને જરૂર નથી. પણ કોઈ સામાન્ય વ્યક્તિ હોય, તેનો લગ્નપ્રસંગે ભપકાથી ભરેલો ના હોય આવી વ્યક્તિના ત્યાં જાઓ તો જરૂરિયાત કરતાં સારો ચાંલ્લો કરો. આ મદદની ભાવના છે. ધનિકોના ઠઠારાઓમાં તમારા ચાંલ્લાની કોઈ નોંધ પણ લેતું નથી. આ પણ સામાજિક સંબંધોમાં યાદ રાખવા જેવું છે.

મરણના પ્રસંગોમાં તમારા નજીકના સંબંધીઓને ત્યાં જવાનું ના ભૂલશો. સમય કાઢીને પણ જાઓ. આશ્વાસનના બે શબ્દો સારા કહો, તેની લાગણીઓ ઘવાઈ છે, તે રીપેરીંગ થાય તેવું કંઈક લખીને આપો. મૃત્યુ અનિવાર્ય છે, ને બધા વ્યક્તિઓ મૃત્યુને પચાવી શકતા નથી, જેથી આવી વ્યક્તિઓને પ્રેમથી આશ્વાસન આપવું જરૂરી બને છે. જીવનનો આ ભાગ છે કારણ કે તમારા માતા-પિતાના મૃત્યુ સમયે લોકો તમારે ત્યાં ત્યારે જ આવશે, જ્યારે તમે તેઓના ત્યાં ગયા હશો. સંબંધોમાંથી સંબંધો વિકસે છે.

**સામાજિક સંબંધોમાં કેટલીક બાબતો ધ્યાનમાં લેવા જેવી છે.**

૧. સામેની વ્યક્તિને ઓળખીને તેની સાથે સંબંધો રાખો, કેટલીક વ્યક્તિઓ સાથે સંબંધ રાખવા જેવો ના હોય તો ના રાખો.

૨. કદી કોઈનો સંબંધ બગાડો નહિ, બધા સાથે હસતા રહો. ને મળે ત્યારે પ્રેમથી, લાગણીથી વાતચીત કરતા રહો. તમારું મોઢું કદી ચઢેલું ના હોવું જોઈએ.

૩. કોઈને પણ મળો, તો તેની આગળ બીજાની ટીકા ના કરો, કદાચ વખાણ જેવું લાગે તો કહો, ખરાબ શબ્દો કોઈની આગળ કોઈ વિષે કહો નહિ, કારણ કે જેની આગળ તમે કહો છો, તે વ્યક્તિ તમારો જ છે, એવું માનીને ચાલશો નહિ.

૪. ત્યાગ અને સમર્પણ વિના સંબંધો ટકતા નથી, વિકસતા નથી. જેથી સેવાની વૃત્તિ કરતાં આપવાનું રાખો. લેવાની અપેક્ષા રાખી તો માનજો કે મારા સંબંધો તૂટતા જશે. ગહન નહિ બને.

૫. સમૂહમાં હોદ્દાઓમાં પડો નહિ, માત્ર મદદ કરો, મદદરૂપ બનો, હોદ્દો તો આપોઆપ ત્યારે જ આવે છે, જ્યારે તમે બીજા માટે કે સમૂહ માટે ત્યાગ કરો છો ત્યારે.

૬. સામાજિક જૂથોમાંથી કોઈ પણ જૂથમાં જોડાઓ નહિ, તમારું સ્થાન તટસ્થ રાખો. બધાઓને મળો. બધાઓની સાથે રહો પણ આંતરિક જૂથો ચાલતા હોય ત્યાં કોઈ જૂથ સાથે જોડાઓ નહિં.

૭. જો તમારે હોદ્દો મેળવીને સામાજિક જૂથને મદદ કરવાની ઉચ્ચતમ સેવાભાવના સક્રિય હોય તો જરૂર એમાં પડો, હોદ્દો માત્ર દેખાવ માટે કે પ્રતિષ્ઠા-મોભા માટે ના હોવો જોઈએ. હોદ્દા દ્વારા સેવા કરવાની ભાવના હોવી જોઈએ, ને આવો હોદ્દો પણ સંઘર્ષ કરીને કે ચૂંટણી લડીને ના મેળવો. આમ કરવાથી દુશ્મનોનો ઢગલો વધી જશે, ને તમારાં સારાં કાર્યો આ લોકો જ ધોઈ નાંખશે.

વ્યક્તિ સામાજિક પ્રાણી છે. સમાજ તેના લોહી સાથે વણાઈ ગયેલો, ચણાઈ ગયેલો છે. સમાજ વિના વ્યક્તિ રહી શકતી નથી સામાજિક પ્રસંગોમાં તેને ભાગ લેવો પડતો હોય છે, પણ બધેજ તટસ્થ ભાવે, સાક્ષી ભાવે, પોતાની અનુકૂળતા પ્રમાણે ઉપસ્થિતિ રાખવી, સમાજમાંથી સારું સારું ગ્રહણ કરીને જે નક્કામું છે, જીવનની ગતિને રોકનારું છે, ચીલાચાલુ છે તેને છોડીને પોતાનું આગવું વ્યક્તિત્વ ઊભું કરવું જોઈએ. સંપૂર્ણ સમાજ વિમુખ પણ ના બનાય ને સંપૂર્ણ સમાજમય પણ ના બનાય, બન્ને પાસાં વ્યક્તિના વ્યક્તિત્વને ખતમ કરનારાં છે. ■

મો.૯૮૨૪૦ ૨૧૦૬૩

## સમાજ સૃષ્ટિ




**હરજીવન રંગપરિયા**
લેખકના સાહિત્યક તથા ચિંતનાત્મક લેખો
વિભિન્ન સામયિકોમાં નિયમિત પ્રકાશિત થાય છે


# ઘર એટલે લીલીછમ લાગણીઓનું ઉપવન

ઘર એટલે વહાલ વરસાવતાં માતા- પિતા , સાંજે પ્રતીક્ષામાં તલપાપડ થતી પત્ની તથા “પપ્પા હજુ કેમ ન આવ્યા ?” ની ઉત્સુકતા સાથે વારંવાર બારણે દોડી જતાં બાળકોની હાજરીથી બધકતું જીવંત સ્થળ. ઘરનું સ્મરણ થાય એટલે કોઈ પણ વ્યક્તિ, પછી તે શ્રીમંત હોય કે ગરીબ, સેલિબ્રિટી હોય કે સામાન્ય વ્યકિત, તેનાં ચહેરા પર સ્મિત ઉપસી આવે , મનમાં ‘હાશકારો’ અનુભવાય, ને ત્યાં જવા મન તલપાપડ થઈ જાય.

ઘર એટલે ઈંટ, પથ્થર, સિમેન્ટથી ચડેલી ચાર દીવાલો વચ્ચેનું સ્થળ નહીં , પરંતુ નિઃસ્વાર્થ પ્રેમનું એક મંદિર. અહીંયા વસતાં પરિવારનાં સભ્યો વચ્ચે શંકા નહીં, વિશ્વાસ હોય છે. વાદ-વિવાદ નહીં, સમાધાન હોય છે. નફરત નહીં, પ્રેમ હોય છે. અરસપરસની લાગણી એટલી પ્રબળ હોય છે કે, કોઈ એકની એકાદ દિવસની ગેરહાજરીથી પણ પરિવાર બેચેન થઈ જાય છે. અહીંયા સુખ હોય કે દુઃખ, એ પોતીકું નથી રહેતું, બધાં વચ્ચે વહેંચાઈ જાય છે, એટલે તો એકનાં સુખે બધાં સુખીને દુઃખે, દુઃખી થઈ જાય છે.

અહીંયા સેવા આપવાનું કે લેવાનું કોઈ મૂલ્ય નથી. કોઈની માંદગી કે કોઈ પણ જરુરીઆત વખતે બધાં તન, મન ને ધનથી મદદ કરે છે. અહીંયા મારાં - તારાંનાં કોઈ ભેદ નથી. કોઈ પારકું નથી, બધાં પોતીકાં થઈ જાય છે. એટલે તો બધાં બીજાનાં માટે પોતાનું સર્વસ્વ લૂંટાવવા તૈયાર થઈ જાય છે ને બીજાને જેવાં છે તેવાં સ્વીકારે છે.

વ્યક્તિ સમાજમાં ગમે તેટલો મહાન હોય, પણ ઘરમાં પ્રવેશતાં જ પરિવારનો સામાન્ય સભ્ય બની જાય છે. વ્યક્તિનાં પદ, પ્રતિષ્ઠા કે આવક પ્રમાણે કોઈ નાનું કે મોટું નથી. બધાંનું સ્થાન એક સમાન છે. સમાજમાં ઉચ્ચ હોદેદાર હોય તેને પણ ઘરનાં વડીલો સલાહ આપી શકે છે.



અહીંયા વાત્સલ્ય મૂર્તિ મા છે, જે સંતાનો પર અવિરત વ્હાલ વરસાવતી રહે છે. ન કોઈ સ્વાર્થ, ન કોઈ ભેદભાવ કે ન કોઈ અપેક્ષા. તેનાં પ્રેમનું કોઈ મૂલ્ય નથી. બાળકો માટે તે પોતાનું સર્વસ્વ લૂંટાવી દે છે. તે બસ આપ્યાં જ કરે છે. તેનાં હૈયામાં ઉછળતા પ્રેમને જિંદગીભર લૂંટાવતી રહે છે. સંતાનનું સુખ તેનાં માટે સર્વોપરી છે. તે કશું મેળવવા કશું કરતી નથી. એટલે તો એ જગતનાં શ્રેષ્ઠ બલિદાનની મૂર્તિ છે.

ઘરની દરેક દીવાલો, ઘરનો એક એક ખૂણો જીવનની મધુર યાદોને પોતાની બાંહમાં સમાવીને બેઠો હોય છે. આ એવી જગ્યા છે, જ્યાં માંનાં ધાવણનું અમૃતપાન કર્યું હોય છે. હેતાળ હાથનાં મીઠાં સ્પર્શનું સુખ માણતાં માણતાં માનાં ખોળામાં માથું રાખી, નિશ્ચિત બની મીઠી ઉંઘ માણી હોય છે. હજુ પણ જેનાં મધુર સ્વર કાનમાં ગૂંજયાં કરે છે તેવાં માંનાં મુખેથી ગવાતાં હાલરડાં ઘોડિયામાં સૂતાં સૂતાં સાંભળ્યાં હોય છે. બત્રીસ જાતનાં મિષ્ટાન પણ જેની તોલે ન આવે તેવા મીઠા મધ કોળિયા માંનાં હાથથી આરોગ્યા હોય છે.

અહીંયા પિતાને ઘોડો કરી ‘તબડક, તબડક’, કરતા ગોઠણભેર દોડાવ્યા હોય છે. માંની આંગળી પકડી ચાલતા શીખ્યાનું ને ‘ક, ખ, ગ’ કરી બોલતા શીખ્યાનું તો ક્યારેય ભૂલાય તેમ નથી. ફટાકડા

# સમાજ સૃષ્ટિ

ફોડતી વખતે, હિંચકે બેસવાના વારા માટે ને રમકડા રમતી વખતે ભાઈ બહેન સાથે કરેલા ઝગડા માટે માંના હાથના ખાધેલા મારની યાદો આજેય માંની યાદમાં રડાવી જાય છે. ગિલ્લી દંડા રમતી વખતે બારીનો કાચ તોડતા, પિતાના હાથનો માર ખાઈ, તેના કડક ચહેરા નીચે છૂપાયેલા મુલાયમ પ્રેમને મન ભરીને પીધાની દુર્લભ ક્ષણો હજુ પણ યાદ આવ્યાં કરે છે. ઘર સાથે જોડાયેલી આ બધી લીલીછમ લાગણીઓ શરીરનાં રોમે રોમમાં, હર શ્વાસમાં, મનનાં ઉંડાણમાં એવી તો ધરબાઈ ગયેલી છે કે, ભૂંસવા છતાં ભૂંસાતી નથી, ભૂલવાની કોશિશ છતાં ભૂલાતી નથી.

એટલે તો વ્યક્તિ દુનિયાનાં ગમે તે છેડે જાય, પછી તે સ્વીટ્ઝરલેન્ડ હોય, સિમલા, મનાલી કે કાશ્મીર હોય કે પછી તે વૈભવી હોટલ, હિલ સ્ટેશન કે રિસોર્ટમાં રોકાયો હોય, પણ, નિરાંત તો તેને ઘરનાં ફળિયામાં પગ મૂકે, ડ્રોઈંગરુમનાં સોફા પર લંબાવીને ટી. વી. જુએ ને રાત્રે પોતાના બેડરૂમનાં બેડ પર સૂવે ત્યારે જ આવે છે.

પ્રવાસમાં બે પાંચ દિવસ સારું લાગે. પછી, જીવનમાં કશું ખૂટતું હોય તેવું લાગે. ઘરની યાદ આવવા લાગે. શુઆતમાં ઠંડક આપતાં હિમ શિખરો દઝાડતાં હોય તેવું લાગે. વૈભવી હોટલમાં પણ અકડામણ થવા લાગે ને વિશાળ મોલમાંથી ખરીદી કરવાનો મોહ ભાંગી જાય.

આટલે દૂરથી પણ મન ખબર ન પડ તેમ ઘરનાં આંગણામાં પહોંચી જાય. ફળિયામાં હિલોળાં લેતાં ગુલાબનાં ફૂલોની સુવાસ આટલે દૂરથી પણ નાકમાં પ્રસરી જાય, ખાલીખમ હિંચકાનો હિલોળો કાનને સંભળાવા લાગે ને ડ્રોઈંગરુમની એકલતા મનને ખૂંચવા લાગે. ઘરનો ખૂણે ખૂણો કરવટ બદલીને માનસપટ પર જીવંત થઈ જાય. મન ઘરે જવા ઉતાવળું થઈ જાય ને પગ થનગનવા લાગે. ઘરે જવાના વિચાર માત્રથી હૃદય હરખાઈ ઉઠે .

અહીંયા કદાચ બધાં વૈભવી સુખ સગવડો મળે , પણ સવારમાં ટંકોરીનાં ગુંજારવ સાથે માનાં મુખે ગવાતાં શ્રલોકોનો મધુર સ્વર, સાંજે કાગના ડોળે રાહ જોતી પત્નીની વિહવળતા ને 'પપ્પા, મારા માટે શું લાવ્યા'ની બાળકોનાં ચહેરા પર છલકાતી ખુશીથી ખોટ સાલવા લાગે. એટલે તો ઘર એ પ્રેમનું મંદિર છે, જિંદગીનું સ્વર્ગ છે ને નિરાંતનું નંદનવન છે. માણસનાં જીવનને ધબકતી રાખતી સગપણની લાગણીઓનું જન્મ સ્થળ છે ને પોતીકાપણાની હૂંફનું નજરાણું છે.

ઘર આપણાં સુખ - દુ:ખ, ચઢાવ - ઉતાર, સફળતા - નિષ્ફળતાને પોતાનાં ઉદરમાં સમાવીને બેઠું હોય છે. ઘરે કડકડતી ઠંડી, બળબળતા ઉનાળા ને મૂશળધાર વરસાદમાં આપણને તેની બાહોંમાં સમાવીને રક્ષણ આપ્યું હોય છે. ઘર આપણાં સુખમાં હસ્યું છે તો દુ:ખમાં રડયું છે. જન્મ દિવસે નાચ્યું છે, લગ્ન પ્રસંગે સોળે શણગાર સજી સજાયું છે ને સુહાગરાતે શરમાયું છે. ઘર જીવનની હરેક ક્ષણે આપણી પડખે ઉભું રહ્યું છે.

ઘર એટલે મોટો બંગલો, વિશાળ વૈભવી ફ્લેટ કે મોટો મહેલ નહીં, ઘર એટલે પરિવારનાં લાગણીસભર સંબંધોથી ધબકતી, બાળકોનાં કિલ્લોલથી ગુંજતી ને પરિવારનાં સભ્યોનાં મોજમસ્તી ને હાસ્યની છોળોથી મહેકતી જગ્યા . પછી તે ઝૂંપડું હોય, માટીનું કાચું મકાન હોય કે વિશાળ બંગલો હોય.

વૈભવી સગવડોવાળો વિશાળ બંગલો હોય, પણ સભ્યોમાં મનમેળ ન હોય, ઝઘડાઓથી અજંપો છવાયો હોય , મહિલાઓ પરનાં અત્યાચારોથી ઘરની દિવાલો રડતી હોય, બાળકોના કિલ્લોલને બદલે સૂમસામ શાંતિ હોય ને એકલતાના ભારથી ભાંગી પડેલા વૃદ્ધોની આંખોમાંથી મૂંગી વેદના છલકાતી હોય, તો એ ઘર નથી, પણ નર્ક છે, એક સૂમસામ ભૂતિયો મહેલ છે. ઘર ઈંટ, પથ્થર કે સિમેન્ટની ચાર દીવાલોથી નથી બનતું. એ તો ઘરનાં સભ્યોની લાગણીથી પાંગરે છે, પ્રેમથી સિંચાઈ છે, ને બાળકોનાં કિલ્લોલથી મહોરી ઉઠે છે.

ઘર આપણા શ્વાસોશ્વાસમાં, હૃદયની ધડકનમાં, આપણા અસ્તિતવનાં અણુએ અણુંમાં એકાકાર થઈને ઓગળી ગયું હોય છે. એટલે તો એ ભૂલાતું નથી. આપણે જ્યાં જઈએ ત્યાં આપણી સાથે જ ચાલતું આવે છે. ઘરએ આપણી લીલીછમ લાગણીઓથી મહેકતું ઉપવન છે, નિરાંત, શાંતિને સુખનું સરનામું છે. હતાશાને હટાવી હૃદયને ટાઢક આપતું 'હાશકારા'નું આશ્રયસ્થાન છે. ■

મો. ૮૯૦૫૦૮૯૭૨૭



**રસિક પટેલ**
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.
અમદાવાદ

# "રોડની ખુલ્લી છાતી ઉપર થુંકતા અને ફૂંકતા આદિમાનવો"

ખુલ્લા રોડ ઉપર થું..થું... હાક ..થું...કરીને પાછળ આવતા વાહનોની દરકાર કર્યા વગર કમરથી ૪૫ અંશના ખૂણે વાંકા વળીને ગંદા મોઢામાંથી ગંદકીનો ફુવારો મારીને આજુબાજુના ૧૦ ફૂટના ઘેરાવાની ત્રિજ્યામાં ગંદકીનું તળાવ બનાવી દેતા અને વધારામાં પાછળ આવતા વાહન ચાલકને પણ એ ગંદકીનો ભાગીદાર બનાવીને તેના ઉપર પણ અમી છાંટણા કરતા..., કેટલાક વળી અચાનક ચાલુ કારનો દરવાજો ખોલી ખૂબ જ જોખમી રીતે મોઢામાંથી ગંદકી રોડ ઉપર ઠાલવે, ગંદકી જેને હૈયે અને હોઠે સદાય વસેલી હોય..જેમને ગંદકી કોઠે પડી ગઈ હોય, અરે જેઓને ઉકરડા ઉપર બેસીને પણ ભોજન કરવાનો કોઈ બાધ ના હોય તેવા આવાજ કેટલાક આદિમાનવો તમે જોયા હશે, બહારથી સુસંસ્કૃત લાગતા પરંતુ અંદરથી ગંદકીની ગટર બની ગયેલા આવા લોકોને તમે શું કરી શકો ??અને શું કહી શકો ? બહુ બહુ તો મ્યુનિસિપાલિટી વાળા દંડ ફટકારે, પરંતુ વિદેશની જેમ કોઈ આકરો કડક કાયદો હોય તો જરૂર આ બધું કંટ્રોલ થઈ શકે બાકી ક્યારેય નહિ,

તમે જોયું હશે કે ટ્રાફિક ચાર રસ્તા ઉપર સિગ્નલ બંધ હોય તો હવે લોકો શિસ્તમાં ઊભા રહે છે, સરેરાશ ટ્રાફિક નિયમનો ભંગ કરવાનું પ્રમાણ ઓછું થઈ ગયું છે,તેનું કારણ ઘેર પહોંચી જતો ઈ મેમો છે, મોંઢામાં બદબુદાર તમાકુનો માવો કે મસાલો ભરીને ફરતા રહેતા આવા માણસો વિવેક હિન હોય છે, ક્યારેક તો એવું લાગે કે આવા વ્યસનીઓની કોલોની - રહેઠાણ અલગ જ હોવા જોઈએ,જેમ કોઈ ચેપ થી રોગગ્રસ્ત વ્યક્તિઓની કોલોની અલગ હોય છે તેમ આવી કોલોનીઓમાં ફકત અને ફકત વ્યસનીઓ જ રહેતા હોય, પછી ભલે ને એ બધા એક બીજાના મોંઢામાં મોંઢા નાખી થુંક્યા કરે અને ફૂંક્યા કરે, તેમને વ્યસન વગરના લોકોના રહેઠાણમાં પ્રવેશ પણ નિષેધ હોય, જોકે આવું બધું શક્ય નથી તે પણ એક હકીકત છે.

ગંદકીથી ખદબદતી ચા ની કીટલીઓ, પાન ના ગલ્લા, ખુલ્લા શાકભાજી ઉપર બણબણતી માખીઓ... આ બધું રોગો ને જન્મ આપે છે, આપણે વ્યક્તિગત રીતે જાગૃત થઈને સ્વયં શિસ્ત દાખવીશું તો જ આપણે આપણા શહેરને સ્વચ્છ... સુંદર અને હરિયાળું બનાવી શકીશું, ઉપર કહ્યું તેમ થૂંકવા અને ફૂંકવાનો



અલગ ઝોન ઉભો કરવો જોઈએ જ્યાં ફકત થુંકવાવાળા અને ફૂંકવાવાળા ને પ્રવેશ મળે કારણકે એ બધા ભવિષ્યના મહા ભયાનક એવા કેન્સરના વટ વૃક્ષ ને જન્મ આપવાના છે અને તેમના પોતાના પરિવારોને નધણીયાતા છોડીને કાયમ માટે આ પૃથ્વી ઉપરથી વિદાય લેવાના છે, રિબાઈ રિબાઈને કેન્સર થી મરવું એના કરતાં બે પાંચ રૂપિયાના મસાલા છોડવા.. સિગારેટ છોડવી એ લાભ નો સોદો છે, ફકત એક વખત...હા ફકત એક વખત કેન્સર હોસ્પિટલ જઈને મોંઢા અને જડબાના કેન્સર થી સડી રહેલા.. અરે મોંઢામાં પ્રવાહી ખોરાક પણ લઈ નહિ શકતા આવા લોકોને અચૂક હોસ્પિટલમાં મળવું જોઈએ, તોજ તેઓને તમાકુ ગુટકાની ભયાનકતાનો ખ્યાલ આવે અને કદાચ આ ભયાવહ નજારો જોયા પછી તેઓનું વ્યસન કાયમ માટે તેમના જીવનમાંથી વિદાય પણ લે તેવું પણ બને.

તમાકુ ગુટકા કે બીડી સિગારેટના વ્યસનીઓના ઘરના સભ્યો તેમજ તેમના બાળકોની હાલત દયનીય હોય છે, વ્યસનીના ઘરની સ્ત્રીઓ અને નાના બાળકોને બીડી સિગારેટનો ધુમાડો તેમને વગર વ્યસને વ્યસની બનાવી દે છે, એક સર્વે મુજબ વ્યસનીના ફેફસાંમાં તો કેન્સર ઘુસ મારી જ દે છે અને તેના ફેફસાંમાં કાંણા પાડીને ફેફસાને ખોખલા પણ કરી નાખે છે સાથે સાથે તેના જ ઘરના નિર્દોષ સભ્યોને પણ યેનકેન પ્રકારે આ કેન્સર જેવી જીવલેણ બીમારી લપેટમાં લઈ લે છે તે નરી વાસ્તવિકતા છે. બાગ બગીચામાં પણ તમે જોયું હશે કે ૬૦ વર્ષ ની ઉંમર વટાવી ગયેલા,દુનિયા જોઈ ચૂકેલા ભાભાઓ પણ આજુબાજુ થુંક્યા કરતા હોય છે.. વળી કેટલાક બીડીઓ ફૂંકતા હોય

# લગ્નોત્સુક યુવક-યુવતીઓના બાયોડેટા આવકાર્ય

લગ્ન એ માત્ર બે વ્યક્તિઓના મિલનનો પ્રસંગ નથી, પરંતુ બે પરિવારોના સંબંધો, સંસ્કારો અને જીવનમૂલ્યોનું પવિત્ર બંધન છે. યોગ્ય જીવનસાથીની પસંદગી જીવનના સુખ, સ્થિરતા અને પ્રગતિ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આજના સમયમાં યોગ્ય જીવનસાથી શોધવામાં યુવક-યુવતીઓ તેમજ વાલીઓને અનેક પડકારોનો સામનો કરવો પડે છે, ત્યારે સામાજિક જવાબદારીના ભાગરૂપે અને લોકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આપણા માસિક **"ઉમાસૃષ્ટિ" મેગેજીનમાં લગ્નોત્સુક યુવક-યુવતીઓના બાયોડેટા પ્રસિધ્ધ કરવાનું નક્કી કર્યું છે.** જે યોગ્ય જીવનસાથી શોધવામાં ઉપયોગી બનશે. આ વિભાગમાં આપના પરિવારના લગ્નોત્સુક દીકરા કે દીકરી માટે સુયોગ્ય જીવનસાથી મેળવવા **નિર્ધારિત શુલ્ક ચૂકવીને બાયોડેટા પ્રસિદ્ધ કરાવી શકશો.** આ મેગેજીન રાજ્ય અને દેશ-વિદેશમાં હજારો પરિવારો સુધી પહોંચતું હોવાથી આપના સંતાન માટે યોગ્ય પાત્ર શોધવાનું કામ હવે સરળ અને ઝડપી બનશે.

## : બાયોડેટા માટે જરૂરી વિગતો :

**વ્યક્તિગત માહિતી :** લેટેસ્ટ ફોટો, પુરુ નામ, જન્મ તારીખ, ઉંચાઈ, વજન, શિક્ષણ, વ્યવસાય, સ્થળ.

**પારિવારિક માહિતી :** પિતાનું નામ, વ્યવસાય, શિક્ષણ, માતાનું નામ, વ્યવસાય, કુલ ભાઈ - બહેન. મૂળવતન, ઘરનું સરનામું, મોસાળ, પ્રોપર્ટીઝ, મોબાઈલ નંબર, અપેક્ષા.

**નિર્ધારિત શુલ્ક :** ● ફુલ પેઈજ : રૂા. ૧૨,૦૦૦/- ● હાફ પેઈજ : રૂા. ૬,૦૦૦/- ● ક્વાર્ટર પેઈજ : રૂા. ૩,૦૦૦/-

**વિશેષ સૂચના :** આપેલ તમામ વિગતોની ખરાઈ કરવાની જવાબદારી બાયોડેટા મોકલનારની રહેશે.

**બાયોડેટા મોકલવાનું માધ્યમ :** વોટ્સઅપ નંબર / ઈમેલ / રૂબરૂ / પીડીએફમાં મોકલવાની રહેશે

**શુલ્ક ચૂકવવાનું માધ્યમ :** ક્યુઆર કોડ / ચેક / કેશ

**સંપર્ક કરો :** વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ. મો. ૭૨૦૨૦૮૦૩૩૩/૨૨૨

### "રોડની ખુલ્લી છાતી ઉપર .....

છે અને બીડી ફૂંકીને ત્યાં જ ઘાસની લોન ઉપર નાખી દેતા હોય છે,અને આવી પાનની પિચકારીઓ, થૂંક અને બીડીના ઠૂંઠા ઉપર નાના બાળકો ખુલ્લા પગે દોડતા હોય છે, આવા લોકો ને ભગવાને કદાચ મોંઢું થુંકવા અને ફૂંકવા માટે જ આપ્યું હોય તેવું લાગે,પરંતુ બને છે એવું કે જે હેતુ માટે ભગવાને મોંઢું આપ્યું હોય છે તે મોંઢા અને જડબાના કેન્સર ને કારણે તેમનો ખોરાક લેવાનો જ બંધ થઈ જાય છે,અરે આખી જિંદગી જ્યાં ત્યાં થૂંક થૂંક કર્યું હોય છે તે થુંકવાનું પણ બંધ થઈ જાય છે..માટે જાગો..જાગો અને મનોમંથન કરો, કદાચ કોઈ નાસમજ બાળક ભૂલ કરે તો હજુ પણ ચાલે પરંતુ મોટેરાઓ , દુનિયા જોઈ ચૂકેલા મોટેરાઓ નાસમજ હોઈ ના શકે, બાગ બગીચા, રોડ રસ્તા તેમજ ઓફિસના પગથીયાના ખૂણા, લિફ્ટના ખૂણાઓમાં, ચારે બાજુ થુંકતા રહેતા.. જાણે ભગવાને મોઢું જ થું..થું..કરવા આપ્યું હોય..આવા આસુરી તત્વો નાના બાળકોના આરોગ્ય માટે ખતરા સમાન છે, દુબઈ કેનેડા ના રસ્તા ચોખ્ખા છે કારણકે માણસોમાં સ્વયં શિસ્ત છે..અનુશાસન છે,સરકાર પણ ભારે દંડ ની કાર્યવાહી થી સજ્જ છે, પાનની પિચકારીઓ મારી ગંદકી ફેલાવતા આવા અસુરોએ પોતાના બેડરૂમના ખૂણાઓને મોંઢામાંથી ફુવારા મારીને રંગવા જોઈએ, આવા તત્વો સામે લાલ આંખ કરીને સત્વરે મોટા દંડ સાથે કાર્યવાહી કરવી જોઈએ તે નિર્વિવાદ છે.

જ્યાં જુઓ ત્યાં ગંદકી, પાન મસાલાની પિચકારીઓ,કાગળના ડુચા,મસાલો ખાધેલા તમાકુ ગુટકા ના પડીકા, અરે મારા ભાઈઓ તમે તન થી સ્વચ્છ નહિ હોવ ત્યાં સુધી મન થી સ્વચ્છ ક્યારેય થઈ શકવાના નથી, આવો આપણે સૌ બાગ બગીચા સ્વચ્છ રાખીએ,ઉપરાંત જ્યાં આપણું રહેઠાણ છે.. જે આપણું ઘર છે તેને પણ ગંદકીથી દૂર કરી મંદિર બનાવીએ, તો જ પ્રભુ આપણા ઘરમાં અને આપણા હૃદય માં વાસ કરશે તે નક્કી. મો.૯૮૨૫૦૧૪૦૬૩

# યાત્રા સૃષ્ટિ



**પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી**
જાણીતા હિન્દી લેખક અને વિવેચક
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

# સમુદ્રી વૈભવથી છલકાતો પ્રદેશ
# આંદામાન - નિકોબાર

પ્રાકૃતિક સાંસ્કૃતિક અને ઐતિહાસિક વિરાસતનો ભવ્ય વારસો ધરાતવું આંદામાન નિકોબાર ભારતનો કેન્દ્ર શાષિત પ્રદેશ છે. ચારે બાજુ દરિયાથી ઘેરાયેલા આ ટાપુ ઉપર જવા માટે ફક્ત બે જ માર્ગ છે. એક હવાઈ માર્ગ અને દરિયાઈ માર્ગ જેમાં ચેન્નાઈ - કલકત્તા અને વિશાખાપટ્ટમથી મહાકાય સ્ટીમરો ચોક્કસ સમયે આંદામાન - નિકોબારની રાજધાની પોર્ટબ્લેયર માટે આવન જાવન કરે છે. જેને ૬૦ ક્લાક જેટલો સમય લાગે છે. જ્યારે વિમાનને બે ક્લાક લાગે છે.

**પ્રસ્તાવના :** મને આ પ્રવાસ ચાર વખત કરવાની તક મળી છતાં થાય છે કે મારે હજુ પણ એકવાર જવું છે. એવો છે અજાયબીઓથી ભરપુર આ સમુદ્રી વૈભવથી છલકતો પ્રદેશ. અહીં જવા માટે હવાઈમાર્ગ સૌથી ઝડપી છે. ભારતના મુખ્ય શહેરોથી શ્રી વિજયપુરમ (પોર્ટબ્લેર) વીર સાવરકર ઈન્ટરનેશલ એરપોર્ટ પહોંચી શકાય છે. સમુદ્રી માર્ગે જવા માટે પ્રવાસીએ ચેન્નઈ, કોલકતા કે વિશાખાપટ્ટનમ પહોંચવું જરૂરી છે. ચેન્નઈ અને કોલકાતાથી સામાન્ય રીતે મહિનામાં ૩ થી ૪ શીપ જાય છે. જ્યારે વિશાખાપટ્ટનમાંથી મહિનામાં એકવાર જ શીપ જાય છે. જેમાં વાતાવરણની અનુકૂળતા હોય તો ૫૦ થી ૬૦ ક્લાક લાગે છે. આ શીડ્યુલ ગમે ત્યારે બદલાઈ શકે છે. જહાજનું ભાડુ સામાન્ય કેટેગરીથી રૂા. ૪૨૦૦ થી સેકન્ડ ક્લાસ રૂા. ૧૧૫૦૦/- ફર્સ્ટ ક્લાસ ૧૪૫૦૦/- અને ડીલક્સ ભાડુ રૂા.૧૭,૫૦૦ની આસપાસ વન-વે ભાડુ થાય છે.

**આંદામાનનું કુદરતી અજાયબ ઘર : બારાટાંગ**

તમે આંદામાન - નિકોબાર ગયા હો અને આ સ્થળે ન જાવ તો માત્ર ધક્કો થયો એમ માનવું. બારાટાંગ આંદામાનના અન્ય ટાપુઓથી અલગ છે. આ સ્થળ ચુનાના પત્થરથી કુદરતી ગુફાઓ, કાદવના કુદરતી જ્વાળામુખી, મેન્ગ્રોવ એટલે કે દરિયાઈ ખારાપાણીમાં કાંઠે ઉગતુ જંગલ વિશિષ્ટ છે. પાણીની બંને બાજુ મેન્ગ્રોવના ઘાટા વૃક્ષો અને તેના મૂળ પાણીમાં સ્પષ્ટ દેખાય છે. જેના કારણે જાણે જંગલની અંદરથી નદીમાં પ્રવાસ કરવાનો અનુભવ રોમાંચક છે. દરિયામાં ઉગતા આ વૃક્ષો માછલીઓ, કરચલા અને અન્ય જળચર જીવોનું આશ્રય સ્થાન છે. આ સમગ્ર વિસ્તાર જારવા પ્રજાતિ માટે રીઝર્વ હોવાથી અહીં પ્રવાસીઓ માટે કડક નિયમો છે. બારાટાંગ જવાનો રસ્તો ઉષ્ણકટીબંધના ગાઢ જંગલોમાંથી પસાર થાય છે. પોર્ટબ્લેરથી શરૂ થતા આ પ્રવાસના માર્ગમાં જંગલ, મેન્ગ્રોવ, સમુદ્ર અને ટાપુઓના અવિસ્મરણીય દ્રશ્યો જોવા મળે છે. દરિયામાં ઉગેલા વૃક્ષોની વચ્ચેથી બોટીંગની જેમ જ ચૂનાના પત્થરની ગુફાઓ અદ્ભુત છે. આ ગુફાઓ લાખો વર્ષથી ચાલતી ભૂગર્ભીય પ્રક્રિયાઓના પરિણામે બની છે. આ ગુફાની અંદર તમને અકલ્પનીય ચૂનાના પત્થરની રચનાઓ, છત પરથી નીચે ઉતરતી વિવિધ આકૃતિઓ, જમીન પરથી ઉપર આવતી આકૃતિઓ, કુદરતી પત્થરની દિવાલો, અંધકારમય સાંકળા રસ્તાઓ, પાણીના પ્રવાહથી બનેલી રચનાઓ ઉપરથી ટપકતું પાણી, ગુફામાં પ્રવેશતો સૂર્યપ્રકાશ આ બધુ જ તમને એક નવા જ લોકમાં લઈ જશે. આ ઉપરાંત કાદવમાંથી બનતા જ્વાળામુખી પણ તમને મંત્રમુગ્ધ કરી દેશે. બારાટાંગ વિસ્તારમાં ગાઢ જંગલોમાં વસતો 'જારવા આદિવાસી' આંદામાનના મૂળ નિવાસી સમૂદાયોમાંના એક છે. તેમનું જીવન જંગલ, શિકાર, માછીમારી, કુદરતી ખોરાક અને પરંપરાગત જ્ઞાન સાથે જોડાયેલું છે. બારાટાંગની આસપાસનું કુદરતી પર્યાવરણ ઊંચા ઉષ્ણકટિબંધીય વૃક્ષો વિવિધ વનસ્પતિઓ, વેલીઓ, પક્ષીઓ, મેન્ગ્રોવ જીવો, સરિસૃપ અને વિવિધ જંગલી પ્રાણીઓ માટે પ્રખ્યાત છે.

**૧. આંદામાન - નિકોબારનો પરિચય :** આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહ બંગાળની ખાડીમાં આવેલો ભારતનો અત્યંત મહત્વપૂર્ણ દ્વીપસમૂહ છે. અહીં અસંખ્ય નાના-મોટા ટાપુઓ, ઘન ઉષ્ણકટિબંધીય જંગલો, સફેદ રેતાળ બીચ, વાદળી સમુદ્ર, કોરલ રીફ, મેન્ગ્રોવ, સમુદ્રી કાચબા અને અનેક દુર્લભ પ્રજાતિઓ જોવા મળે છે. આંદામાનનો પ્રવાસ માત્ર દરિયા અને બીચનો પ્રવાસ નથી. અહીં ભારતના સ્વાતંત્ર્યસંગ્રામનું કરુણ અને ગૌરવપૂર્ણ અધ્યાય, આદિવાસી સંસ્કૃતિ, સમુદ્રી જૈવવિવિધતા અને અદભુત ટાપુ-પ્રકૃતિ - ચારેયનો સંગમ જોવા મળે છે. આ વિસ્તારનું વિશેષ મહત્વ એ છે કે ભારતીય પ્રાણી સર્વેક્ષણના અભ્યાસ અનુસાર અહીં ૧૧,૦૬૯ જેટલી પ્રાણી પ્રજાતિઓ નોંધાઈ છે, જેમાં ૧,૧૨૩ પ્રજાતિઓ સ્થાનિક (endemic) હોવાનું નોંધાયું છે.

**૨. આંદામાન - નિકોબારનું ઐતિહાસિક મહત્વ :**

**પ્રાચીન સમય :** આ દ્વીપસમૂહનો માનવ ઇતિહાસ અત્યંત પ્રાચીન છે. અહીં હજારો વર્ષોથી વિવિધ સ્થાનિક આદિવાસી સમુદાયો વસે છે. આંદામાનમાં ગ્રેટ આંદામાનીઝ, ઓંગે, જારવા અને સેન્ટિનેલીઝ જેવા સમુદાયો તથા નિકોબારમાં નિકોબારી અને શોમ્પેન સમુદાયોનું અસ્તિત્વ છે. આ સમુદાયોની જીવનશૈલી સમુદ્ર, જંગલ, શિકાર, માછીમારી અને

# યાત્રા સૃષ્ટિ



કુદરતી સંસાધનો સાથે ગાઢ રીતે જોડાયેલી રહી છે.

**૩. બ્રિટિશ શાસન અને દંડ વસાહત :** ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામ પછી બ્રિટીશ સરકારે રાજકીય કેદીઓને ભારતની મુખ્ય ભૂમિથી દૂર રાખવા માટે આંદામાનનો ઉપયોગ દંડ વસાહત તરીકે કર્યો. ૧૮૫૮ પછી પોર્ટ બ્લેર વિસ્તાર બ્રિટિશ દંડ વસાહતના મહત્વના કેન્દ્ર તરીકે વિકસ્યો.ભારતથી હજારો કિલોમીટર દૂર આવેલા આ ટાપુઓનો એક હેતુ એવો હતો કે રાજકીય કેદીઓ માટે અહીંથી ભાગવું અત્યંત મુશ્કેલ રહે.

**૪. પ્રવાસનો સૌથી સુંદર સાર :** આંદામાન-નિકોબારની ઓળખને પાંચ શબ્દોમાં કહી શકાય : “ઈતિહાસ, સમુદ્ર, પ્રકૃતિ, સાહસ, શહીદોની સ્મૃતિ.” એક તરફ સેલ્યુસર જેલ આપણને સ્વાતંત્ર્યસેનાનીઓના ત્યાગની યાદ અપાવે છે, તો બીજી તરફ Radhanagarનો નિર્મળ દરિયો પ્રકૃતિની સુંદરતા બતાવે છે. Elephant Beach અને ર્દ્દરિ મ્હઅ સમુદ્રની અંદરની રંગીન દુનિયા બતાવે છે, Baratang પૃથ્વીના ભૂગર્ભીય વૈભવનો પરિચય કરાવે છે. અને ઉત્તર આંદામાનના Kalipur, Karmatang તથા Roass & Smith Islands દ્વીપસમૂહની અનોખી જૈવવિવિધતા દર્શાવે છે.

આથી આંદામાન - નિરોબારનો પ્રવાસ “ફરવા જવાનો પ્રવાસ” નથી; તે ભારતના સ્વાતંત્ર્ય ઈતિહાસ, સમુદ્રી વિજ્ઞાન, જૈવવિવિધતા, પર્યાવરણ અને ભારતીય સાંસ્કૃતિક સ્મૃતિનો અભ્યાસ બની શકે છે. કોરલ રીફની આસપાસ રંગબેરંગી reef fishes જોવા મળે છે. કેટલીક જગ્યાએ snorkeling અને scube diving દરમિયાન આ માછલીઓ અત્યંત નજીકથી જોઈ શકાય છે.

**સમુદ્રી કાચબા :** આંદામાન - નિકોબાર સમુદ્રી કાચબાઓ માટે મહત્વપૂર્ણ પ્રજનન માટે નિવાસસ્થાન છે. ખાસ કરીને Leatherback પર વૈજ્ઞાનિક અભ્યાસ પણ કરવામાં આવ્યો છે.

**ખારા પાણીનો મગર :** મેન્ગ્રોવ અને દરિયાકાંઠાના કેટલાક વિસ્તારોમાં Saltwater crocodile જોવા મળે છે. તેથી અજાણ્યા કિનારા કે મેન્ગ્રોવ વિસ્તારમાં પાણીમાં ઉતરવું યોગ્ય નથી.

### આંદામાન : મુખ્ય બીચ અને વિશેષતા

**૧. રાધાનગર બીચ : (સ્વરાજ દ્વીપ) :** સૌથી પ્રસિદ્ધિ બીચ છે. તે સફેદ નરમ રેતી, સ્વચ્છ વાદળી પાણી, સૂર્યાસ્ત, સ્વીમીંગ, સ્નોકલીંગ અને કુદરતી સૌંદર્ય માટે વિશ્વવિખ્યાત છે. આંદામાન પ્રવાસન વિભાગ આ બીચને સૌથી વધુ સ્વચ્છ અને પ્રસિદ્ધ બીચ તરીકે દર્શાવે છે.

**૨. એલીફન્ટ બીચ :** આ બીચ પાણીની રમતો અને અંડર વોટર એક્ટીવીટ માટે પ્રખ્યાત છે. અહીં સ્નોક્લીંગ, સ્કૂબા ડાઈવીંગ, સી વોકીંગ, ગ્લાસ બોટમ બોટ દ્વારા કોરલ રીફ અને રંગબેરંગી સમુદ્રી માછલીઓની અનોખી દુનિયા જોવા મળે છે.

**૩. કાલાક પત્થર બીચ :** રાધાનગર બીચની સરખામણીમાં આ બીચ વધુ શાંત અને ઓછી ભીડવાળો બીચ છે. લીલાછમ વૃક્ષો, સફેદ રેતી, વાદળી સમુદ્ર કાળા પત્થરો માટે પ્રખ્યાત આ બીચ ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી માટે ઉત્તમ છે.

**૪. ભરતપુર બીચ :** આ બીચ સફેદ રેતી, કોરલ વ્યુ, ગ્લાસ બોટમ, સ્નોકલીંગ અને સનરાઈઝ માટે પ્રખ્યાત છે. પારિવારીક પ્રવાસ માટે બેસ્ટ સ્થળ મનાય છે.

**૫. લક્ષ્મણપુર બીચ :** સૂર્યાસ્ત અને કુદરતી શીલા રચનાઓ માટે પ્રખ્યાત છે.

**૬. સીતાપુર બીચ :** સનરાઈઝ બીચ તરીકે ઓળખાતા આ બીચ સવારના સૂર્યોદય સાથે સમુદ્રના દ્રશ્ય માટે વિખ્યાત છે.

**૭. કોરબ્યાન બીચ :** (વિજયાપુરમ) અહીં સરળતાથી પહોંચી શકાય છે. સમુદ્રકિનારો, નાળિયેરી, સ્વીમીંગ, સનસેટ અને વોટર એક્ટીવીટ માટે પ્રખ્યાત છે.

**૮. નોર્થ - બે - બીચ :** સમુદ્રી પ્રવૃત્તિઓ માટે જાણીતો આ બીચ સ્કૂબા ડાઈવીંગ, કોરલ વ્યુઅીંગ અને સ્નોકલીંગ માટે વિખ્યાત છે.

**૯. મુંદ્રા પ્રહર બીચ (ચીડિયા ટાપુ) :** આ બીચ સનસેટ પોઈંટ ઉપરાંત દરિયો, જંગલ, પક્ષીઓ અને પ્રાકૃતિક સૌંદર્ય માટે પ્રસિદ્ધ છે.

આ ઉપરાંત અહીં વંડુરબીચ, કાલીપુર બીચ, રોઝ એન્ડ સ્મીથ આઈસલેન્ડ, રામનગર બીચ, લામીચા બે બીચ, કર્માંટગ બીચ, માયાબંદર, લાલાજી-બે-બીચ, બટલર બે બીચ ઉપરાંત ૮૦૦ થી વધુ ટાપુઓ આવેલા છે. જેમાંથી ૩૧ ટાપુઓ પર માનવ વસાહત છે. પરંતુ ત્યાં પ્રવાસીઓએ પહોંચવુ મુશ્કેલ અથવા પ્રતિબંધીત છે. પ્રવાસીઓ માત્ર ૫ થી ૬ ટાપુઓ પર જ જઈ શકે છે.

**સેલ્યુલર જેલ :** ભારતમાં ૧૮૫૭માં સ્વતંત્રતા માટે જે મોટો વિગ્રહ ફાટી નિકળ્યો તેને ઘણી મુશ્કેલીથી અંગ્રેજો દબાવવામાં સફળ રહ્યા પણ તેના અપરાધી ગણાતા રાષ્ટ્રીય કેદીઓને ક્યાં રાખવા તે મોટો પ્રશ્ન હતો જેના માટે કેદીઓની પહેલી ખેપ જહાજમાં લઈને ૧૦-૩-૧૯૫૮નારોજ ડો. જે.પીવાકર આંદામાન નિકોબારના ચનથમ ટાપુ ઉપર ઉતર્યા આ એક એવું સ્થાન હતું કે, જ્યાંથી કોઈ કેદી ભાગીને દેશ જઈ ન શકે કારણ કે એક તરફ વિશાળ સમુદ્ર હતો તો બીજી તરફ ગાઢ જંગલો અને તેમાં રહેતા નરભક્ષી જારવા લોકો જેને કારણે કેદીઓને રાખવા માટે આ એક સુરક્ષિત જગ્યા હતી. અહિયા ભારતીય કેદીઓ ઉપર અસહ્ય ત્રાસ ગુજારવામાં

# યાત્રા સૃષ્ટિ



આવતો હતો. સેલ્યુલર જેલનું નિર્માણ ઈ.સ. ૧૯૦૦માં શરૂ થયું હતું. અંગ્રેજોના એક યુદ્ધ જહાજનું નામ સેલ્યુલર હતુ તેના નામ ઉપરથી આ જેલનું નામ સેલ્યુલર રાખવામાં આવ્યું છે. આ જેલમાં ૬૦૩ ઓરડા ત્રણ માળમાં વહેંચાયેલા છે. આ જેલ સાત દીશાઓમાં કમળના ફુલની પાખડીઓ જેવી બની છે. આ જેલના સર્વોચ્ચ સ્થાને એક ટાવર બનાવવામાં આવેલ છે. ઈ.સ. ૧૯૦૬માં આ જેલ તૈયાર થઈ હતી. જેમાં લોખંડ સિવાયની બધી વસ્તુઓ અહીંથી પ્રાપ્ત કરવામાં આવી હતી. કેદીઓ પાસે ૬૦ ફુટ ઉંચા ટેકરાને સમતલ બનાવવામાં આવ્યો હતો. આ જેલમાં રાત્રે ભજવાતો લાઈટ એન્ડ સાઉન્ડ શો જોઈને દરેક પ્રવાસીની આંખો ભીની થઈ જાય છે. અને આઝાદીનું મૂલ્ય સમજાય છે.

**રોઝ આઈલેન્ડ :** પોર્ટબ્લેયર સામા કિનારે આવેલા આ ટાપુના શોધક ડેનિયલ રોઝ હતા જેના ઉપરથી આ ટાપુનું નામ રોઝઆઈલેન્ડ પડ્યું છે. આદામાન નિકોબાર દ્વિપ સમુહોની શાસન વ્યવસ્થા ચલાવવા આ ટાપુને પસંદ કર્યો હતો. અહીંયા અંગ્રેજોના અધિકારીઓ ઉનાળામાં વેકેશન ગાળવા આવતા હતા. અહીં દરિયાના પાણીને મીઠું બનાવવાનો ફીલ્ટર પ્લાન્ટ, સ્વીમીંગ પુલ, લાઈટ હાઉસ, વીજળીઘર વગેરે સ્થળો આવેલા છે. અહીંયા મકાનો બાવવા માટે થાઈલેન્ડથી ઈંટો લાવવામાં આવી હતી.

**વાયપર આઈલેન્ડ :** આ આઈલેન્ડનો ઉપયોગ કેદીઓને ફાંસીની સજા કરવા માટે થતો હતો, અહીંયા ફાંસી ઘર આવેલું છે. જેમાં જે કેદીને ફાંસીની સજા કરવામાં આવે તેને પ્રથમ રૂમમાં પછી બીજા દિવસે બીજા ઓરડામાં લાવવામાં આવતો અને જજ દ્વારા ઘોષણા થયા બાદ તેને ઉંચી પહાડી ઉપર લઈ જઈને ફાંસી આપવામાં આવતી હતી.

**હારબર ક્રુઝ :** હારબરક્રુઝ એટલે વિશાળ કાય જહાજને રીપેર કરવાનું ગેરેજ, જે વાયપર જતા શીપમાંથી જ જોવાનું હોય છે. આ એક મોટું વિશાળ તરતું વર્કશોપ છે. અને તેમાં રીપેર થતા ભારતના જ નહી વિશ્વભરના હિન્દમહાસાગરમાં પ્રવાસ કરનારા જહાજો અહીં સમારકામ માટે આવે છે. વિશ્વના મોટા ત્રણ વર્કશોપમાં આ વર્કશોપનો સમાવેશ થાય છે.

**વંડુર બીચ :** પ્રકૃતિક સૌદર્ય ધરાવતો આ બીચ પોર્ટબ્લેયરથી દૂર આવેલ છે. અહીંયા ગાંધી મ્યુઝીયમ ખાસ જોવા જેવું છે, જયારે રસ્તામાં શિપ ઘાટ અને હોટરીકલ્ચર ફાર્મ રસ્તામાં આવે છે.

**નોર્થબે કોરલ આઈલેન્ડ :** સમગ્ર આંદામાન પ્રવાસનું સૌથી મહત્વનું અને આકર્ષણ ધરાવતું સ્થળ એટલે કેરલ આઈલેન્ડ, જેના માટે પોર્ટ બ્લેયરથી શીપમાં જવાનું હોય છે. શીપ કિનારાથી થોડું દૂર ઉભું રહે છે. ત્યારબાદ ગ્લાસ બોટમ બોટમાં કિનારા ઉપર જવાનું હોય છે, અને બોટના તળિયામાંથી નીચે આવેલ હજારો રંગબેરંગી દરિયાઈ જીવો જોવા મળે છે. ત્યારબાદ કિનારે આવી દરિયામાં સ્નાન કરવાનું અને સાંજે ત્યાં મળતી રબ્બરની રીંગ ચશ્મા પહેરીને સ્નોકરોલંગ કરવાનું હોય છે.

**બારાટંગા આઇલેન્ડ :** પોર્ટલ્યરથી અંદાજીત ૧૫૦ કિ.મી. દુર આવેલા આ સ્થળે જવા માટે વહેલી સવારે ચાર વાગ્યે રોડ માર્ગે વાહન દ્વારા જવાનું હોય છે. એન્ટ્રી ફોર્માલીટી પતાવીને પોલીસ ગાર્ડ સાથે ગાઢ જંગલોમાંથી આ બસ પસાર થાય છે ત્યારે રસ્તામાં વિહરતા આદિવાસી જોવા મળે છે. જેમના ફોટા પડવાની મનાઇ છે. ત્યારબાદ બારાટંગા આઈલેન્ડ આવે છે. અહીંયા બસ અને કારને ફેરી જહાજ ઉપર ચડાવી સામે કિનારે લઇ જવામાં આવે છે અને ત્યારબાદ નાના હોડકામાં બેસીને દૂર સમુદ્ર કિનારે જવાનું હોય છે. ત્યારબાદ એકાદ કી.મી. ચાલીને પગપળા ગુફા જોવા જવાનુ; હોય છે, જેને મડવલ કેનો કહે છે.

**હેવલોક :** સમગ્ર એશિયામાં નામના પામેલ આ બીચ તેના અપ્રિતમ સૌદર્ય માટે જાણીતો છે. પોર્ટબ્લેયરથી ૯૦ કી.મી.દૂર શિપમાં મુસાફરી કર્યાબાદ હેવલોક આવે છે. ત્યાંથી ૨૦ કી.મી. દૂર રાધાનગર બીચ ઉપર સ્થાનિક વાહનમાં જવાનું હોય છે. આ બીચ ઉપર દરિયાના પાણીનો રંગ સુર્યના કિરણો થકી બદલાતો જોઇ શકાય છે. આ બીચ ઉપર સમુદ્ર સ્નાન કરવાની મજા આવે છે.

### આંદામાન - નિકોબાર પ્રવાસ આઈટીનરી

**દિવસ - ૧ :** અમદાવાદથી સવારે ૬-૩૦ વાગે ઉપડતી નજીવન એક્સપ્રેસ ટ્રેન દ્વારા ચેન્નાઈ જવા પ્રયાણ સવારે ૧૦-૦૦ વાગે સુરત, સાંજે ૮-૦૦ વાગે અકોલા, રાત્રિ મુસાફરી ટ્રેનમાં.

**દિવસ - ૨ :** સવારે ૯-૦૦ વાગે વિજયજાડા બપોરે ૨-૦૦ વાગે ગુડુર અને સાંજે ૪-૦૦ વાગે ચેન્નાઈ આગમન, રેલ્વે સ્ટેશન ઉપર વિશ્વાના પ્રતિનિધિ દ્વારા સ્વાગત અને ત્યાંથી ખાસ વાહન દ્વારા સમાજ જવા પ્રયાણ. રાત્રે ગુજરાતી ભોજનનો આનંદ અને આરામ.

**દિવસ - ૩ :** ચેન્નાઈ થી વહેલી સવારે ૧-૩૦ વાગે ઉઠીને ખાસ વાહન દ્વારા એરપોર્ટ, અને સવારે ૪-૦૦ વાગે ઉપડતી લાઈટમાં આંદામાન નિકોબારની રાજધાની પોર્ટબ્લેયર જવા પ્રયાણ સવારે ૭-૪૫ વાગે પોર્ટબ્લેયર આગમન જયાં એરપોર્ટ ઉપર વિશ્વાના પ્રતિનિધિ દ્વારા સ્વાગત અને હોટલ ઉપર જવા પ્રયાણ, સવારે ચા-નાસ્તો અને બપોરનું ભોજન પતાવીને સિટી સાઈન માટે પ્રયાણ, જેમાં આઝાદીની ગાથા કહેતી સેલ્યુલર જેલમાં લાઈટ એન્ડ સાઉન્ડ શો તથા વોટર સ્પોર્ટસ કોમ્પલેક્ષ, સાગરીકા, નેતાજી સ્ટેડિયમની મુલાકાત રાત્રે ભોજન અને હોટલમાં આરામ (દરેક પ્રવાસીએ રાત્રે સુતા પહેલા પોતાનું સંપુર્ણ લગેજ પેક કરવું અને એક જોડી કપડાં, દરિયાનાં નાહવા કોશ્યુમ, ટુવાલ,ટુથબ્રશ વગેરે અલગબેગમાં પેક કરવું.)

(અનુ. પેઈજ ૪૨ ઉપર)

# આરોગ્ય સૃષ્ટિ



**ડો. નયન પરાલિયા**
લેખક જાણીતા સ્ત્રીરોગ અને વંધ્યત્વ નિષ્ણાત છે.

# મેદસ્વિતા અને મહિલાઓમાં વંધ્યત્વ : વધતુ વજન માતૃત્વના માર્ગમાં અવરોધ તો નથી બનતુ ને ?

આજની ઝડપી જીવનશૈલી, અનિયમિત ખોરાક, વધતુ જંક ફુડ, શારીરિક શ્રમમાં ઘટાડો અને સતત વધતો તણાવ - આ બધાની સીધી અસર આપણા સ્વાસ્થ્ય પર પડે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મેદસ્વિતા (obesity) માત્ર દેખાવનો પ્રશ્ન રહી નથી, પરંતુ અનેક ગંભીર બિમારીઓનું કારણ બન્યું છે. તેમાં એક મહત્વપૂર્ણ સમસ્યા છે વંધ્યત્વ (infertility) ઘણા દંપતિઓ લગ્ન પછી સંતાન સુખની અપેક્ષા રાખે છે પરંતુ જો એક વર્ષ સુધી નિયમિત અને અસુરક્ષિત દાંપત્ય જીવન છતા ગર્ભ ન રહે, તો તેને વંધ્યત્વ કહેવાય છે. વંધ્યત્વ માટે સ્ત્રી અને પુરુષ બંને જવાબદાર હોઈ શકે છે. તેમ છતા, મહિલાઓમાં વધતુ જતુ વજન એક મહત્વનું અને ઘણીવાર અવગણાતુ કારણ છે. સારા સમાચાર એ છે કે યોગ્ય માર્ગદર્શન, જીવનશૈલીમાં સુધારો અને સમયસરની સારવાર દ્વારા મેદસ્વિતાને કારણે થતી ઘણી સમસ્યાઓ દૂર કરી શકાય છે.

**મેદસ્વિતા એટલે શું? :** શરીરમાં જરૂર કરતા વધુ ચરબી જમા થાય ત્યારે તેને મેદસ્વિતા કહેવાય છે. તેનું મૂલ્યાંકન સામાન્ય રીતે BMI દ્વારા કરવામાં આવે છે. ૧૮.૫-૨૪.૯ સામાન્ય વજન ૨૫ થી ૨૯.૯ વધેલું વજન અને ૩૦ કે તેથી વધુ મેદસ્વિતા ભારતીઓમાં શરીરમાં ચરબીનું પ્રમાણ, પ્રમાણમાં વધુ હોવાથી ઓછા BMI પર પણ આરોગ્યના જોખમો શરુ થઈ શકે છે. તેથી વજનનું યોગ્ય નિયંત્રણ અત્યંત જરૂરી છે.

**વધતુ વજન ગર્ભધારણમાં કેવી રીતે અડચણ ઉભી કરે છે ?** ઘણા લોકો માને છે કે શરીરમાં વધેલી ચરબી માત્ર દેખાવને અસર કરે છે. પરંતુ હકીકતમાં ચરબી પણ શરીરમાં હોર્મોન્સના કાર્યના અસર કરતી સક્રિય પેશી છે. જ્યારે શરીરમાં ચરબીનું પ્રમાણ વધી જાય છે. ત્યારે પ્રજનન માટે જરૂરી હોર્મોન્સનું સંતુલન બગડી જાય છે.

**૧. અનિયમિત માસિક અને ઓવ્યુલેશનમાં તકલીફ**

દર મહિને અંડાશયમાંથી પરિપક્વ અંડુ બહાર આવવું જરૂરી છે. મેદસ્વિતા હોર્મોન્સમાં અસંતુલન સર્જે છે. જેના કરાણે માસિક અનિયમિત થાય છે. અથવા ઘણા મહિનાઓ સુધી માસિક આવતુ




નથી. પરિણામે નિયમિત ઓવ્યુલેશન થતુ નથી અને ગર્ભ રહેવાની શક્યતા ઘટે છે.

**(૨) પોલિસિસિક ઓવરી સિન્ડ્રેમ** (PCOS) - એ આજના સમયમાં મહિલાઓમાં વંધ્યત્વનું સૌથી સામાન્ય કારણ છે. ઘણી વખત વધેલુ વજન અને PCOS એકબીજા સાથે જોડાયેલા હોય છે. PCOS ધરાવતી મહિલાઓમાં સામાન્ય રીતે નીચેના લક્ષણો જોવા મળે છે. જેવા કે, અનિયમિત માસિક, ચહેરા અથવા શરીર પર અનિચ્છનીય વાળ, ખીલની સમસ્યા, વજનમા સતત વધારો, ગર્ભધારણમાં મુશ્કેલી : વજન ઘટાડવાથી ઘણી મહિલાઓમાં PCOSના લક્ષણોમાં નોંધપાત્ર સુધારો જોવા મળે છે.

**(૩) ઈન્સુલિન રેઝિસ્ટન્સ :** મેદસ્વિતા ધરાવતી ઘણી મહિલાઓમાં ઈન્સ્યુલિન યોગ્ય કાર્ય કરતુ નથી પરિણામે શરીરમાં ઈન્સ્યુલિનનું પ્રમાણ વધી જાય છે. જે અંડાશયમાં પુરુષ હોર્મોન

# આરોગ્ય સૃષ્ટિ

(એન્ડ્રોજન) વધારી દે છે. આ સ્થિતિ ઓવ્યુલેશનને અવરોધે છે. અને ગર્ભધારણ મુશ્કેલ બનાવે છે.

(૪) અંડાણુની ગુણવત્તા પર અસર વધેલા વજનની અસર માત્ર અંડુ બહાર આવવા સુધી મર્યાદિત નથી રહેતી. સંશોધન દર્શાવે છે કે મેદસ્વિતા અંડાની ગુણવત્તા અને ભ્રુણના વિકાસ પર પણ પ્રતિકૂળ અસર કરી શકે છે. પરિણામે ગર્ભ રહેવાની અને ગર્ભ ટકી રહેવાની સંભાવના ઘટી શકે છે. ગર્ભ રહી જાય પછી પણ જોખમ ઓછુ નથી. ઘણી મહિલાઓ ગર્ભવતી બની તો જાય છે. પરંતુ મેદસ્વિતાને કારણે ગર્ભવસ્થા દરમિયાન કેટલીક ગંભીર તકલીફોનું જોખમ વધી જાય છે. જેમ કે, ગર્ભપાતનું જોખમ, ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર, સમય પહેલા પ્રસૂતિ, સિઝેરિયન, ઓપરેશનની જરૂરિયાત. મોટા વજનના બાળકનો જન્મ, તેથી ગર્ભધારણ પહેલા જ વજનને નિયંત્રિત કરવુ વધુ લાભદાયક રહે છે.

**(૫) IVF/IUI જેવી સારવારમાં પણ અસર :** ઘણા દંપતિઓ 1U1/1VF જેવી સારવાર લેતા હોય છે. મેદસ્વિતા હોય તો આ સારવારની સફળતાનો દર પણ ઘટી શકે છે. આવી મહિલાઓમાં ! વધુ માત્રામાં દવાઓની જરૂર પડી શકે છે. સારવાર લાંબી ચાલી શકે છે. 1VFના વધુ ચક્ર કરવાની જરૂર પડી શકે છે. આથી ઘણા ફર્ટિલિટી નિષ્ણાંતો સારવાર શરૂ કરતા પહેલા વજન ઘટાડવાની સલાહ આપે છે. સૌથી આનંદની વાત તો એ છે કે દરેક મહિલાએ ખૂબ જ વધુ વજન ઘટાડવાની જરૂર નથી સંશોધનો જણાવે છે કે શરીરના કુલ વજનમાંથી માત્ર ૫ થી ૧૦ ટકા ઘટાડો પણ પ્રજનન ક્ષમતા સુધારવામાં મદદરૂપ બને છે. **તેના લાભો :** માસિક નિયમિત થાય છે, ઓવ્યુલેશન સુધરે છે. હોર્મોન્સનું સંતુલન સુધરે છે. કુદરતી રીતે ગર્ભ રહેવાની શક્યતા વધે છે. IVF/IUI વજન ૯૦ કેજી હોય તો માત્ર ૫ થી ૯ કેજી વજન ઘટાડવાથી પણ નોંધપાત્ર ફાયદો થઈ શકે છે.

## વજન ઘટાડવા માટે શું કરવું ?

વજન ઘટાડવાનો અર્થ ભૂખ્યા રહેવું કે અચાનક ડાયેટિંગ કરવુ નથી. યોગ્ય અને ટકાઉ જીવનશૈલી અપનાવવી જરૂરી છે.

**કેટલીક સરસ આદતો :** સંતુલિત અને પૌષ્ટિક આહારનો લીલા શાકભાજી, ફળો, દાળ, કઠોળ અને સંપૂર્ણ અનાજનો




સમાવેશ કરો. મીઠાઈ, કોલ્ડ્રિક્સ, પેકેજ્ડ ફૂડ અને જંક ફૂડ ઓછુ કરો. દર અઠવાડિયે ઓછામાં ઓછા ૧૫૦ મિનિટ નિયમિત ચાલવું. યોગ અથવા કસરત કરો. પુરતી ઊંઘ લો. તણાવ ઘટાડવા માટે ધ્યાન, પ્રાણાયામ અથવા યોગનો સહારો લો. જરૂર પડે તો ગાયનેકોલોજિસ્ટ અને ડાયેટિશિયનની સલાહ લો. ક્યારે ડોક્ટરનો સંપર્ક કરવો ?

જો નીચેની પરિસ્થિતિઓ હોય તો વિલંબ કર્યા વિના સ્ત્રીરોગ નિષ્ણાંત અથવા ફર્ટિલિટી નિષ્ણાંતનો સંપર્ક કરવો જોઈએ. ઉંમર ૩૫ થી વધુ હોય અને છ મહિનાથી ગર્ભ ન રહેતો હોય, માસિક અનિયમિત હોય, PCOSના લક્ષ્મણો હોય, વજન સામાન્ય કરતા ઘણુ વધારે હોય અને ગર્ભધારણનું આયોજન કરી રહ્યા હોય. સમયસર તપાસ અને યોગ્ય સારવારથી અંતમાં, મેદસ્વિતા વંધ્યત્વનું એક મહત્વપૂર્ણ પરંતુ નિયંત્રિત કરી શકાય તેવુ કારણ છે. યોગ્ય આહાર, નિયમિત કસરત, તણાવમુક્ત જીવનશૈલી અને નિષ્ણાંતની સલાહ દ્વારા ઘણી મહિલાઓ ફરીથી નિયમિત ઓવ્યુલેશન મેળવી શકે છે. અને સફળતાપૂર્વક માતૃત્વનો આનંદ માણી શકે છે. માતૃત્વ એ દરેક મહિલાની પોતાની આગવી સફર છે. જો ગર્ભધારણમાં મુશ્કેલી આવી રહી હોય તો નિરાશ થવાની જરૂર નથી. યોગ્ય સમયે યોગ્ય માર્ગદર્શન અને સારવારથી ઘણા દંપતિઓનું માતા-પિતા બનવાનું સ્વપ્ન સાકાર થઈ શકે છે. યાદ રાખો સ્વસ્થ વજન માત્ર સુંદર દેખાવ માટે નહી પરંતુ સ્વસ્થ જીવન, સુખી માતૃત્વ અને તંદુરસ્ત આવતી પેઢી માટે પણ એટલું જ જરૂરી બને છે. ■ **સંકલન : શ્રી પુષ્પક જવેરી - મો. ૮૧૨૮૮૦૫૩૧૦**

# કૃષિ સૃષ્ટિ



**હીરજી ભીંગરાડિયા**
પંચવટી બાગ, માલપરા, જી. બોટાદ
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી
અને અનેક એવોર્ડ અને પારિતોષિકોથી વિભૂષિત થયેલ છે.

# આંગણાનો ઉત્પાદક બાગ

કહે છે કે તાનસેનનું સંગીત સાંભળવા હરણાં હાજર થઈ જતાં. સંગીતની અસરની જેમ જ પ્રકૃતિની શોભા અને સુગંધની પણ માનવ મન ઉપર દર્દશામક અસર થતી હોય છે. માનવ બીજું બધું ભૂલી જઈ,એનામય થઈ જતો હોય છે. તેનું મન તેમાં તરબતર થઈ, પ્રફુલ્લિતતા અનુભવતું હોય છે. જુઓને, રાત અને દિવસ અડાબીડ વગડે કામ કરનાર શ્રમિક કે ખેડુત થાકેલ જણાયો છે ક્યારેય? માનો, ન માનો, પણ એની પાછળનું કદાચ આ જ રહસ્ય હોઇ શકે. પળે પળે પરિવર્તન દેખાડતી આ પ્રકૃતિની વચ્ચે જ સતત રહેવાનું થતું હોવાથી, તેને પોતાને તો ખબરે ય ન પડે તેમ, પ્રકૃતિની શોભા,સુગંધ અને વાતાવરણમાંથી ઊભા થતા સંગીતનો એક પ્રકારનો લય - ત્રણેના સહવાસનો કેફ જ એને રહેતો હોવો જોઇએ.

ઘર આંગણાંના બાગના છોડવા સુગંધ, અને શોભા આપવાની સાથે સાથે આરોગ્યાદિક સેવા અને થોડુંકેય સાત્વિક ખોરાકી વજન આપવામાં ફાળો આપી શકે, તો તો છોગું ચડી જાય આંગણબાગની કીર્તિ માથે ! આહા...હા ! સુગંધ, શોભા અને આહાર ! ત્રિવિધ ત્રેવડનો ત્રિવેણી સંગમ ! મન અને શરીર બન્નેની ખેવના ! આ શક્ય છે હોં ! બહુ દૂર લેવા જવું પડે એમ પણ નથી. આપણી આસપાસમાં જ, આપણાં જ પર્યાવરણમાં થઈ શકે તેવી કેટલીય વેલીઓ, કેટલાય છોડવાઓ અને શ્રુપ ટાઇપનાં ઝાડવાઓ-કેટલાંક આરોગ્ય વિષયક, તો કેટલાંક પોષણ વિષયક ઉપયોગિતા પૂરી પાડવાની ત્રેવડ ધરાવનારાં છે.

મકાનોનાં આંગણાં દરેકનાં સરખાં હોતાં નથી. જેવી જેની અનુકૂળતા એ પ્રમાણે ફૂલછોડ, જડીબુટ્ટી છોડ, શૃપ અને સાથમાં નાનાં કદનાં ફળઝાડ-આવું કંઇક મિશ્ર આયોજન કર્યું હોય તો ?

**(૧) આંગણામાં ખુલ્લી જગ્યા જ ન હોય તેવાં મકાનોમાં :** જેને બિલકુલ ફળિયું જ નથી તેવાં મકાનોમાં આપણે વનસ્પતિને વસવાટ કરાવવો હોય ત્યારે માત્ર કૂંડાનો જ આશરો એ એકમાત્ર ઉપાય ગણાય. જ્યાં થોડો પણ સૂર્યપ્રકાશ આવી શકે તેમ હોય એવી બારીની ધારે કે આગળ ઝૂલાવેલ રવેશની નાની પારાપેટ પર, કે છેવટ અગાસી ઉપર જવાના દાદરની ધારે, અરે ! મકાનને જો ખૂલ્લી અગાસીની સગવડ હોય તો આવી બધી જગ્યાઓ પર કૂંડાઓ મૂકી તેમાં આવી વિવિધ વનસ્પતિ ઊગાડી શકાય. દા.ત.

**તુલસી :** રામ અને શ્યામ બન્ને તુલસી કૂંડામાં થઈ શકે. બન્ને ગુણકારી. ઘરનું વાતાવરણ ચોખ્ખું રાખવાનું કામ તેનું. તેના પાનનું સેવન બહુ જ ગુણકારી. એટલે જ તે પવિત્ર છોડ ગણાયો છે. **અરડૂસી :** પૂરતી જગ્યા હોય તો છોડ મોટો થાય, પણ કૂંડામાં પણ થઈ શકે. રોપો લાવવાની જરૂર નહી. લીલીડાળીનું કટીંગ ચોટી જાય. રક્તપિત્ત,ક્ષય અને ઉધરસની ઉત્તમ દવા છે. **લીલો અજમો :** દળવાળા અને બારીક રૂંવાટીવાળા પાનને દબાવતાં જ અજમો પ્રસન્ન પ્રસન્ન,સુગંધની શેડ્ય વછૂટે ! કૂંડામાં લીલાંપાન-ડાંડલીની સરસ શોભા. ઈચ્છા થાય ત્યારે કે સળેખમ-શરદી હોય ત્યારે પાનનાં ભજિયાં બનાવી ખવાય. ડાંડલીજ ચોપાય. **અળવી :** કૂંડામાં પાનની શોભા તિલકતુલસી જેવી. મોંઘા મહેમાન-વેવાઈ વળોટના આગમન વખતે પાંદને લોટ સાથે બીડું વાળી તળી લેવાના. પરોણાગત સરસ થાય તેના પાતરાથી. **કુમ્કવાટ લીંબું :** લીંબુંવર્ગમાં જાતોનો પાર નથી. આ નાના લીંબુનો નાનો રહેતો છોડ સરસ સુગંધી સરબત થાય તેવાં ફળો આપે છે. કલમ નર્સરીઓમાંથી મળે. મોટા ઝાડનું બચ્ચું હોય તેવો જ દેખાવ,એટલે શોભાય ખૂબ સરસ, જાણે બોનસાય કરેલ લીંબુડી જ જોઇલ્યો ! **લીલીચા :** બાજરીના પાન જેવાં જ તેનાં પાન.પણ ચોળતાં મસ્તાની સુગંધ અંદરની ! તુલસીના પાનની જેમ આ છોડના પાન ચા બનાવવામાં વપરાય. અને દેખાવ તો સરસ છે જ ! **મરવો અને તકમરિયા** બન્ને દેખાવે લગભગ સરખા. પણ સુગંધ અને ઉપયોગ અલગ અલગ. મરવાના પાનનો રસ કાનના દુઃખાવામાં અક્સીર અને તકમરિયાનાબીજને સાકર સાથે પલાળી સરબત પીવાથી ગરમીમાં પૂરી રાહત મળે છે. ઉપરાંત **કુંવારપાઠું, રતવેલિયો, અઘેડો, પાણાફાડ, નાગફણી, વિક્સતુલસી, ફુદીનો, લસણવેલી, નાગરવેલ, લાલ અને સફેદ બારમાસી, ઈરેનથીમંમ બાયકલર** જેવા ઔષધીય છોડવા ઉગાડી શકાય છે. શિહોરમાં મારી નાનીબહેન વિમળા (મો.૯૪૨૯૬૩૮૮૯૦)એ જીરો આંગણાંવાળા મકાનમાં-માત્ર કુંડામાં જ કેટલીય જાતની શોભા,

# કૃષિ સૃષ્ટિ

સુગંધ અને ઔષધીય ઉપયોગવાળી વનસ્પતિ જે રીતે ઉગાડી છે, એ જોવા જેવું છે.

**(૨) નાનાં આંગણાવાળા મકાનોમાં :** ઉપર જણાવ્યા તે બધા જ છોડવા જેમ કૂંડામાં થઈ શકે,તેનાં કરતાંયે આંગણાની જમીનમાં રોપ્યાં હોય તો બમણા જોરથી બળ કરે અને આપણી સેવા કરે. તે બધાને વ્યવસ્થિત રીતે જમીનમાં લગાડાય અને વધારામાં થોડી જગ્યા વધી હોયતો એક ખૂણામાં લગાડાય **મીઠી લીમડી :** લીમડો તો કડવો જ હોય ને ? પણ ના, એવું નથી. આ લીમડી ભલે ગળી ન હોય, મોળી છે, તૂરી છે, પણ સુગંધ તેની સૌને ભાવે તેવી છે. છોડ પોતે પણ મધ્યમ કદનો ઘેરો લીલો-રૂપાળી અદાવાળો અને દાળ-કઢીનો મસાલો બને તેવા પાંદ. પાંદડાંનો જથ્થો વધુ થઈ જાય તો બજારમાં કિંમત પણ મળે.એ વવાય,બીજું અત્યારની કૌટુંબિક રોજીંદી જરૂરીયાત છે એવું ફળ લીંબુ આપતી લીંબુડી અને જેનાં પાંદ,ફૂલ અને શીંગ-ઉપયોગી એવો સરગવો પણ વવાય

**(૩) જો આંગણું વિશાળ હોય તો :** દરેક આવાસના આંગણાંનો નકશો અને સિચ્યુએશન નિરાળા જ હોવાનાં. એટલે આંગણું કહે તેમ છોડ, વેલાને ફળવૃક્ષની વાવેતરમાં ગોઠવણી કરવાની. ધ્યાન માત્ર એટલું રાખવાનું કે એકબીજાની છાંય એકબીજા પર ઓછી પડે-દરેકને સૂર્યપ્રકાશ પુરતો મળી રહેવો જોઇએ.

**(અ) ઓંશરી (પડસાળ)ની કોરે =** ઓંશરીની કિનારી પર કુંડા ગોઠવી, તેમાં જુદા જુદા દેખાવના કેક્ટર્સ અને ફૂલછોડની સાથમાં એક મૂકી એક કુંડામાં અજમો, અરડુસી, લીલી ચા, આદુ, તુલસી, મરવો. તકમરિયા, અળવી, ફુદીનો, પાણાફાડ, બ્રાહ્મી જેવા છોડવા ઉગાડી દીધા હોય તો શોભાની સાથોસાથ ઘરગથ્થુ જરુરિયાતોમાં પણ સાથ મળતો થઈ જાય છે.

**(૨) મકાનના નેવાં નીચે =** નળિયાં વાળું મકાન હોય તો નેવાની ઉંચાઇએ અને સ્લેબ વાળું હોય તો આગલા છજાની ઉંચાઇ જેટલે, જ્યાં સૂર્યનો પ્રકાશ ભરપૂર આવતો હોય છે ત્યાં બે ત્રણ લોખંડના તાર બાંધી દીધાં હોય તો કેટલીક વેલીઓ શોભા ઉપરાંત કુટુંબની જરુરિયાતોમાં ફાળો નોંધાવી જાણે છે. દા. ત. લાલ-લીલી અને કાળી-ત્રણ રંગનાફળોની લૂમો ઝુલાવતી દ્રાક્ષનીવેલી. લીલો વેલો ને રંગીન ફૂલો, ઉત્તમ શાકનું યોગદાન આપનારી વાલપાપડી (વાળોળ) વેલ, અરે ! ટીંડોરી અને કંટોલી ઉપરાંત જૈનો માટેના ખાસ શાક માટેની બટેટાવેલીને પણ નેવા નીચે રોપણી કરી, ઉંચેથી કંઇક ને કંઇક ઉપયોગી હેતુ સિધ્ધ કરનારા મિત્રો છે મારી જાણમાં ! આપણે પણ આમાંથી કોઇ એક કે બે વેલીને જરુર આશરો આપી શકીએ. અને પડસાળની કોરે,એટલે કે પ્લીંથના ચણતરને અડીને દોઢે-બે ફૂટની પટ્ટીમાં પારવા પારવા ગુલાબ, ડોલર, જાસુદ જેવાની વચ્ચે વચ્ચે જીનિયા,તનમનિયા, મરઘામાંઝર, જેવા, જાતજાતના રંગીન ફૂલવાળા છોડવા જગ્યાના પ્રમાણમાં રોપી દેવાય

**(૩) દરવાજો - પ્રવેશદ્વાર હોય ત્યાં =** દરવાજા પર લોખંડ કે લાકડાની કમાન બનાવી, તેના પર બોગનવેલી, કૃષ્ણવેલી, કે ચમેલી જેવી કોઇ વેલી ચડાવતા હોઇએ, એની સાથે સાથે બગલમાં જો જીવંતી (ખરખોડી) લગાડી દીધી હોય તો જામો પડી જાય ! તેના પાન,ફૂલ, ફળ અને કુણાં ડોકાં-બધું જ ખવાય. સ્વાદ સરસ, અને ડાયાબીટીસ,તથા આંખના દર્દોનું ઉત્તમ ઔષધ ! એવી જ વેલી છે પોઇવેલી. દેખાવમાં લાલ-લીલી ઝાંયવાળાં પાનાં, વેલોએ લાલ અને ડોડવાએ રંગીન, સરસ દેખાવ અને ઇચ્છા થાય ત્યારે પાનને અજમાની જેમ લોટમાં રગદોળી, તળી નખાય, બની જાય ભજિયાં ! અરે ! લસણવેલી વળી લીલાં પાન માર્ફતે ઉત્તમ એવી લસણની કુદરતી સુગંધ આપવાની ત્રેવડ ધરાવનારી વેલ છે. જેની ઇચ્છા થાય તેને ઉછેરી શકાય.

**(૪) કંપાઉંડ વોલને અડીને =** વિદ્યાર્થીઓની પી.ટી.ની તાલીમમાં જેમ ઉંચાઈ પ્રમાણે ક્રમસર, લાઇનબધ્ધ ઊભા રખાતા હોય છે તેમ દિવાલથી અમુક અંતર અંદરની બાજુ બે-ત્રણ હરોળમાં વાવેતર કરવું જોઇએ. (અ)....દિવાલને અડીને છેલ્લી હરોળમાં વેલાવાળા શાકભાજી-તૂરિયાં, ગલકાં, કારેલી, દૂધી જેવાનાં બીજ લગાડાય. જે મોટાં થતાં જરા આધાર આપવાથી દિવાલે ચોટીને ટીંગાય જાય.(બ)....એની આગલી હરોળમાં ઉંચા થતા શાકભાજીના છોડ-રીંગણી, ટામેટી, મરચી, ભીંડો, ગુવાર જેવાની વચ્ચે પાછા વરિયાળી, સૂવાદાણા, ઢેબલીતૂવેર જેવા છોડની રોપણી શો અને શાકભાજી બન્ને હેતુ બર લાવવા શક્તિમાન છે. અને (૩)....એનાથી આગલી હરોળમાં ગલગોટા, જીનિયા,

# કૃષિ સૃષ્ટિ

તનમનિયા, જેવા નાના રહેતા વિવિધ રંગના છોડ લગાડી દેવાય.

અને જો અતિ વિશાળ જગ્યા હોય તો એવાં ઘણાં ફળઝાડ છે કે જેને વચ્ચે વચ્ચે લગાડી દીધા હોય તો ઉપરના માળનો સૂર્યપ્રકાશ તે વાપરી શોભા અને ફળો રૂપી સાત્વિક આહાર પણ આપે. દા.ત.સીતાફળી, લીંબુડી, દાડમી, જામફળી, મોસંબી, સરગવો, બદામડી, શેતૂરડી, કલમીઆંબો, અંજીર,. જેવા પ્રદેશને અનુકૂળ એવા મધ્યમ કદનાં ફળઝાડોને રોપી શકાય.અરે! અમે ફળિયામાં ઉગેલા દેશી બોરડીના એક થડિયાં પર ગોલા,ઉમરાન, સેબ અને એપલ.-ચાર જાતનાં, બધાં મળી આગળ પાછળ પાક્યે રાખતાંગાડીએક બોર ખાઇએ છીએ અને સંબંધીઓને ખવરાવીએ છીએ.

**(૫) પાણી વધુ નીકળતું હોય ત્યાં =** સ્નાનઘર કે કપડા ધોવાની ચોકડી પાસે પાણી નીકળવાનું પ્રમાણ સહેજે વધુ રહેવાનું.ત્યાં લીંબુડી ન ફાવે, પણ ત્યાં ક્યારો બનાવી અળવીના બચલાં અને કેળ ના બે પીલા લગાડી દીધા હોય તો, કેળ તો ઉત્તમ શોભા અને ફળો ઉપરાંત તેના થડના રસમાંથી પાપડ સરસ બને. અરે ! પપૈયાનો છોડ પણ દેખાવે રૂડો રૂપાળો અને ફળો આપે કીલોની નહીં, મણની ગણતરીમાં હો ! પૌષ્ટિક ખોરાકની ગાંસડી જ બાંધી લ્યો ને ! એવું જ બે-ચાર કાતળાં શેરડીનાં ચોપી દીધાં હોય તો સાંઠાનો ઘેરો થાય બળુકો, જેના પર બાળકોનું વહાલ હોય બીજી ભાત્યનું !

**અંતે કહેવાનું =** એટલું જ કે આ વાત થઈ તે છોડ,વેલાને ઝાડવાં-બધાં જ ના લગાડી શકીએ, પણ આપણાં મકાનના આંગણાંના પ્રમાણમાં શક્ય હોય તેટલાને જો વસાવી શકીએ તો અનેક હેતુઓ પાર પડી રહે છે. આપણાં કુટુંબના સભ્યોને વનસ્પતિ સાથેનું-કુદરત સાથેનું તાદાત્મ જળવાઇ રહે, થોડોઘણો શરીરશ્રમ ચાલુ રહે, બાળકોને જીવંત શિક્ષણ મળે, અને તન અને મનની તંદુરસ્તીની ચિંતા ટળે એ મૂળ વાત છે. એટલે આમાંથી સિધ્ધ થતાં હેતુઓનું રૂપિયા-આના-પાઈમાં ગણીએ તો ખાસ વજન ના નીકળે, પણ તેની સાથેના તાદાત્મથી, તેના સહવાસથી મળતો આનંદ, તથા “આપણી જાત મહેનતના અને આપણાં આંગણાંનાં ફળ-શાકભાજી છે”, તે જાતનો આપણને મળતો સંતોષ એ શું નાની સૂની વાત છે !

મો. ૯૩૨૭૫૭૨૨૯૭

(અનુ. પેઈજ ૩૬ નું શરૂ)

## આંદામાન - નિકોબાર

**દિવસ - ૪ :** વહેલી સવારે ૫-૦૦ વાગે પોર્ટબ્લેયરથી ૯ કિ.મી. દુર આવેલ હેવલોક જવા માટે શિપ દ્વારા પ્રયાણ, શિપની મુસાફરી દરમ્યાન દરિયાઈ સૃષ્ટિનો આનંદ સવારે ૯-૦૦ વાગે હેવલોક જયાં વિશ્વાના પ્રતિનિધિ દ્વારા સ્વાગત અને ત્યાંથી હોટલ ઉપર જવા પ્રયાણ, ચા-નાસ્તા બાદ રાધાનગર બીચ ની મુલાકાત દરિયાઈ સ્નાનનો આનંદ, સાંજે હોટલ ઉપર પરત કેમ્પફાયર અને અને હાઉસી ગેમનો આંનદ ભોજન,

**દિવસ -૫ :** સવારે ૮-૦૦ વાગે હોટલ ચેક-આઉટ અને ચા-નાસ્તા બાદ સવારે નવ વાગે બોટ દ્વારા પોર્ટબ્લેયર જવા પ્રયાણ, બપોરે ૧-૦૦ વાગે પોર્ટબ્લેયર ભોજન અને દરિયા કિનારાના આવાસમાં રોકાણ તથા લોકલ સાઈટ સીન.

**દિવસ -૬ :** સવારે ચા-નાસ્તા બાદ આઈલેન્ડટુર જેમાં રોઝ આઈલેન્ડ, વાયપર આઈલેન્ડ અને કોરલ આઈલેન્ડની મુલાકાત. દરિયાઈ સ્નાનનો અને દરિયાઈ જીવસૃષ્ટિ નિહાળવાનો આનંદ સાંજે પરત ભોજન અને આરામ. (એક જોડી કપડાં, દરિયામાં નાહવા કોસ્ચ્યુમ, ટુવાલ વગેરે અલગબેગમાં પેક કરવું.)

**દિવસ -૭ :** સવારે ચા-નાસ્તો અને સ્વેચ્છા વિહાર ભોજન બાદ ખાસ વાહન દ્વારા વન્ડુરની મુલાકાત. જયાં ગાંધી મ્યુઝિયમ અને પ્રાકૃતિક સૌંદર્યયનો આંનદ, સાંજે પરત-ભોજન-આરામ. (વન્ડુર જતા પ્રવાસીએ વધારાનો ડ્રેસ સાથે રાખવો.)

**દિવસ -૮ :** વહેલી સવારે ૩-૩૦ વાગે પોર્ટબ્લેયરથી ૧૨૫૫ કી.મી.દૂર આવેલ બારાટંગા આઈલેન્ડની મુલાકાત જંગલવિસ્તારમાં આદિવાસી માનવોની ઝાંખી અને બોટ દ્વારા મડવાલ્કેનોની મુલાકાત અને પોર્ટબ્લેયર જવા પ્રયાણ.

**દિવસ -૯ :** સવારે ચા-નાસ્તન બાદ સ્પેશ્યલ રૂમનું ચેક આઉટ અને સ્વેચ્છા વિહાર.શોપિંગ સવારે ૧૦-૩૦ વાગે એરપોર્ટ જવા રવાના અને બપોરે ૧૨-૦૦ વાગે ઉપડતી ફલાઈટ દ્વારા પોર્ટબ્લેયર જવા પ્રયાણ બપોરે ૨-૩૦ વાગે ચેન્નાઈ આગમન અને આરામ તથા ખરીદી.

**દિવસ -૧૦ :** પ્રવાસ આયોજકના સૂચન અને તિરૂપતીના દર્શનની અનુકળતા પ્રમાણે ચેન્નાઈથી તિરૂપતી જવા પ્રયાણ અને દર્શન બાદ ચેન્નાઈ પરત .

મો. ૯૪૨૭૪ ૯૫૧૭૫



ગિરા પિનાકીન ભટ્ટ
લેખિકા : સુપ્રસિદ્ધ બાળ સાહિત્યકાર
અને દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા



સંપાદક :
ડો. ભગીરથ કે. પટેલ
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને
ઈનીશીયેટીવ કમિટી, સંપાદક
બાળકોના ચાહક અને પ્રેરક છે.

# અભિમાની ટામેટું

ઘમંડી ટામેટું હંમેશા બીજાના રૂપ-ગુણની નિંદા કર્યા કરતું. પોતે સૌથી સુંદર છે. બધામાં શ્રેષ્ઠ છે. વળી, રૂપાંળું છે. ગુણોથી ભરેલું છે. એવા અભિમાનમાં છલકાંતુ રહેતું. હંમેશા બીજા શાકભાજીને ઉતારી પાડે, વગોવે અને માત્ર પોતાના જ ગુણગાન ગાયા કરે.

દૂધી, બટાકા, રીંગણ, વટાણા, તુવેર અને અન્ય શાક ટામેટાની 'હા'માં અને 'ના'માં 'ના' ભણી દેતાં એટલે કોઈ વિવાદ થતો નહીં. પરંતુ કારેલું એટલે કારેલું. એ ટામેટાં આગળ ઝૂકે નહીં. વળી, કોઈની હા માં હા કરવામાં એ માને નહીં ને ખોટી હા કરે નહીં.

ટામેટાએ પોતાના જ્ઞાતિબંધુઓને જણાવી દીધું કે, 'આપણે કારેલાને ત્યાં ન જવું કે... એનામાં ન ભળવું. એની સાથે કોઈ વ્યવહાર પણ રાખવો નહીં.'

કારેલાએ આ વાત જાણી તો એણે પણ સામે સંભળાવી દીધું કે 'અમારામાં ભણવા માટે તેમને કંકુ-ચોખા મૂકવા પણ આવવાના નથી, તમને ભલો તમારો મારગ અને અમને અમારો.' પરંતુ ટામેટાં કોઈ ને કોઈ વાતે મમરો મૂકે ને ખરબચડા કારેલાને જોઈને નાકનું ટેરવું ચડાવે.'

એક દિવસની વાત છે. મંગાજીની વાડે ઊગેલા કારેલાંઓને જોઈ બધાં ટામેટાં હસવા લાગ્યાં અને એકબીજા સામે આંખો ઉલાળવા લાગ્યાં. વળી, ટામેટાંઓએ તેમની ડાળીઓ અને પાંદડાંઓને કહ્યું, 'હું ગીત ગવડાવું છું. તમે બધાં મોટેથી ગાવા માંડો.'

**'કડવું ને વળી કૂબડું છે, નામ ન લેવું ગમે કોઈને, કડવી વાસનું પૂમડું છે.'** આ સાંભળી કારેલાં બોલ્યાં, 'અમે કડવાં ભલે રહ્યાં... પરંતુ મીઠોમધ રસ ધરાવતી કેરીઓ અમને કેટલું બધું વહાલ કરે છે. એમની સાથે રાખે છે. અમારા માટે એટલું જ પૂરતું છે. અમને બીજા કોઈની સલાહ જોઈતી નથી ને બીજાનો સંગ પણ



જોઈતો નથી.' આ સાંભળી ટામેટું વિફર્યું ને રાતુંચોળ બન્યું.

આ બધો વિવાદ સાંભળી આંબો બોલ્યો, 'આ વિવાદનું મૂળ છે અભિમાન, ટામેટાં, એક વાત યાદ રાખજો, કુદરતે દરેકને અલગ અલગ રૂપ રંગ, ગંધ, આકાર ને ગુણ આપ્યા છે. કારેલા બહારથી ભલે કદરૂપાં છે પરંતુ અંદર ભારોભાર ગુણથી ભરેલાં છે. એના ગુણગાન જેટલા ગાઈએ એટલા ઓછા ને એના ગુણના કારણે તો અમે જનમભરના સાથી બની રહ્યા છીએ.'

આંબાએ આ સમજણ આપી એ પછી ટામેટાં ઢીલાં પડ્યાં. વડીલ આંબાની વાત સાંભળી ટામેટાંને સમજાઈ ગયું. 'ન બોલ્યામાં નવ ગુણ' સમજી સાવ ચૂપ થઈ ગયું. વડીલ આંબાની આમન્યા રાખ્યા સિવાય છૂટકો નહોતો. તેને સમજાયું કે અન્યની નિંદા કરવાનો હક ઈશ્વરે કોઈને પણ આપ્યો નથી. તેણે સૌ આગળ વચન લીધું કે હવે પછી તે કોઈને પણ આ રીતે હેરાન નહીં કરે. ■

મો.૯૯૦૯૬ ૪૧૨૬૨

# વિશિષ્ટ સિદ્ધિ સન્માન

## તોરણિયા ગામનું ગૌરવ



તલોદ તાલુકાના તોરણિયા ગામના શ્રીમતી સરસ્વતીબેન તથા જયદેવકુમાર જંયતિલાલ પટેલની **સુપુત્રી કુમારી જીયા પટેલ** એ પોતાની અસાધારણ સિદ્ધિ દ્વારા ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. હાલ યુકે સ્થાયી થયેલા પરિવારની દીકરી જીયા પટેલ એરોસ્પેસ એન્જિનીયરીંગના અભ્યાસની સાથોસાથ યુએસએની ટાઈટન્સ સ્પેસ ઈન્ડસ્ટ્રીઝ આઈએનસીમાં પસંદગી પામી છે. જીયા પટેલની આ સિદ્ધિ તેમના પરિવાર, તોરણિયા ગામ, સાબરકાંઠા જિલ્લા અને સમગ્ર ગુજરાત માટે ગૌરવની ક્ષણ બની છે. ગામડાની ધરતી પરથી ઉડીને અંતરિક્ષના સપનાઓ સુધી પહોંચતી જીયા પટેલની સફળતાએ વૈશ્વિક સ્તરે ગુજરાતનું નામ ઉજાગર કર્યું છે. આ સિદ્ધિ બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન. મો. +447825502450

## ચાંદણકી ગામનું ગૌરવ



બહુચરાજી તાલુકાના ચાંદણકી ગામના હાલ મુંબઈ નિવાસી શ્રીમતી ધર્મિષ્ઠાબેન તથા શ્રી અરવિંદભાઈ કાશીરામ પટેલના સુપુત્ર **શ્રી સમ્વેગ પટેલે** અમેરિકાના બોસ્ટન ખાતે આવેલી વિશ્વ વિખ્યાત હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ ખાતે જુલાઈ ૨૦૨૬માં યોજાયેલ ગ્લોબલ કોલોક્વિયમમાં નરસી મોનજી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, મુંબઈનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે અમેરિકાની પ્રતિષ્ઠિત સી.એફ.એ. ની લાયકાત પ્રાપ્ત કરી છે. સમ્વેગ પટેલની આ સફળતાએ તેમના ગામ અને સમગ્ર સમાજનું ગૌરવ વધાર્યું છે. ગામડાની ધરતીથી ગ્લોબલ લેવલે મેળવેલી આ સિદ્ધિ અનેક યુવાનો માટે પ્રેરણારૂપ છે. આ સિદ્ધિ બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન. મો. ૯૭૬૫૦૦૬૬૯૪

## પી.એચ.ડીની પદવી



મૂળગામ હાથીજણ (તા.દહેગામ) હાલ અમદાવાદ (નિકોલ)નિવાસી શ્રીમતી સંગીતાબેન તથા ઈશ્વરલાલ પટેલની સુપુત્રી અને રવિકુમાર વિનોદચંદ્ર પટેલના પત્ની **ખુશી પટેલે** ગુજરાત યુનિ. માંથી એમ.એ. અને એમ.એડ.ની પદવી પ્રાપ્ત કર્યા બાદ યુરો એશિયન યુનિ. (યુરોપ)માંથી પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. વિશ્વમાં મહેંદી વિષયમાં આ પદવી મેળવનાર તેઓ પ્રથમ વ્યક્તિ હોવાનું અનોખું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિ બદલ ડો. ખુશી પટેલને ખૂબ ખૂબ અભિનંદન. મો.૮૧૨૮૧૮૩૦૦૧.

## ડો. રચના પટેલની અનેરી સિદ્ધિ



મૂળ વતન પોગલુ હાલ અમદાવાદ નિવાસી શ્રીમતી ભાવનાબેન શૈલેષભાઈ પટેલની પુત્રી તથા ચિરાગભાઈ નરેન્દ્રભાઈ પટેલના પત્ની **ડો. રચના પટેલ**ની ગુજરાત સરકારના સર્વોચ્ચ રમત-ગમત પુરસ્કાર "એકલવ્ય એવોર્ડ" માટે અમદાવાદની આંતરરાષ્ટ્રીય પેરા બેડમિન્ટન ખેલાડી તરીકે પસંદગી થઈ છે. મહાત્મા મંદિર ખાતે તેણીને ૧ લાખના રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી છે. નાનપણથી જ કોઈ બિમારીને કારણે વાંકી વળી ગયેલી કરોડરજ્જુ સીધી કરવા માટે તેણીએ ૭ સર્જરી કરાવી છે. અનેક મુશ્કેલીઓ વચ્ચે ચીનથી એમબીબીએસ પૂર્ણ કર્યું છે. રમતી વખતે સ્પાઈનનો સ્ક્રૂ બહાર આવતાં ગંભીર ઈન્ફેક્શન થયું હતું. એશિયન પેરા ગેમ્સમાં પીઠમાંથી લોહી વહેતું હોવા છતાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ અસાધારણ સિદ્ધિ બદલ ડો. રચના પટેલને ખૂબ-ખૂબ અભિનંદન. મો. ૭૫૭૪૦૧૪૭૨૪

## સરસિયા ગામનું ગૌરવ



મૂળ સરસિયા (તા.ધારી) નિવાસી શ્રીમતી રસીલાબેન તથા શંભુભાઈ જીવરાજભાઈ બાબરિયાના **સુપુત્ર નિકુંજ બાબરિયા** (એમ.ફાર્મ) એ ગુજરાત સરકાર દ્વારા લેવાયેલ જુનિયર ફાર્માસિસ્ટની પરીક્ષા સમગ્ર ગુજરાતમાં ૪૦ મા ક્રમાંકે પાસ કરી છે. આ સાથે જ સૌરાષ્ટ્ર યુનિ.માંથી લેબોરેટરી આસિસ્ટન્ટની પરીક્ષા ઉચ્ચ ગુણાંક સાથે પાસ કરી સરકારી નોકરીમાં સ્થાન મેળવ્યું છે. આ સફળતા માટે નિકુંજને ખૂબ ખૂબ અભિનંદન.

મો. ૯૧૦૬૮૮૦૯૯૭.

## કનેરીયા પરિવારનું ગૌરવ



ગામ ખાંભલા (તા.માણાવદર)ના રહેવાસી શ્રીમતી ભાવનાબેન તથા રમેશભાઈ ડાયાભાઈ કનેરિયાની **સુપુત્રી બંસી કનેરીયાએ** પારૂલ યુનિવર્સિટી વડોદરાથી બી-ફાર્મની પદવી સમગ્ર યુનિ.માં ત્રીજા રેન્ક સાથે પાસ કરી ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. ત્યારબાદ તેમણે સુભાષ યુનિ. માંથી એમ-ફાર્મની પરીક્ષા પ્રથમ ક્રમાંકે પાસ કરી છે. શૈક્ષણિક સફળતા બાદ હાલમાં તેણી ફાર્માસ્યુટિકલ ક્ષેત્રના મહત્વપૂર્ણ રેગ્યુલેટરી અફેર્સ વિભાગમાં સિનિયર એક્ઝિક્યુટિવ તરીકે કાર્યરત છે. તેમની આ સિદ્ધિએ તેમના વતન અને સમગ્ર સમાજને ગૌરવ અપાવ્યું છે. બંસી કનેરિયાની આ સિદ્ધિ બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન. મો.૯૪૨૮૩૮૪૩૦૦.

## યોગાસન ક્ષેત્રે સિદ્ધિ



અમદાવાદ (મણિનગર)નિવાસી શ્રીમતી જયાબેન તથા ભૂપેન્દ્ર જંયતિભાઈ પટેલના **સુપુત્ર દેવસ્ય પટેલ** (દીવાન બલ્લુભાઈ સ્કૂલ)ને ગુજરાત સરકારના જયદીપસિંહજી બારીયા જુનિયર એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. દેવસ્યએ યોગાસન ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. તેની આ સિદ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન. મો. ૯૪૦૮૦૮૫૧૮૫.



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

# દક્ષિણ ભારત સંગઠન મિટીંગ

આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્ર ચેતના અભિયાન તેમજ મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં પ્રજ્વલિત કરવા વિશ્વ ઉમિયાધામમાં જગતજનની મા ઉમિયાનું વિશ્વનું સૌથી ઊંચું (૫૦૪ ફુટ) મંદિરનું નિર્માણ થઇ રહેલ છે. જેમાં દક્ષિણ ભારતના સર્વે પરિવારો સહયોગી બને તે હેતુસર તા. ૨૨ થી ૨૮ જૂલાઈ ૨૦૨૬ સુધી સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી શ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ તથા કો. ચેરમેનશ્રી જયંતીભાઈ પોકારે દક્ષિણ ભારતનો પ્રવાસ કરેલ. તે દરમિયાન વિવિધ શહેરોમાં મિટીંગનું આયોજન કરવામાં આવેલ...

## મિટીંગ @ સિંકદ્રાબાદ - હૈદ્રાબાદ



તા. ૨૧-૨૨, જુલાઈ,૨૬ના રોજ સિંકદ્રાબાદ - હૈદ્રાબાદ ખાતે વિવિધ સમાજના અગ્રણીઓની સંયુક્ત મિટીંગ મળી. જેમાં શ્રી શંકરભાઈ કાંતિભાઈ ભાવાણી, શ્રી જશવંતભાઈ એન. પટેલ, શ્રી કિરણભાઈ વિસાભાઈ પટેલ, શ્રી વિનોદભાઈ ફળદુ, શ્રી અમિતભાઈ અગ્રવાલ તથા પરિવારો સંસ્થાની વિચારધારાથી પ્રેરાઈ સહયોગી થવાની રુડી ભાવના વ્યક્ત કરી મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા છે. ઉપરોક્ત મિટીંગને સફળ બનાવવામાં હૈદ્રાબાદ સમાજના તમામ મિત્રોનો સરાહનીય સહયોગ રહેલ, તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

## મિટીંગ @ તિરુપુર - તમિલનાડુ





તા. ૨૪ જુલાઈ ૨૦૨૬ ના રોજ તિરુપુર ખાતે મિટીંગનું આયોજન કરવામાં આવેલ જેમાં સ્વ. ખીમજીભાઈ અરજણભાઈ છાભૈયા તથા બાબુભાઈ, લધારામભાઈ, નરસસિંહભાઈ, શંકરભાઈ, ડાહ્યાભાઈ તથા પરિવારે સંસ્થામાં સહયોગી થવાની રુડી ભાવના વ્યક્ત કરી મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા છે. જેમાં મિટીંગને સફળ બનાવવામાં શ્રી શંકરભાઈ કે. ભાવાણીની મહત્વની ભૂમિકા રહેલ, તે બદલ સંસ્થા તમામનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

# પ્રવૃત્તિ અહેવાલ

## મિટીંગ @ પાલપન્નાઈ ત્રિચ્ચી







તા. ૨૫ જૂલાઈ ૨૦૨૬ના રોજ પાલપન્નાઈ ત્રિચ્ચી ખાતે સ્વ. શ્રી ખેતાભાઈ સોમજીભાઈ વાસાણી, સ્વ. ગંગાબેન નાગજીભાઈ રામાણી, શ્રી પ્રેમજીભાઈ કાનજીભાઈ રંગાણી, શ્રી દેવશીભાઈ માવજીભાઈ લીંબાણી, શ્રી ગંગદાસભાઈ દેવજીભાઈ લીંબાણી, સ્વ. ચુનિલાલ વિશ્રામભાઈ રામજીયાણી, શ્રી લલિતભાઈ માવજીભાઈ દીવાણી, સ્વ. ભાણજીભાઈ લધાભાઈ સોમજીયાણી, સ્વ. પ્રેમજીભાઈ કરશનભાઈ સાંખલા તથા પરિવાર સંસ્થાની વિચારધારાથી પ્રેરાઈ સહયોગી થવાની રુડી ભાવના વ્યક્ત કરી અન્ય માટે પ્રેરણારૂપ બની મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા છે. આ મિટીંગને સફળ બનાવવામાં તમામ મિત્રોનો સરાહનીય સહયોગ રહેલ, તે બદલ તમામને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

## મિટીંગ @ ચૈન્નેઈ





તા. ૨૬ જૂલાઈ, ૨૦૨૬ સ્વ. ડાહ્યાભાઈ વાલજીભાઈ જાદવાણી, શ્રી મૂળશંકરભાઈ શિવદાસ પટેલ (નાથાણી), શ્રી ખીમજીભાઈ/રતનશીભાઈ એમ. ભાવાણી, સ્વ. નારણભાઈ જેઠાભાઈ પટેલ (ભગત), શ્રી મોહનલાલ/હસમુખ/વિનોદ ભાવાણી, સ્વ. ચુનિલાલ દેવજીભાઈ રૂડાણી, સ્વ. નથુભાઈ મેઘજીભાઈ ભાવાણી, સ્વ. પ્રેમજીભાઈ વાલજીભાઈ પોકાર, સ્વ. તરુણાબેન નાનજીભાઈ પોકાર, સ્વ. પંચાણભાઈ ધનજીભાઈ કાલરીયા તથા પરિવાર સંસ્થાની વિચારધારાથી પ્રેરાઈ સહયોગી થવાની રુડી ભાવના વ્યક્ત કરી મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા છે. સદર મટીંગને સફળ બનાવવામાં તમામ મિત્રોનો સરાહનીય સહયોગ રહેલ, તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

## મિટીંગ @ મદુરાઈ



તા.૨૮ જૂલાઈ ૨૦૨૬ના રોજ ડિંડીગલ - મદુરાઈ સમાજના શ્રી રવજીભાઈ હંસરાજભાઈ છાભૈયા, શ્રી કરમશીભાઈ રતનશીભાઈ છાભૈયા, શ્રી કિશોરભાઈ દેવજીભાઈ પોકાર તથા પરિવાર સંસ્થાની વિચારધારાથી પ્રેરાઈ સહયોગી થવાની રુડીભાવના વ્યક્ત કરી અન્ય માટે પ્રેરણારૂપ બન્યા છે, તેમજ મિટીંગને સફળ બનાવવામાં તમામ મિત્રોનો સરાહનીય સહયોગ રહેલ, તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

## ગુરૂ પૂર્ણિમાના પાવન દિવસે "ગુરૂ પૂજન"



તા. ૨૯ જુલાઈ ૨૦૨૬ના ગુરૂ પુનમના આ પવિત્ર પ્રસંગે સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર.પી.પટેલ સાહેબ તથા હોદ્દેદારોએ સંસ્થાના માનનીય ધર્મગુરુ પૂજ્ય શાસ્ત્રીજીનું ભાવપૂર્વક ગુરુપૂજન કરાયું હતું. સાંજે ભવ્ય શિવતાંડવ આરતી અને મા ઉમિયાની દિવ્ય મહાઆરતીથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું

## સંસ્થા દ્વારા GPSC મોક ઈન્ટરવ્યૂ



તા.૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે હેઠળ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિવીલ સર્વિસીસ દ્વારા જીપીએસસી ક્લાસ - ૧ અને ૨ના ઉમેદવારોના મોક ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં VUFICSના ચેરમેનશ્રી એસ. કે. પટેલ તથા ઈન્ટરવ્યૂ એક્સપર્ટ અને ઉચ્ચ અધિકારી ડો. રવજીભાઈ ગાબાણી, ડો. જનકભાઈ ગઢવી, ડો. હિરેન કાકડીયા, ડો. અલ્પેશભાઈ પીપલીયા અને સંસ્થાના કો.ઓર્ડિનેટરશ્રી કુલદીપ પટેલ દ્વારા આગામી ઈન્ટરવ્યૂ માટે ઉમેદવારોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## કેન્દ્રીય સંગઠન મિટિંગ



તા.૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા વિશ્વ ઉમિયાધામ ખાતે સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રી આર.પી. પટેલના અધ્યક્ષસ્થાને કેન્દ્રીય સંગઠન કમિટી તેમજ જિલ્લા - તાલુકાના હોદ્દેદારશ્રીઓ, સભ્યશ્રીઓની મિટિંગનું આયોજન કરવામાં આવેલ.

# પ્રવૃત્તિ અહેવાલ

## કોર કમિટી મીટિંગ @ VUF - UK





તા. ૭ થી ૧૨ ઓગસ્ટ-૨૦૨૬, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન (VUF)ના પ્રણેતા અને પ્રમુખ શ્રી આર.પી.પટેલ સાહેબના યુ.કે.પ્રવાસ દરમિયાન, સમગ્ર યુનાઇટેડ કિંગડમમાં સંસ્થાની પ્રવૃત્તિઓને વધુ વેગવંતી બનાવવા અને સંગઠનને વધુ મજબૂત કરવાના દ્રઢ સંકલ્પ સાથે 'VUF યુ.કે. કોર કમિટી'ની એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સમાજસેવા માટે સમર્પિત આગેવાનોને મહત્વની જવાબદારીઓ સોંપી તેમનું ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું:

**શ્રી રજનીભાઈ કણસાગરા** - માર્ગદર્શક
**કાઉન્સિલર સુરેશભાઈ કણસાગરા** - ચેરમેન
**કાઉન્સિલર અંજનાબેન પટેલ** - વાઇસ ચેરપર્સન
**કેપ્ટન અરૂણ કર (નિવૃત્ત)** - વાઇસ ચેરમેન
**શ્રી જીતુભાઈ પટેલ** - વાઇસ ચેરમેન
**શ્રી મહેશભાઈ લીલોરીયા** - વાઇસ ચેરમેન
**શ્રી રશેષ પટેલ** - જનરલ સેક્રેટરી
**કાઉન્સિલર કાંતાબેન મિસ્ત્રી** - સેક્રેટરી
**શ્રી રાજુભાઈ પટેલ** - સેક્રેટરી
**કાઉન્સિલર હર્ષદભાઈ પટેલ** - કમિટી મેમ્બર
**શ્રીમતી રાગિણીબેન પટેલ** - કો-ઓર્ડિનેટર
**શ્રીમતી શ્વેતા મોહંતી** - પી.આર. અને ઇવેન્ટ કન્વીનર
**કાઉન્સિલર શ્રી અનુપ પટેલ** - યુવા કન્વીનર
**શ્રી બિભૂતિભાઈ પટનાયક** - બિઝનેસ કન્વીનર

નવનિયુક્ત તમામ હોદ્દેદારો અને કમિટીના સભ્યોને હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ. સંસ્થાને પૂર્ણ વિશ્વાસ છે કે શ્રી આર. પી. પટેલ સાહેબના કુશળ માર્ગદર્શન અને આપ સૌના નેતૃત્વ હેઠળ VUF યુ.કે. સમાજમાં એકતા, સાંસ્કૃતિક સંસ્કારોનું જતન અને જનસેવાના કાર્યો થકી અવિરત પ્રગતિના નવા શિખરો સર કરશે. આ સમગ્ર પ્રવાસમાં ગ્લોબલ બિઝનેસના કન્વીનર ચિંતન પનારા સાથે રહ્યાં હતાં.

## UKના યાદગાર સંસ્મરણો





વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન (VUF)ના પ્રણેતા અને પ્રમુખ શ્રી આર. પી. પટેલે યુ.કે. પ્રતિનિધિમંડળ સાથે ચિસલહર્સ્ટ સ્થિત **'ધ લોટસ ટેમ્પલ'**ની મુલાકાત લઈ સનાતન ધર્મના સંવર્ધન કાર્યોની માહિતી મેળવી હતી. આ સાથે તેમના માર્ગદર્શન હેઠળ યુ.કે.માં સનાતની પરિવારોની સેવા માટે વિવિધ વિસ્તારોમાં નવા ચેપ્ટર લીડ્સ (દીપુ પટેલ, મિત્તલ ચૌહાણ, ડોલી પટેલ, આનંદ પટેલ) તથા સમગ્ર ઈસ્ટ ઈંગ્લેન્ડમાં **'મહિલા સશક્તિકરણ પ્રોજેક્ટ'**ના વડા તરીકે સીમા પટેલની નિમણૂક કરવામાં આવી હતી.

# પ્રવૃત્તિ અહેવાલ

## વિશ્વ ઉમિયા સારસ્વત પરિષદ ચિંતન મિટીંગ







તા.૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ વિશ્વ ઉમિયા સારસ્વત પરિષદની મિટીંગ શ્રી મફતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં સંસ્થા દ્વારા પ્રકાશિત થનાર ધાર્મિક પુસ્તકો અંગે ચર્ચા વિચારણા થઈ હતી. શ્રી મફતભાઈ પટેલે યુકે તથા યુએસએના સંસ્થાકીય પ્રવાસે જનાર સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબને શાલ ઓઢાડી, શ્રી ઈશ્વરભાઈ ઓઝા તથા પ્રિ. સોમાભાઈ પટેલે પુસ્તક અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પરિષદમાં અજીતભાઈ દેસાઈ, પ્રો. ડો. જે. એમ. પનારા, ડો. ભાવેશ જેતપરિયા, ગિરા પિનાકીન ભટ્ટ, ભૂપેન્દ્રભાઈ ધોળકિયા, પ્રા. હર્ષદભાઈ તથા ઋત્વિ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## યુવા સંગઠન મિટીંગ @ VUF







તા. ૨૨, ઓગસ્ટે વિશ્વ ઉમિયાધામ ખાતે પ્રમુખ શ્રી આર. પી. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ પશ્ચિમ અમદાવાદ યુવા સંગઠનના કાર્યકર મિત્રોની મિટિંગનું આયોજન થયું હતું. અમદાવાદ પશ્ચિમના ચેરમેન તરીકે મહેશભાઈ પટેલને પદભાર અર્પણ કરવામાં આવ્યો. આવનાર દિવસોમાં સોસાયટી સુધીનું સંગઠન પશ્ચિમ અમદાવાદ વિસ્તારમાં પૂર્ણ કરવાના ઉદ્દેશ સાથે દરેક વોર્ડના મિત્રોએ સંકલ્પ લીધો હતો. મિટિંગમાં ચાંદલોડિયાના કોર્પોરેટર ભાવેશભાઈ પટેલ અને એમની ટીમ વિશેષ ઉપસ્થિત રહી હતી.

## બહુચરમાતાજીના આનંદના ગરબનાનું આયોજન





તા.૧૨, ઓગસ્ટ, અષાઢ માસની અમાસના પવિત્ર દિવસે વિશ્વ ઉમિયાધામ ખાતે બહુચર માતાજીના આનંદના ગરબાનું આયોજન શ્યામા મંડળ, નારણપુરા - અમદાવાદના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે ભજન-સત્સંગ મંડળની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું.



**ડો. રૂપલબેન પટેલ**
સમાચાર સંપાદિકા

## સોસાયટી સંગઠન મિટીંગ @ વૈષ્ણોદેવી એરિયા









જગતજનની મા ઉમિયાના વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ ભવ્ય મંદિર નિર્માણમાં દરેક પરિવારની આસ્થા અને સહભાગિતા જોડાય અને સનાતન ધર્મના પવિત્ર સંકલ્પને સાકાર કરવા તેમજ વૈષ્ણોદેવી વિસ્તારમાં સંસ્થાનું સંગઠન વધુ મજબૂત બને તેવા ઉદ્દેશ્યથી સંસ્થાના મહિલા સંગઠન ચેરપર્સનશ્રી ડો. રૂપલબેન એ. પટેલના અધ્યક્ષસ્થાને વૈષ્ણોદેવી વોર્ડના હોદ્દેદારશ્રીઓની વિશેષ ઉપસ્થિતિમાં વેસ્ટર્ન સ્પર્શ, સ્કાય લીફ, સ્વર્ણિમ ધરતી, અથર્વ એબોડ, રોયલ ગ્લોરી, કેશવ સમૃદ્ધમ, શિવ ગણેશ, ગણેશ હાઈટ્સ, પાર્કવ્યુ કદમ સહિતની અનેક સોસાયટીઓના ભાઈઓ-બહેનો સાથે સંવાદ યોજાયો. સંગઠિત સમાજ, સશક્ત પરિવાર અને સનાતન સંસ્કારોના સંકલ્પ સાથે સૌ એકસાથે મળી આગળ વધવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

## દક્ષિણ ગુજરાત સંગઠન મીટીંગ





તા. ૧૨ થી ૧૪ ઓગસ્ટ-૨૬ના રોજ સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રી આર. પી. પટેલના માર્ગદર્શન હેઠળ દરેક રાજ્યમાં સંગઠનની રચના થઈ રહી છે, તે અંતર્ગત સંસ્થાના ઉપપ્રમુખ એવમ કેન્દ્રીય સંગઠન ચેરમેનશ્રી ડી.એન.ગોલના અધ્યક્ષ સ્થાને તેમજ, મંત્રીશ્રી દામોદરભાઈ બી. ભાવાણી, વાઈસ ચેરમેનશ્રી પ્રવિણભાઈ બી.પટેલ, શ્રી વિવેકભાઈ એન.પટેલ, મહામંત્રીશ્રી સંજયભાઈ ડી. પટેલ, સભ્યશ્રી શંકરભાઈ પટેલ, દ. ગુ. ઝોન પ્રભારીશ્રી સુરેશભાઈ એ. પટેલ, સુરત શહેર મહામંત્રીશ્રી રમેશભાઈ વી.પારસિયાની વિશેષ ઉપસ્થિતિમાં દક્ષિણ ગુજરાતના વલસાડ ,વાપી ,નવસારી ,સુરત શહેર - જીલ્લા મીટીંગનું આયોજન કરવામાં આવેલ. સદર મીટીંગમાં સંસ્થાના દાતા - ટ્રસ્ટીશ્રીઓ, સંગઠનની તમામ પાંખના જીલ્લા - શહેરના પ્રભારી ,ચેરમેન ,મહામંત્રીશ્રીઓ તેમજ કાર્યકર્તા ભાઈઓ - બહેનોની ઉપસ્થિતિમાં તાલુકા, ગ્રામ્ય અને શહેરના દરેક સનાતની પરિવારો મંદિર નિર્માણ કાર્યમાં સહભાગી બની સંગઠન વધુ મજબુત બને તે અંતર્ગત ચર્ચા કરવામાં આવેલ.



# ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી @ VUF











તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના પાવન અવસરે વિશ્વ ઉમિયાધામ ખાતે યોજાયેલ ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને સફળ અને યાદગાર બનાવવા માટે ઉપસ્થિત રહેલા તમામ મહાનુભાવો, આગેવાનો, કાર્યકર્તાઓ, સેવાભાવી ભાઈઓ-બહેનો તથા તમામ રાષ્ટ્રપ્રેમી નાગરિકોનો વિશ્વ ઉમિયાધામ પરિવાર હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

આ પ્રસંગે ઉપસ્થિત ધ્વજવંદન કર્તા **શ્રી એચ. આર. પાંડેજી - અદાણી સિમેન્ટ**, અધ્યક્ષશ્રી પ્રહલાદભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી દિપકભાઇ પટેલ, શ્રી ડી,એન. ગોલ, શ્રી કાંતિભાઈ પટેલ- ખજાનચીશ્રી, શ્રી મહેનભાઈ ઓઝા તથા શ્રી જીતેન્દ્રભાઈ એમ. નિમાવત (પ્રમુખશ્રી માજી સૈનિક સેવા ફાઉન્ડેશન) તેમજ દાતાશ્રીઓ, તમામ સંગઠનના મિત્રો, સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લિધેલ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ, સહયોગ અને ઉત્સાહથી કાર્યક્રમની ભવ્યતા અનેકગણી વધી અને રાષ્ટ્રભક્તિ સાથે મા ઉમિયાની ભક્તિનો દિવ્ય સંગમ સર્જાયો હતો. શ્રી પ્રહલાદભાઈ પટેલ તથા શ્રી પાંડેજીએ આઝાદી માટે શહીદ થયેલા દેશભક્તોને યાદ કરી આઝાદીને સફળ બનાવવાનો મર્મ સમજાવ્યો હતો. જાસપુર હાઈસ્કૂલ તથા નરોડા હાઈસ્કૂલની બાળાઓએ દેશભક્તિ નૃત્યની પ્રસ્તુતિ કરી હતી.


જગતજનની મા ઉમિયાના આશીર્વાદ રૂપી
આર્થિક સુરક્ષા કવચ એટલે રૂ.10લાખનું ઉમાછત્ર
Vishv UMIYA Foundation
₹10
પરિવારને આપો
લાખની
આર્થિક સુરક્ષા
01
વિકલ્પ-1 અવિચલ
એક સાથે એક જ વખતે
રૂ.31000/- યોગદાન
55 વર્ષની વય સુધી લાભ
02
વિકલ્પ-2 અવિરત
પ્રારંભિક રૂ.4000 અને
વાર્ષિક રૂ.2000/-
આસપાસ યોગદાન
55 વર્ષની વય સુધી લાભ
ઉમાછત્રમાં ઓનલાઇન સભ્ય થવા માટે
https://umachhatra.vuf.org
સંસ્થાની વેબસાઇટ: www.vuf.org ઉપર જઈને Umachhatra Portal પર ક્લીક કરી ઉમાછત્ર
ઓનલાઈન અરજી કરી સભ્ય બની શકાશે.
વધુ માહિતી માટે સંપર્ક - મો. +91 75750 03316
મુખ્ય કાર્યાલય-વિશ્વ ઉમિયાધામ - જાસપુર , વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ. જી. હાઇવે, અમદાવાદ - ૩૮૨૭૨૧
+91 72020 80333/222
contact@vuf.org
www.vuf.org

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025
Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721



siban

Residential & Retail Spaces

At GIFT City

www.gujrera.gujarat.gov.in/MAA14625



સંજયભાઈ પટેલ

(વિસલપુર)

Sales executives

+91 99743 52727



THE CITADEL
COMMANDING THE CITYSCAPE

RETAIL AND OFFICE SPACES

AT ISCON AMBLI ROAD

PR/GJ/AHMEDABAD/DASKROI/AHMEDABAD MUNICIPAL CORPORATION/CAA14269/171024/311229
GUJRERA.GUJARAT.GOV.IN